કુમાર


સંસ્થાપક · રવિશંકર રાવળ

વર્ષ ૪૭મું · અંક ૧૧મો · માહે નવેમ્બર · ઈ. સ. ૧૯૭૦

સળંગ અંક

૫૬૩

તંત્રી · બચુભાઈ રાવત



ખોળાનો ખૂંદણહાર

શિલ્પ: રસિકલાલ પરીખ, જેમને ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમીના વર્ષના માન-પુરસ્કાર એનાયત થનાર છે.



વિસામો

ચિત્રકાર · સોમાલાલ શાહ

કુમાર

નવેમ્બર ૧૯૭૦ • અંક ૫૬૩

તંત્રી: બચુભાઈ રાવત ∞ ઉપતંત્રી: બિહારીલાલ ટાંક

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ: રૂ. ૧૭-૦૦, પરદેશ : રૂ ૨૮; શિ૦ ૩૦; ડૉ. ૪. છૂટક નકલ : રૂ ૧-૭૫

અંતઃસ્રાવી ગ્રંથિઓ

કાયા-કરામત-૩૨



નીચી કક્ષાનાં પ્રાણીઓમાં નાડીતંત્ર નથી હોતું. એમના જીવનની બધી ક્રિયાઓનું નિયંત્રણ અંતઃસ્રાવી ગ્રંથિઓના સ્રાવ દ્વારા થાય છે. પણ માનવશરીરમાં એમનું કાર્ય વિશિષ્ટ છે. માણસનાં વૃદ્ધિ અને વિકાસ, વર્તન અને મનોભાવ વગેરે પર પણ એનો પ્રભાવ પડે છે. આ સ્રાવો 'હૉર્મોન્સ'ના નામે પણ જાણીતા છે. શરીરમાં એનું પ્રસારણ નલિકાઓ દ્વારા ન થતું હોઈ એની ગ્રંથિઓ નલિકા વિનાની –'ડક્ટલેસ ગ્લૅન્ડસ' તરીકે જાણીતી છે. હૉર્મોન્સનું પ્રમાણ ઘણું ઓછું હોઈ એની ગ્રંથિઓનાં કદ પણ એ મુજબ નાનકડાં જ છે. એક ગ્રંથિનો સ્રાવ બીજી ગ્રંથિને અને બીજીનો કોઈ ત્રીજી જ ગ્રંથિને સ્રવવા પ્રેરે છે. ગ્રંથિમાંથી પેદા થઈ સીધા લોહીની સાથે જ ભળી જઈને સમગ્ર શરીરમાં ફેલાઈ જવા છતાં જે વિશિષ્ટ કાર્ય પર તેનો પ્રભાવ હોય તેના અંગ પર જ તેની અસર થાય છે, અને શરીરની અંદરની સ્થિતિ ને ફેરફારો સામે તેઓ એક અખંડ એકમ તરીકે કામ કરી શકે છે. આથી શરીરની આંતરિક સ્થિતિ એકધારી એકસરખી જળવાઈ રહે છે. અત્યાર સુધી આવી આઠ મુખ્ય ગ્રંથિઓની કામગીરી અને એના સ્રાવની અસરો વિષે સમજી શકાયું છે. એ આઠે ગ્રંથિઓ શરીરમાં ક્યાં ક્યાં ગોઠવાએલી છે તે ઉપરના આલેખમાં દર્શાવ્યું છે. શરીર પર એ દરેક ગ્રંથિની જે વિશિષ્ટ અસરો પડે છે તે વિષે આપણે હવે પછી જોઈશું.

જાઉં હું / ગમ હીરાગર

· પૃથ્વી ·

હશે સ્મરણ જેટલો ક્ષણિક તો ય સંબંધ આ
– કશોક અનુબંધ આ! મુજ સમીપ આ બેસવું
અતીત સમ આમ કારણ વિના તમારું અહીં
અબોલ બસ એક હાથ પર ગાલ ઢાળી, ઢળી
... જરાક વિખરી જવું, લટ વિખેરતાં-બાંધતાં
સકંપ સ્તનથી સહેજ સરકી પડે એમ તે
અજાણ થઈ કંપ કંપ પર મૂકવો પાલવ,
અને તરત મુગ્ધ આંખપર ઓઢવો સ્પર્શ, આ.

ક્ષણેક્ષણ અશબ્દ આ તમ સમીપતાનું વન
કબૂલ, અમને કબૂલ સહવાસની દૂરતા
– અનેક વનવાસ તે પણ કબૂલ આવા. પણ
કદાચ તમને ય સોનમૃગની ગમે કાંચળી
– સુદૂર સરતો ગમે સમય: તો કહો જાઉં હું?
કદાચ તમને ય સોનમૃગની ગમે કાંચળી!

નિશીથ / મહેશ જોશી

· પરંપરિત હરિગીત ·

નિસ્તબ્ધ રાત્રિનો મૃદુ કાજળ સમો અંધાર
ને એમાં ય આંખે સ્વપ્ન કેરો ભાર...
બસ એવે સમે
ચન્દ્રની ઊઘડી અચિંતી આંખ
(કાચી ઊંઘ ઊડવાથી કશી એ લાલ!)
ભારે પોપચાંને ખાળતી ધીમે ધીમે થઈ સ્થિર
ને અંધારનાં યે આછર્યાં કંઈ નીર.

ટૂંટિયું વાળી સૂતું આ ગામ – આ પાદર –
અહીં વહેતી નીરા-ની
રેખ થાતી અર્ધદ્રષ્ટ –
(કેં મધુર આકારતી કવિની મધુમય શું ગિરા!)
ડોલતાં વૃક્ષો અને સૌ ખેતરો
નજરે પડે –
દૃષ્ટિપથમાં અસીમનો વિસ્તાર
સીમા ના નડે.

આભનું લાવણ્ય, આછી ચાંદની
ને આ નિશીથ નવ વેશ
સ્વપ્નથી યે કંઈ અધિક
આજે ધરાના રૂપનો ઉન્મેષ.

ફરેબ / 'ચાતક'

· મુક્તક ·

તરસતા કંઠને 'ચાતક'ના જેવી પ્યાસ આપીને
લખી દીધાં તમે અમ ભાગ્યમાં મૃગજળના ઝરેરામણ!
સફરમાં માત્ર મંઝિલનો જરા આભાસ આપીને,
લઈ લીધા અમારા માર્ગમાં મળતા વિસામા પણ!!

છાતીએ ન છુંદાવે મોર / રમેશ પારેખ

દાંડી વગડાવું મારા દેશમાં
કે કોઈ હવે છાતીએ ન છુંદાવે મોર.
બહુ બહુ તો કોઈ અહીં ઝાંઝવું જ આપે
પણ ચોમાસું કોઈ રે ન આપે,
સૌસૌની છાતીએ ટાંકેલા મોર સાવ
નોધારા સામસામે ટાંપે;
એવી લૂ વરસે કે ખાંગી થઈને
જાણે ત્રાટકી હો બારે બપોર,—દાંડી૦
હંસ રે નથી કે આમ લોચનનાં લાલઘૂમ
મોતી ચણીને ઊડી જાશે,
છાતીની સોંસરવા છૂંદેલા મોર
એને ઊતરડી કેમ રે કઢાશે?
એવું લાગે કે અહીં વાવો ગુલઝ્હોર
અને ઊગે છે ભઝ્મરિયા થોર;—દાંડી૦

વ્યથા / પીયૂષ પારાશર્ય

કાટ ખરડાએલી તલવાર્યું જોઈને પાળિયાને એવું તો થાતું
કે ધિંગાણા વિહોણા પાદરને છોડી ને
પથ્થર હું પાછો થઈ જાઉં.

પાદરે ઊભેલ એક વડલાની વેદના તો
સીમને કહેવી કે ગામલોકને?
તરવરતાં બાળકો યે ઝૂલતાં નથી તે હવે
વડવાઈયું હાલી છે શોચમાં;
ઘેઘૂર એકાંતમાં વેદનાના ટેટા જોઈ
વડલાને એવું તો થાતું કે ચાલ હવે જંગલમાં પાછો હું જાઉં.

ઊભો મારગ મેલી કેડીએથી આવતા
ઘોડાથી ધૂળ કેમ ઊડે?
ગાયું જ્યાં ભાંભરે ના એવા તે ગામમાં
ગોરજટાણું તો કેમ થાવું!
આથમતા સૂરજની છેલ્લી વિદાય લઈ
મંદિર ધજાને એમ થાતું કે ચાલ હવે પાછી કોશેટો થઈ જાઉં.

કાટ ખરડાએલી તલવાર્યું જોઈને પાળિયાને એવું તો થાતું
કે ધિંગાણા વિહોણા પાદરને છોડીને
પથ્થર હું પાછો થઈ જાઉં.

મને કંઈ ખબર નથી / સૈયદ 'રાઝ'

· ગઝલ ·

દિલ મારા બેકરાર! મને કંઈ ખબર નથી,
છે સાંજ કે સવાર, મને કંઈ ખબર નથી.

માંડી રહ્યો છું મીટ હું રસ્તા ઉપર સતત,
છે કોનો ઈંતઝાર, મને કંઈ ખબર નથી.

જાણું છું એટલું હવે ઊઠતાં નથી કદમ,
આવ્યો છું કોને દ્વાર, મને કંઈ ખબર નથી.

રાચી રહ્યો છું 'રાઝ' હું ફૂલોના ખ્વાબમાં,
ચાલી ગઈ બહાર, મને કંઈ ખબર નથી.

પ્રાપ્તિ

ફાધર વાલેસ

પ્રાપ્ત કરવું એટલે પોતાનું કરવું. ખરીદીને, લાવીને, મેળવીને પોતાનું કરવું. પ્રાપ્તિ એ જીવનની જ પ્રવૃત્તિ છે. વસ્તુઓ, ને મિલકત, ને વ્યક્તિઓને પોતાનાં કરીકરીને માણસ જીવે છે.

પરંતુ પ્રાપ્તિમાં ને પ્રાપ્તિમાં ફેર છે. બજારની ચીજ તો વેચાતી લેવાય. તે જોઈ. ગમી. ભાવ પૂછ્યો. ઠરાવ્યો. પૈસા ગણ્યા. આપ્યા. ને તે ખિસ્સામાં મૂકી. પોતાની થઈ. સીધો વ્યવહાર છે. રોજનો વેપાર છે. એ જડ વસ્તુની પ્રાપ્તિ થઈ. પણ કોઈ 'માણસ'ને પોતાનો બનાવવા માટે એ રીત ન ચાલે. ચીજવસ્તુઓની પ્રાપ્તિ જુદી અને વ્યક્તિની પ્રાપ્તિ જુદી. માનવ વ્યક્તિની ચાવી એનું હૃદય જ છે. માટે ઓળખાણ અને પ્રેમથી, માન અને લાગણીથી જ સામેની વ્યક્તિને 'પોતાની' બનાવી શકાશે. એ ખિસ્સામાં ન મુકાય. એનો ભાવ ઠરાવીને ન લેવાય. માનવીની પ્રાપ્તિ એ એ હૃદયની જ સિદ્ધિ છે.

અને ઇશ્વરની પ્રાપ્તિ?

એ પણ બજારમાં ખરીદી ન શકાય. કર્મકાંડના બજારમાં પણ નહિ. એ પણ ખિસ્સામાં ન મુકાય. દેવઘરની સંકડાશમાં ન પુરાય. એ પણ જ્ઞાનસ્વરૂપ અને પ્રેમસ્વરૂપ છે, માટે એની પ્રાપ્તિ પણ હૃદયની સિદ્ધિ હશે. અને એ સિદ્ધિની વિશિષ્ટતા એ છે કે એમાં જેટલું આપીએ, તેટલું પામીએ. જેટલું મેળવવાનું છે તેટલું અર્પવાનું જ છે. સામી વ્યક્તિને 'પોતાની' બનાવીને આપણે પણ એના જ બનીએ છીએ. પ્રાપ્તિમાં સમર્પણ છે. મેળવવા કરતાં પોતે એના થવાની જ વાત છે. અને ઇશ્વરની પ્રાપ્તિ બાબતમાં આ વાત તો વિશેષ સત્ય છે.

ટાગોરનું મંથન છે: 'જ્યારે ઈશ્વરને મેળવવાની વાત નીકળે છે ત્યારે ભાષા ને ટેવને કારણે આપણા મનમાં ક્ષુદ્ર પ્રયોજનને અર્થે ચીજ મેળવવાનો જ ખયાલ આવે છે. જાણે તેને કોઈ વિશેષ સ્થાને વિશેષ કાળે મેળવવાનો છે, તેનું દર્શન કરવું એટલે કોઈ વિશેષ મૂર્તિમાં, કોઈ વિશેષ મંદિરમાં અથવા વિશેષ કલ્પનામાં તેને જોવો. પણ મેળવવાનો અર્થ જો આપણે એવો કરતા હોઈએ તો તો ઈશ્વરને મેળવી શકાય જ નહિ. આપણે જે જે કંઈને 'મેળવ્યું' એમ માનીએ છીએ તે વસ્તુ આપણો પરમેશ્વર નથી. તે તો આપણા મેળવવાની બિલકુલ બહાર છે. તે કંઈ આપણી માલમિલકત નથી. ઈશ્વરની બાબતમાં આપણે 'થવાનું' રહે છે, 'મેળવવાનું' હોતું નથી.

૪૨૯ ('કુમાર' અંક ૫૬૩)

ઇશ્વરને આપણે મેળવીશું એમ નહિ, આપણે ઈશ્વરના થઈશું. મારા સમસ્ત દેહ, મન, હૃદયથી હું સતત થતો રહીશ. છોડતાં છોડતાં, વધતાં વધતાં, મરતાં મરતાં, જીવતાં જીવતાં હું સતત થતો રહીશ. મેળવવું એટલે ફક્ત અમુક અંશ મેળવવો; થવું એટલે એકદમ સમગ્રપણે થવું. નદી સતત કહ્યા કરે છે કે હું સમુદ્ર થઈશ. એ તેની બડાશ નથી. એ વાત સાચી છે, એટલે એ એનો વિનય છે. એટલે તે સમુદ્રને મળીને ઉત્તરોત્તર સમુદ્ર બનતી જાય છે—તેનું સમુદ્ર બનવાનું પૂરું જ થતું નથી. ખરું જોતાં આખરે સમુદ્ર બનતા રહેવા સિવાય તેની કોઈ ગતિ નથી. એ કેવળ સમુદ્ર જ થઈ શકે એમ છે. ને તે સમુદ્ર 'થવા' માગે છે—સમુદ્રને 'મેળવવા' માગતી નથી.'

થવું.

એ અંતિમ સાધના છે. આખરી પુરુષાર્થ છે. ખેતરો વટાવીને, વનશોભાનું પ્રતિબિંબ પાડીને, ગામ-શહેરનો મોહ છોડીને નદી આગળ વધે છે, વિશાળ થાય છે, સમુદ્રને મળીને સમુદ્ર બનતી જાય છે. વહેવામાં એનો પ્રાણ છે. થવામાં એની સાર્થકતા છે.

માનવી પણ વહેતો જાય છે, થતો જાય છે. જે એક જ વસ્તુ, એક જ તત્ત્વ એ થઈ શકે છે તે થવા જાય છે. પોતે રહીને ઈશ્વરને મળતો જાય છે, ઈશ્વરમય બનતો જાય છે. એમાં એની પૂર્ણતા છે. એમાં એની પ્રતિષ્ઠા છે. એમાં માનવી માનવી જ બની જાય છે.

નદીની પ્રતિષ્ઠા પણ એની ગતિમાં જ છે. બંધ જળાશય સુકાઈ જાય છે. ગામનું તળાવ ગંદું થઈ જાય છે. પણ નદીનાં પાણી સ્વચ્છ રહે છે. ગાતાં જાય છે, નાચતાં જાય છે, કારણ કે સમુદ્રનું તેડું આવી ગયું છે. નદીનો ધર્મ છે. અને માનવીનું સ્વમાન છે. તેડું મળ્યા પછી આળસ ન કરાય. ઈશ્વરને મળવા જઈ રહ્યા છીએ માટે વચ્ચે અધર્મ ન પોસાય. આપણે જે થવાનું છે, જે થઈ રહ્યા છીએ એની મહોર અત્યારથી આપણા ઉપર છે, ને એનું ગૌરવ આપણે સાચવવાનું છે. નદીના પાણીમાં ગંદકી ન શોભે. એમાં સમુદ્રનો અનાદર છે.

થવું એ માણસનું લક્ષ્ય છે, વ્યાખ્યા છે. વિકાસ. પ્રગતિ. ખિલવણી. થતાં થતાં એ પોતાને જ શોધે છે, પોતાનું સાચું સ્વરૂપ ઓળખે છે. પોતે રહીને ઈશ્વરમાં લીન થાય છે. બીજનું ફળ, ઝરણાની ગંગા. બંધનથી મુક્તિ. પોતામાંથી નીકળીને પોતાને પામે છે. બીજું કંઈક બનીને પોતે બને છે. દાન આપીને સમૃદ્ધ બને છે. 'ઈશ્વરની ઉપાસના ઈશ્વરને મેળવવાની ઉપાસના નથી. પોતાની જાતનું દાન કરવાની ઉપાસના છે. દિવસે દિવસે ભક્તિ મારફતે, સંતોષ મારફતે, ક્ષમા મારફતે, સેવા મારફતે, ઈશ્વરમાં પોતાની જાતને મંગલ અને પ્રેમમાં કોઈ પણ જાતની બાધા વગર ફેલાવી દેવી-એનું નામ જ ઈશ્વરની ઉપાસના. એટલે આપણે એવું ન કહેવું જોઈએ કે કેમ ઈશ્વર મળતો નથી; બલકે આપણે એમ કહેવું જોઈએ કે કેમ પોતાની જાતને ઈશ્વરને અર્પી શકતો નથી?' (ટાગોર)

દાન. ફેલાવું. અર્પણ થવું. એ સાચી ઉપાસનાનું રહસ્ય છે. આપવામાં, પોતાની જાતને આપી દેવામાં પરમ પ્રાપ્તિનો વિધિ છે.

નદી જોઈને કાકાસાહેબના મનમાં પ્રશ્ન ઊઠ્યો હતો કે એ ક્યાંથી આવી અને ક્યાં જાય છે? હવે તેઓ આગળ ચલાવે છે: 'જીવનના પ્રતીક સમી નદી ક્યાંથી આવે છે અને ક્યાં જાય છે? શૂન્યમાંથી આવે છે અને અનંતમાં સમાઈ જાય છે. શૂન્ય એટલે અત્યલ્પ, સૂક્ષ્મ પણ પ્રબળ; અને અનંત એટલે વિશાળ અને શાંત. શૂન્ય અને અનંત બંને સરખા જ ગૂઢ છે. બંને અમર છે. બંને એક જ છે. શૂન્યમાંથી અનંત એ સનાતન લીલા છે. જેમ જેમ આપણી આકલનશક્તિ વધે છે તેમતેમ શૂન્ય વિકસતું જાય છે અને પોતાનો જ વિકાસવેગ સહન ન થવાથી મર્યાદા ઓળંગી કે તોડી અનંત બની જાય છે બિંદુનો સિંધુ બની જાય છે. નદીનો અને જીવનનો ક્રમ સરખો જ છે. નદી સ્વધર્મને વફાદાર રહે છે અને પોતાની કુલ-મર્યાદા સાચવે છે તેથી જ પ્રગતિ કરે છે. અને અંતે નામરૂપનો ત્યાગ કરી સમુદ્રમાં અસ્ત થઈ જાય છે. અસ્ત થયા છતાં તે નષ્ટ નથી થતી; ચાલ્યા જ કરે છે. એ છે નદીનો ક્રમ. જીવનનો અને જીવનમુક્તિનો પણ તે જ ક્રમ છે.'

એ જ બોધ છે. અલ્પમાંથી વિશાળ. ન્યૂનમાંથી બૃહદ્. શૂન્ય એટલે પૂર્ણ. મુક્તિ એટલે પ્રાપ્તિ. વિરોધાભાસ લાગે છે. શબ્દોના શ્લેષ લાગે છે. પણ એ જ યોગ્ય છે, કારણ કે જીવનની પરમ ગતિની વાત આવતાં માનવીની મતિ રૂંધાય છે અને રૂંધાય છે એ પણ ખુશાલી છે, કારણ કે એ બતાવે છે કે એ ગતિ, એ સુખ, એ સત્ય પોતાની બુદ્ધિની પાર છે. માટે જ એ બુદ્ધિ મૂંઝાય છે, શબ્દો ખૂટે છે, વ્યાકરણ કામ આપતું નથી. પણ એનો સંકેત પૂરતો છે, એંધાણી પૂરતી છે. બાળક કાલી કાલી ભાષામાં બોલે છે, ભાંગ્યું-તૂટ્યું બોલે છે, શબ્દો પૂરા ઉચ્ચાર્યા વગર બોલે છે. પણ તે 'બા' કહે ત્યારે કોને બોલાવે છે એ તે જાણે છે. અને તેની બા પણ જાણે છે—ને તે દોડી આવે. □

અમદાવાદના પ્રાણીબાગને જગજાણીતો કરનાર અને ત્યાંની બેનમૂન બાલવાટિકાના સર્જક પ્રેમના હૃદયગુણથી સિંહ-વાઘ ને સાપ-અજગર જેવા ભયંકર જીવોના પરમ મિત્ર બની રહેનાર પશુચિકિત્સક નાનાવિધ રસ-વ્યાસંગોને પોષીને સ્વાશ્રયે જીવનને બહુમુખી ઓપ આપી તેજસ્વી વ્યક્તિત્વ ઘડનાર અનેક પ્રલોભનોને નકારી પોતે સ્વીકારેલા કાર્યને અનન્ય નિષ્ઠા અને મિશનરીના ભાવથી વળગી રહેનાર

રૂબિન ડેવિડ

ભારતના ચારે ખૂણા સુધી જઈને મેં દેશનાં ઘણાં પ્રાણીસંગ્રહાલયો–ઝૂ-લૉજિકલ ગાર્ડન્સ–જોયાં છે અને એ પછી પણ મને લાગ્યું છે કે અમદાવાદનું પ્રાણી-સંગ્રહાલય ગુજરાતને ગૌરવ અપાવે

લેખક

વિજયગુપ્ત મૌર્ય

એવું છે. તેનું કારણ તેના સુપરિન્ટેન્ડેન્ટ શ્રી રૂબિન ડેવિડ છે.

પ્રાણીઓ સાથે તાદાત્મ્ય કેળવ્યા વિના તેમનો વિશ્વાસ જીતી શકાતો નથી અને વિશ્વાસ વિના મૈત્રી ન થાય. મેં પ્રાણીઓના આવા બે મિત્રોને બહુ નજીકથી ઓળખ્યા છે. એમાંના એક છે યુરોપ–અમેરિકામાં સરકસોમાં નામના કાઢનાર શ્રી દામુ ધોત્રે અને બીજા આ શ્રી રૂબિન ડેવિડ. ધોળકા જિલ્લામાં એક તળાવમાંથી માણસખાઉ મગરને એમણે પકડયો ત્યારે એમનું નામ અને એ કામ છાપામાં ઝળકયાં હતાં.

પણ છાપાં તો બીજે દિવસે પસ્તીમાં જાય છે ને વાંચેલી વાત ભુલાઈ જાય છે; પરંતુ રૂબિન ડેવિડ એમ ભૂલી જવા જેવી વ્યક્તિ નથી. વસ્તુતઃ તેઓ એવા વિનમ્ર છે કે નિવૃત્ત થઈને કાંકરિયાના પ્રાણી-સંગ્રહાલયમાંથી યે ભુલાઈ જાય ત્યાં સુધી યે પોતે તો પ્રસિદ્ધિના પ્રકાશમાં ન જ આવે. પરંતુ જેમ તેઓ ભૂલવા જેવા નથી તેમ નિવૃત્ત થવા દેવા જેવા પણ નથી.*



રૂબિન ડેવિડ પોતાના દફતરમાં અજગર અને સાપ સાથે ગેલ કરતા


બે હજાર વર્ષ પહેલાં યુરોપે યહૂદીઓને સ્વીકાર્યા તે અગાઉ, કે ત્યારે, ભારતે પણ એમનો સ્વીકાર કર્યો હતો–અને ગુજરાતે પણ. રૂબિન યહૂદી ગુજરાતી છે તેવો ખયાલ તેમને મળીને કોઈને ન આવે.

એમના કુટુમ્બે સેવા, નીતિમત્તા અને વિજ્ઞાનપ્રેમ માટે અમદાવાદમાં નામના કાઢી છે. એમના પિતામહ ડૉ. જૉસેફ સૉલૉમન અત્યારે મેન્ટલ ઑસ્પિટલ તરીકે ઓળખાતા ત્યારના લ્યૂનૅટિક ઍસાયલમના સિવિલ સર્જનના મદદનીશ હતા. એ સેવામાંથી નિવૃત્ત થયા બાદ એમણે ખાનગી પ્રૅક્ટિસ શરૂ કરી. સરકારી નિવૃત્તિવેતન પણ મળતું. ચોરાણું વર્ષની વયે એમનું અવસાન થયું એ દરમિયાન પોતાની માયાળુ શુશ્રૂષાથી તેઓ ઘણી સારી જનચાહના પામ્યા હતા અને લોકો એમને 'ઈસપજી દાદા'ના નામે જ ઓળખતા.

એમના પુત્ર ડૉ. ડેવિડ–રૂબિનના પિતાનો જન્મ ૧૮૭૬માં થયો. અમદાવાદની બી. જે. મેડિકલ સ્કૂલમાં તેમણે અભ્યાસ કર્યો. એ કાળે એલ. સી. પી. એસ.ની ડિગ્રી અપાતી નહિ પણ એટલું ભણનાર માણસ ઑસ્પિટલમાં મદદનીશ દાકતર તરીકે લાયક હોઈ એચ. એ. કહેવાતો. ઈ. ૧૮૯૪માં તેઓ સરકારી નોકરીમાં જોડાયા અને પૂના નજીક યરવડા જેલમાં મેડિકલ ઑફિસર તરીકે એમની નિમણૂક થઈ. એમની ત્યાંની કામગીરીના અરસામાં પૂનામાં ફાટી નીકળેલા પ્લેગના નિવારણ અર્થે નિમાએલા પ્લેગ-કમિશનર રૅંડે પ્રજા પર મનસ્વીપણે જે જુલ્મો ગુજારેલા અને એથી પ્રેરાઈને જે ચાફેકર ભાઈઓએ એના પર ગોળીઓ છોડેલી એમને એ જેલમાં લાવવામાં આવેલા. લોકમાન્ય ટિળકે પણ અંગ્રેજોના ત્યારના મનસ્વીપણા બાબત પોતાના 'કેસરી'માં બે તીખા લેખો લખેલા ને પરિણામે દોઢ વર્ષની સજા પામી એ જ જેલમાં આવેલા. ડૉ. ડેવિડની આ સૌ પ્રત્યે કૂણી લાગણી હતી. ટિળક ત્યારે એમનું જાણીતું પુસ્તક 'ગીતા રહસ્ય' લખી રહ્યા હતા. એ કાર્ય તેઓ વધુ સ્વસ્થતાથી કરી શકે એટલા સારુ માંદગીના બહાના નીચે ડૉ. ડેવિડે એમને બે ત્રણ મહિના સુધી જુદા વૉર્ડમાં રાખી લખવા એમને વધુ સગવડ મળી શકે એવી વ્યવસ્થા કરેલી. એમની આ ભાવનાને સમજીને એની કદર અને એક સ્મૃતિ રૂપે ટિળકે ડૉ. ડેવિડને પોતાની માણેકજડિત સોનાની વીંટી ભેટ આપેલી, જે આજે એમનાં એક પુત્રી પાસે હજી સચવાએલી છે.

પણ ડૉ. ડેવિડની રાજદ્વારી કેદીઓ પ્રત્યેની કૂણી લાગણી અંગ્રેજ અમલદારોની નજરમાંથી કેમ છટકી જાય? તક મળતાં જ એમની બદલી છેક ઈડર નજીક જંગલ વચ્ચેના સતલાસણા નામના ગામે કરી દેવામાં આવી. વાઘ-દીપડાના ભય   ત્યાં એમને ઘણી વાર રાત્રે પણ વિઝિટે જવું પડતું. ડૉ. ડેવિડે ત્યાં   પોતાની ફરજમાં ચૂક આવવા ન દીધી.

* ગઈ ૧૯ સપ્ટેમ્બરે તે નિવૃત્ત થવાના હતા, પણ અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશને એમને રોકી રાખીને યોગ્ય નિર્ણય લીધો છે.



બચપણમાં તો કાઠું તદ્દન એકવડિયું હતું, પણ વ્યાયામથી એને કસે ચડાવીને વીસેક વર્ષની વયે તો આવું શરીર જમાવી દીધું. પોતાની તાકાત અજમાવીને લોખંડી સાંકળ તોડવી કે ટેલિફોન ડિરેક્ટરી ફાડવી ત્યારે એમને માટે રમતવાત હતી. અને આજે યે તેઓ એક યુવાન જેટલી જ સ્વસ્થતા ધરાવે છે.

પરંતુ ઉપરી અમલદારો સાથે વિખવાદ થતાં છેવટે રાજીનામું આપી તેઓ છૂટા થયા ને અમદાવાદ આવી કાળુપુર વિસ્તારમાં દવાખાનું ખોલ્યું અને થોડા સમયમાં તો નજીકના બહોળા વિસ્તારમાં સારી એવી નામના ને ચાહના પામ્યા. લોકો એમને 'દાદા'ના વહાલસોયા નામે ઓળખાવા લાગ્યા.

આ જ અરસામાં સરદાર વલ્લભભાઈ પટેલ પહેલી વાર અમદાવાદની મ્યુનિસિપલ ચૂંટણીમાં ઊભા રહ્યા અને ડૉ. ડેવિડે પોતાની વગવાળા વિસ્તારમાંથી બહુ મોટી સંખ્યામાં એમને મત અપાવ્યા. તેઓ પોતે પણ શેઠ મફતલાલ ગગલભાઇને હરાવીને મ્યુનિસિપલ કાઉન્સિલર તરીકે ચૂંટાઈ આવ્યા હતા અને મ્યુનિસિપાલિટીમાં સરદાર પટેલના એક નિષ્ઠાવાન સહાયક તરીકે સારી ખ્યાતિ પામ્યા હતા. ઈ. ૧૯૩૦માં એમનું અવસાન થયા બાદ એમના મોટા પુત્ર ડૉ. જૅકબ એમનું દવાખાનું સંભાળી લઇને તેની પોણી સદીની કારકિર્દીને હજી અક્ષત રાખી રહ્યા છે. એમનાં એક બહેન પણ એમ. ડી. હોઈ સુધરાઈની ઑસ્પિટલમાં હતાં. રૂબિન પોતે પશુ-પક્ષીઓના (વેટરીનરી) દાક્તર છે અને હાલ અમદાવાદ સુધરાઈની સેવામાં છે. સુધરાઈ અને તબીબી વ્યવસાય સાથે જાણે આખા કુટુંબને ગાઢ નાતો છે.

પશુપક્ષીઓ પ્રત્યેનું આકર્ષણ રૂબિનને એમના પિતા પાસેથી મળ્યું છે. ડૉ. ડેવિડ ઘરમાં પણ ઘણાં પશુપક્ષી રાખતા. એ પિતાનું છત્ર તો રૂબિને નાનપણમાં ગુમાવ્યું હતું, માતા હજી હમણાં નેવું વર્ષની વયે અવસાન પામ્યાં. પણ ભાંડુઓમાં તેઓ સૌથી નાના હોઇ તેમને સૌનું વહાલ મળ્યું હતું.

બચપણથી જ પ્રાણીઓમાં રસ હોઈ રૂબિને એ દિશામાં ઝંપલાવ્યું. એમનું આરોગ્ય સારું હતું; અને વ્યાયામ વડે શરીર સૌષ્ઠવ ખીલવીને તેઓ ખડતલ બન્યા. પ્રકૃતિ અને સ્વાસ્થ્ય ઉપરાંત તેમને સાહિત્ય, ચિત્રકળા, શિલ્પ-સ્થાપત્ય, સંગીત વગેરેમાં પણ ઘણો રસ છે એટલું જ

જેણે કુમારવયે પોતાના એકવડા શરીરને અવિરત વ્યાયામથી લોખંડી સ્નાયુઓ વડે મઢ્યું

નહિ, પણ તેમાં તેઓ ઊંડી સૂઝ પણ ધરાવે છે. શાસ્ત્રીય સંગીતનું શિક્ષણ પણ એમણે લીધેલું છે, અને હિંદુસ્તાની સંગીતના વિકાસ પર એમણે લખી રાખેલી એક લેખમાળાની તો બહુ ઓછાને જાણ છે. અત્તરોની એમની પરખ પણ અજબ છે. અને એનો એમનો સંગ્રહ પણ એટલો જ મોટો ને વૈવિધ્ય-સભર છે.

પરંતુ સૌથી વધુ રસ એમને પ્રાણીસૃષ્ટિમાં છે. અને એ રસને એમણે વ્યવસાય તરીકે અપનાવવા જેટલો કેળવ્યો છે. વારસામાં મળેલા વૈદકના સંસ્કારોને આમ પ્રાણીઓના રોગનાં નિદાન-ચિકિત્સા પ્રતિ બહુ સફળતાપૂર્વક વાળીને એ ક્ષેત્રે પોતાની જે આગવી પ્રતિભા એમણે ખિલવી છે તે તો એમને પ્રાણીબાગમાં તેઓ રોજ સવારે નિયમિત રીતે પ્રાણીઓની તપાસણીમાં નીકળે છે ત્યારે જોવા મળે છે. કુટુંબના વડીલની પેઠે પૂર્ણ વાત્સલ્યથી તેઓ એ બધાં પ્રાણીઓની સારસંભાળ રાખે છે. પ્રાણીઓ પણ એમના પ્રેમનો એવો જ પ્રતિભાવ બતાવે છે. સિંહ કે વાઘ જેવાં પ્રાણીનાં પીંજરાંમાં પણ બેધડક પ્રવેશીને એમની સાથે ગેલ કરવાનું એમને માટે તદ્દન સ્વાભાવિક છે. દરેક પ્રાણીની તબિયત તપાસી એમની અગવડ-સગવડ અંગે ત્યાંની ફરજ પરના તથા પોતાની સાથેના માણસને સૂચના અને શિથિલતા લાગે ત્યાં એવો જ આકરો ઠપકો આપતા જઈ તેઓ પોતાના દફતરમાં આવી બેસે છે ને તુરત હાથ નીચેના માણસોને સૂચના મળવા લાગે છે, 'હિપોને આ કૅપસ્યુલ આપો, સિંહને આ ટીકડીઓ, મગરને આ મિક્સ્ચર, વાંદરાને આ વિટામિન આપો' વગેરે ચાલે.

અમદાવાદના પ્રાણીબાગમાંનું એમનું દફતર પણ એમની અભિરુચિને પ્રતિબિંબિત કરે છે. જેમ એમની દેખરેખ તળેના બાગમાં, તેમ અહીં દફતરમાં ક્યાંય કચરો કે અવ્યવસ્થા તો ન જ દેખાય એ સ્વાભાવિક છે, પણ આ ઉપરાંત, એમણે એકઠો કરેલો ગ્રંથસંગ્રહ, અવનવી કલામય ચીજો ને સુરુચિપૂર્વક લગાડેલાં ચિત્રો વગેરે એમની બહુમુખી રસવૃત્તિ ને સૂઝની સાક્ષી પૂરે છે. અહીં દફતરમાં સુધરાઇના અમલદારો કે વગવાળા લોકોથી માંડી અનેક કારીગરો, સંગીત રસિયાઓ, સરકસના ખેલાડી ને જાનવરોને કેળવનારાઓ, ફિલ્મ જગતના અદાકારો, પશુપક્ષીના શોખીનો તેમજ પોતાના પ્રાણીની માંદગી અંગે સલાહ લેવા આવનાર સૌ કોઇને તેઓ મળે છે. એ દરેક વ્યક્તિ યોગ્યતાનુસાર સ્વાગત પણ પામે છે. અને એ સૌને સાચવવા છતાં એમના પોતાના કામ કે વ્યવસ્થામાં તેઓ જરાયે ચૂક આવવા દેતા નથી.

પોતાના પ્રકૃતિપ્રેમને કારણે રૂબિન બ્રિટિશ યુગમાં ઘણા રાજાઓના અને યુરોપીઅન અમલદારોના પરિચયમાં આવ્યા હતા. એમની સાથે વિકસેલા એ સંબંધો હજી યે એવા જ ગાઢ રહ્યા છે. પોતે એક અચ્છા શિકારી પણ હોઈ શસ્ત્રવિદ્યામાં અને શસ્ત્રોની કારીગરીમાં પણ સારું કૌશલ ધરાવે છે. પણ જ્યારે દેશમાં વન અને વન્ય પ્રાણીઓનો લોપ થતો જોયો ત્યારે તેમના રક્ષણના તે અડગ હિમાયતી બની ગયા. શસ્ત્રોના સમારકામનો વ્યવસાય બંધ કરી દીધો અને પોતાના શસ્ત્રોના પરવાના પણ એમણે સરકારને સોંપી દીધા.

ગુજરાતનું અલગ રાજ્ય રચાયા પછી—અને તે પહેલાં પણ—અમદાવાદ સુધરાઈનું કૉર્પોરેશન બન્યું ત્યારથી શહેરને નવા રૂપરંગ આપવાની પ્રવૃત્તિ આરંભાઈ હતી. ઈ. ૧૯૫૧માં જૂના નવા શહેરની મધ્યમાં લાલદરવાજા પાસે એક 'રૂપનગર' નામે પ્રદર્શન યોજાયું હતું તેમાં એક વિભાગમાં અવનવાં રંગબેરંગી પક્ષીઓ તથા માછલીઓ રજૂ થએલાં. એ જોઈ ત્યારના નગરપતિ શેઠ ચીનુભાઈ ચીમનલાલે અને કમિશનર શ્રી બી. પી. પટેલે અમદાવાદમાં કાંકરિયા તળાવ પાસેની ટેકરીઓ

અને પ્રૌઢ વયે ભીષણ પ્રયત્નો કરીને કૅન્સર જેવા મહાવ્યાધિ સામે ઝઝૂમી તેને ખાળ્યો.

પરના હિલ ગાર્ડનમાં એક પ્રાણીબાગ બનાવવા વિચાર્યું. આ કામ પાર પાડવા રૂબિનની પસંદગી થઈ અને એમણે નિષ્કામ ભાવે માનાર્હ સેવા આપીને જે ઉત્તમ કાર્ય કરી બતાવ્યું તેને કારણે ઝૂ-સુપરિન્ટેન્ડેન્ટ તરીકે એમની સવેતન નિમણૂક કરવી અનિવાર્ય બની રહી. એ સમયના કૉર્પોરેશનની રીક્રીએશન કમિટીના ચેરમૅન શ્રી એમ. બી. કાદરીએ પણ એમના કાર્યમાં એવો જ રસ બતાવ્યો હતો; તેમજ ત્યારના સિટી એન્જિનીઅર અને પછી મ્યુનિ. કમિશનરના પદ પર આવેલા શ્રી કાંટાવાળાએ પણ ઉત્સાહ અને હૂંફ આપી એમને જોઈતી બધી જ સગવડોની કાયમી છૂટ કરી આપી હતી.

આ પછી ખાસ બાળકોના આનંદ-પ્રમોદ માટે એક બીજી સમરૂપ યોજના પણ વિચારાઈ. પ્રાણીબાગમાં તો રૂબિનને રસ પડે જ, પણ બાળકો પ્રત્યેનો એમનો પ્રેમ પણ કંઈ કમ નથી. એટલે પાંગરતી પેઢીને ગમ્મત અને જ્ઞાન બંને મળે એવી એક બાલવાટિકા રચવાનું કાર્ય પણ એમને સોંપાયું. અને અગાઉ જ્યાંથી લોકો માટી ખોદી જતા એવા એક ટેકરા પર એમણે સ્વપ્નસૃષ્ટિ સમી જે બાલવાટિકા ઊભી કરી છે એ આજે અમદાવાદ આવનાર કોઈ પણ પ્રવાસીની મુલાકાતનું એક ખાસ કેન્દ્ર બની રહી છે. સ્વ. પં. નેહરુ પણ અમદાવાદના આ પ્રાણીબાગ અને બાલવાટિકા જોઈને પ્રસન્ન થયા હતા. હવે ત્રીજું એક પ્રાકૃતિક સંગ્રહાલય – નૅચરલ હિસ્ટરી મ્યૂઝિયમ પણ તેઓ તૈયાર કરી રહ્યા છે જેનું કામ હજી પૂરું થયું નથી.

પ્રાણીબાગ તો દેશમાં અનેક ઠેકાણે છે, પણ અમદાવાદના બાગમાં જે પક્ષી-સંગ્રહ છે એવો જાહેર સંગ્રહ કલકત્તાને બાદ કરતાં ભારતમાં બીજે કયાંય નથી. અહીંના પશુપક્ષીની તંદુરસ્તી જેવી તબિયત પણ કદાચ કોઈક જ પ્રાણીબાગમાં જળવાતી જોવા મળશે. અનેક પક્ષીપ્રાણીએ અહીં બંધનાવસ્થામાં પણ પ્રજનન કર્યું છે જે સામાન્યતઃ અશક્યવત્ ગણાય છે.[1] એમની આવી પ્રતિભા જોઈ ભારતમાં અમેરિકાના એલચી તરીકે રહી ગએલા શ્રી ગૅલબ્રેઈથે પોતાના એક પુસ્તકમાં રૂબિન ડેવિડને એક શ્રેષ્ઠ પ્રાણીશાસ્ત્રી તરીકે ઉલ્લેખ્યા છે.

પ્રાણીબાગમાં એમણે રચેલો સર્પસંગ્રહ તો અન્યત્ર જવલ્લે જ જોવા મળે તેવો વૈવિધ્યસભર અને મૂલ્યવાન છે. ઉપરાંત, બાગમાં એમણે બીમાર પ્રાણીઓ માટે એક ખાસ ઑસ્પિટલ પણ ઊભી કરી છે.

અનેક જવાબદારીઓ વચ્ચે યે તેઓ પ્રાણીઓ અંગે અનેક અવનવા પ્રયોગો પણ કરતા રહે છે. એક વાર એક સિંહણે જન્મ આપીને તુરત પોતાનાં બે બચ્ચાંને તરછોડી દીધાં. સિંહણ સાથે એમને રાખવામાં હવે જોખમ હતું. રૂબિને એ બંનેને મા પાસેથી તો ખસેડી લીધાં, પણ એમના પોષણ અને ઉછેરનું શું? આ તો સિંહબાળ હતાં. ગાય બકરીનું દૂધ એમને ન આપી શકાય, માંસાહારી પ્રાણીનું જ દૂધ કદાચ ચાલે. એમણે તુરત શોધ ચલાવી અને એક તુરતની વિયાએલી કૂતરી મેળવીને એને આ સિંહબચ્ચાંની ધાવ બનાવી. કૂતરીનાં બચ્ચાંને એમણે બીજું દૂધ આપી ઉછેર્યાં ને એમાંના એક બચ્ચા સાથે બે સિંહબાળ પેલી કૂતરીના દૂધથી ઊછરવા લાગ્યાં. પણ એ યે પૂરતું ન હોઈ વધારાનાં પ્રોટીન અને ચરબી પણ એમણે સિંહબાળને આપવા માંડ્યાં. કૂતરી, તેનું એક બચ્ચું અને બે સિંહબચ્ચાંને એક જ સાથે ખેલતાં

[1] બાજુમાં જ કાંકરિયા તળાવ સાથેનો આ પ્રાણીબાગ આ ઋતુમાં એક બીજું પણ અનેરું આકર્ષણ ધરાવે છે. શિયાળામાં દૂર વિદેશથી આવતાં યાયાવર પક્ષીઓ અહીં સંખ્યાતીત પ્રમાણમાં ઊતરી પડે છે. આ સાલ અત્યારે અહીં સહેજે લાખેક જેટલી ગુલાબી મેના ઊતરી પડી છે -સં.



પ્રાણીબાગના વાઘ 'રાજુ' સાથે રૂબિન ડેવિડ. બાગમાંનાં મુખ્ય બધાં પ્રાણીઓને એમણે નામ આપ્યાં છે, ને રોજ સવારે આવીને સૌપ્રથમ તેઓ એમનાં આ મિત્રોને મળી એમની સાથે ગેલ કરે છે કે એમની તબિયત તપાસે છે. નીચે: પોતાની ધાવ માતા સાથે ખેલતું સિંહબાળ.

કૂદતાં જોઈ પ્રાણીબાગમાં આવતા લોકોને પણ નવું જોવાનું મળ્યું અને એક નવો પદાર્થપાઠ પણ.

રૂબિનના જ પ્રયત્નોથી અમદાવાદના પ્રાણીબાગમાં અન્યત્ર અશક્ય એવું શ્વેત મૃગ (આલ્બિનો)નું પ્રજનન પણ સફળ બન્યું છે. મૃગ ઉપરાંત, બીજાં આલ્બિનો પ્રાણીઓનો પણ અહીંનો સંગ્રહ ઘણો સારો છે.[2]

આ બધાં જ પક્ષીપ્રાણીનાં પાંજરાં પાસે રૂબિને ખાસ તકતીઓમાં તે તે પક્ષી કે પ્રાણીનાં રંગીન ચિત્ર સાથે એનાં નામ, વતન અને

[2] આ આલ્બિનો પ્રાણી એ એમનો ખાસ રસનો વિષય છે અને એ અંગે આ પ્રકારનાં દુનિયાભરનાં પ્રાણીઓ વિષે એક સચિત્ર અને માહિતીપ્રદ પુસ્તક પણ તેઓ તૈયાર કરી રહ્યા છે. -સં.



ખાસિયતો વગેરેની પૂરી માહિતીઓ મુકાવી છે, જે પ્રેક્ષકોને માટે અનેક રીતે જ્ઞાનપ્રદ બની રહે છે. રૂબિને રચેલી બાલવાટિકા પણ એવી જ સુંદર છે. પાણીનો નિયમિત છંટકાવ પામતા એના માર્ગ પરથી પસાર થતાં પૂર્ણ આહ્લાદ પ્રાપ્ત થાય તેવું એ રળિયામણું સ્થાન છે. અનેક સચિત્ર સામયિકો ને પુસ્તકોવાળા અહીંના પુસ્તકાલયમાંથી કોઈ પણ બાળક કોઈ પણ ચોપડી લઈને બાલવાટિકાના વિસ્તારમાં કયાંય પણ બેસીને વાંચી શકે છે. આ માટે નથી કોઈ ફી કે નથી કોઈ નોંધણીની લખાપટી. પણ હજી અહીંથી એક પણ ચોપડી ગુમ નથી થઈ એ આ સ્થળનો પ્રભાવ જ કહી શકાય. અનેકવિધ રમકડાં, સતત વહેતું સંગીત, નાનકડો પક્ષીસંગ્રહ, માર્ગસૂચનોનું જ્ઞાન આપતો સાઈકલ ટ્રેક, નાનકડી નાટયશાળા, હમણાં જ ઉમેરાએલું નાનું પ્લૅનેટોરિયમ, સુંદર શિલ્પો વગેરે સાથે બાળકોને ગમ્મત આપે અને નવું શીખવા મળે એવી ઘણી અવનવી વ્યવસ્થા અહીં છે. અરે, એમને રમાડવા માટે કબૂતરો ને સસલાં પણ આપવામાં આવે છે. દેશમાં આ પછી કેટલેક સ્થળે આવી વાટિકાઓ રચવાના પ્રયત્નો થયા છે અને તેમાં રૂબિનની સલાહ પણ લેવાઈ છે, પરંતુ અમદાવાદની આ વાટિકા જેવી બાલવાટિકા બીજે બની શકી નથી.

બે વર્ષ પહેલાં હું રૂબિનને મળ્યો ત્યારે બેસી ગએલો અવાજ સાંભળીને મને વહેમ થયો, અને પૂછતાં જાણવા મળ્યું કે એ વહેમ સાચો હતો. એમને ગળાનું 'કૅન્સર' હતું. તે પછી શસ્ત્રક્રિયા કરાવી તેમાં તેમના સ્વરતંતુઓ કાઢી નાખવા પડયા. તેઓ વાચા વિનાના બની ગયા. પણ જીવનમાં અને કુદરતમાં અદમ્ય રસ લેતો માણસ મૂગો કેમ રહી શકે? નિષ્ક્રિય પણ કેમ રહે? બીજી વાર મળ્યો ત્યારે તેઓ હવા ઘૂંટીને સ્વર ઉત્પન્ન કરવાના પ્રયાસ કરતા હતા. અને ન સમજાવી શકાય તે પાટી પર લખતા જતા હતા. અંતે એ પુરુષાર્થમાં પણ એમણે સફળતા મેળવી. ત્રીજી વાર મળવા ગયો ત્યારે તેઓ ભેટી પડયા અને મને તેમની ગએલી વાચા ફરી સાંભળવા મળી ત્યારે હું લાગણીથી ગળગળો થઈ ગયો. આજે તેઓ એક વિદ્યુતયંત્ર ગળા પર મૂકીને પોતાના સૂક્ષ્મ અવાજને મોટો કરીને સંભળાવે છે.

મેં પાછા એ જ રૂબિન ડેવિડને જોયા. પ્રાણીઓની મુલાકાત લેતા જાય, તેમના ખબર પૂછતા જાય, તેમની ખાસિયતો સમજાવતા જાય, તેમના રખેવાળોને ભલામણ ને સૂચના કરતા જાય. મને થયું કે આ પ્રાણી-સંગ્રહાલય વિનાના રૂબિન અને રૂબિન વિનાના પ્રાણી-સંગ્રહાલયની કલ્પના પણ થઈ શકે નહિ.

એમની આ બધી પ્રવૃત્તિઓ અને શોખ-વ્યાસંગમાં એમનાં પત્ની શ્રીમતી સારાહબેનનો સાથ પણ સદાયે પ્રેરણાદાયી અને સક્રિય રહ્યો છે. તેઓ એમ. એડ. હોઈ શિક્ષણક્ષેત્રમાં જાણીતાં છે અને અમદાવાદમાં પ્રકાશ હાઈસ્કૂલમાં સુપરવાઈઝર હોવા સાથે ત્યાં ખાસ અંગ્રેજી શીખવે છે. સ્વભાવે સાલસ, પ્રેમાળ અને સાદાઈનાં પુજારી તેઓએ પણ સદા પતિની પેઠે પ્રસિદ્ધિથી દૂર જ રહેવાનું પસંદ કર્યું છે.

કુટુંબના આવા વૈશિષ્ટ્યનો વારસો એમનાં એકમાત્ર પુત્રી શ્રીમતી એસ્થર કાનનમાં પણ ઊતર્યો છે. વડોદરા કલાશાળાનાં તેઓ બી. એ. (ફાઈન આર્ટ્સ) થએલાં છે. એ અંતિમ પરીક્ષામાં સૌપ્રથમ આવવા બદલ એમને ત્યાંનો ઍવૉર્ડ પણ મળેલો. ગુજરાત રાજ્ય કલાપ્રદર્શનમાં પણ એમને શિલ્પ માટે બીજું ઈનામ મળેલું. હમણાં મુંબાઈની જહાંગીર આર્ટ ગૅલેરીમાં રજૂ થએલી એમની કૃતિઓ પણ ઘણી પ્રશંસા પામેલી અને 'એર ઇંડિયા'ના તથા અન્ય સંગ્રહો માટે એ ખરીદાઈ. એમના દક્ષિણ ભારતીય પતિ શ્રી કાનને પણ વિશ્વવિખ્યાત પક્ષીવિદ્ ડૉ. સાલિમઅલીના માર્ગદર્શનમાં મહાનિબંધ લખી એમ. એસસી.ની ઉપાધિ મેળવેલી છે. હાલ તેઓ બોરીવલી નૅશનલ પાર્કમાં ક્યુરેટર હોઈ ત્યાંના વનપ્રદેશમાં જોવા મળતાં નાનાવિધ પક્ષીઓનો લાભ લઈ શ્રીમતી એસ્થર એમનાં ચિત્રોનો એક સંગ્રહ આલેખી રહ્યાં છે. માતૃપક્ષની પ્રતિભાને ઝીલી લઈ એમની બે વર્ષની બાળકી અત્યારથી લગભગ ચાળીસ જેટલાં પક્ષી-પ્રાણીને ઓળખી બતાવે છે.

પણ રૂબિન કેટલા વિનમ્ર અને શરમાળ છે! એમના પ્રાણીબાગ ને બાલવાટિકાને તો દેશવિદેશમાંથી આવતા અને અમદાવાદના લાખો લોકો જુએ છે, પરંતુ આ તેના બ્રહ્મા ને આત્માને કેટલા લોકો ઓળખે છે?

પાકિસ્તાન થતાં ઘણા મુસ્લિમો એને પોતાનું વતન બનાવવા ભારત છોડી ચાલ્યા ગયા. ઈઝરાઈલ થતાં ઘણા યહૂદીઓ ત્યાં જઈ વસ્યા. પણ રૂબિનની વૃત્તિ એવી ચંચળ નથી. તેઓ ગુજરાતના છે—ભારતના છે અને ગુજરાતના તથા ભારતના જ રહેવાનું પસંદ કરે છે.

જે દિશામાં એમણે પગ પાડયા છે એ માર્ગે બહુ ઓછા લોકો પગ માંડે છે અને તેમાં યે સક્રિય રસ લઈ, પ્રાણીઓ સાથે ઘરનાં બાળકો જેટલી આત્મીયતા તો એમની પેઠે કોઈક જ કેળવે છે. રૂબિન એ રીતે લગભગ અજોડ છે. વિલાતી જતી વન્યજીવસૃષ્ટિની વિગતો ને આંકડા એકઠા કરી 'અભ્યસનીય' લેખો લખી અટકી જનાર 'પ્રાણી-પ્રેમી'ઓમાંથી રૂબિનની પેઠે એ જીવોના હામી અને પ્રેમી બનવા કોઈ નીકળશે? —કોણ નીકળશે?





ટિકિટ-સંગ્રહ
ભારતની ચાર નવી ટિકિટો

ઇંડિયન રેડ ક્રૉસ સોસાયટીની અને ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. ઝાકિર હુસેને સ્થાપેલી દિલ્હીની જાણીતી શિક્ષણ-સંસ્થા જામિયા મિલિયા ઇસ્લામિયાની સુવર્ણ જયંતી [illegible]ની ટિકિટો. જેમાંની પહેલી પર શુશ્રૂષા કરતી નર્સનું અને બીજી પર જામિયા મિલિયા સંસ્થાનું આલેખન છે.

નીચે: સ્વર્ગસ્થ દેશભક્ત જમનાલાલ બજાજના માનમાં ૪થી નવેમ્બરે અને મહારાષ્ટ્રના સંત નામદેવની ૭૦૦મી જન્મ-જયંતી નિમિત્તે ૯મી નવેમ્બરે, એ બંને મહાનુભાવોની લાક્ષણિક છબિ સાથે બહાર પડેલ ખાસ ટપાલટિકિટો. સંત નામદેવ મહારાષ્ટ્રમાં સગુણોપાસના પ્રધાન ભાગવતધર્મના આદ્ય પ્રવર્તક, પ્રચારક અને કવિ હતા.



કાકાસાહેબ કાલેલકરનાં મનોમંથન

કૉલેજકાળનાં સંસ્મરણો

૫ સિસોટીની સાધના

નાનપણમાં બજારમાંથી વાંસની પિત્તળની કે સીસાની સિસોટી લાવી અમે ખૂબ વગાડતા. એની વાત અત્યારે નથી કરવી. પણ કશા સાધન વગર, કેવળ હોઠની વિશેષ રચના કરી મોઢામાંથી જે અવાજ કઢાય છે એ જ સિસોટીની વાત મારે કરવી છે.

સૌથી મોટા ભાઈઓની વાત નોખી. એ અમારા કરતાં મોટેરા. સમોવડિયા ફક્ત કેશુ અને ગોંદુ. એમને સરસ સિંસોટી વગાડતાં આવડે. હું ગમે તેટલા પ્રયત્નો કરુ તો યે મોઢામાંથી અવાજ ન નીકળે; ફક્ત હવા જ નીકળે. એ વિફળતાથી હું દુઃખી રહેતો. મને એની શરમ લાગતી.

કેશુ અને ગોંદુ મારા ઉપર ચિડાય ત્યારે મને દુઃખી કરવો હોય તો એટલું કહે તો બસ: 'તને ક્યાં સિસોટી વગાડતાં આવડે છે?' પોતાનું નાનું સરખું મોં લઈને હું ત્યાંથી ખસી જાઉં. ફરી મારી મેળે એમની સાથે ભળું પણ નહિ. મેં અનેક પ્રયત્નો કર્યા. પણ શ્વાસનું રૂપાંતર અવાજમાં ન થાય તે ન જ થાય.

આ એક આંતરિક મૂંઝવણ સાથે મેં કૉલેજમાં પ્રવેશ કર્યો. કેશુ મારી પહેલાં કૉલેજમાં દાખલ થઈ ગયો હતો. હવે એ મારી આ અણ-આવડત જાહેર કરીને મને ફજેત કરવાનો પ્રયત્ન ન કરે. અમે મોટા થયા હતા. પણ કોક વાર એ મારી ઓરડીમાં આવીને અમસ્તી સિસોટી વગાડતો તોપણ મને નાનપણના દિવસો યાદ આવતા અને માઠું લાગતું.

એક દિવસે નિશ્ચય કર્યો કે આવી હાડમારી સાથે જીવવું જ નથી. હું ખૂબ પ્રયત્ન કરવા લાગ્યો. અંતે એક દિવસે મોઢામાંથી સિસોટીનો અવાજ ફૂટી નીકળ્યો. કેટલો બધો આનંદ થયો મને! જાણે પાણી ઉપર ચાલવાની કરામત હું કરી શક્યો! પછી તો સવાર સાંજ, બપોરે ને રાત્રે જ્યારે તક મળે ત્યારે મોઢામાંથી અવાજ કાઢું ને રાજીરાજી થાઉં.

કેટલાક લોકો કેવળ હોઠના અવાજમાંથી રાગરાગિણીઓ વગાડી શકે છે એ હું જાણતો હતો. રાગ-રાગ વચ્ચેનો ભેદ સમજાવવો હોય તો બંને રાગ એક પછી એક સિસોટી દ્વારા બતાવે, એટલે સા રે ગ મ પ ધ ની અક્ષરો લઇને ચર્ચા કરવી ન પડે. એટલે સુધી જવાની તો મારી હિંમત નહિ; પણ અવાજમાં આરોહ અવરોહ (ચડાણ-ઉતાર) બતાવતાં તો આવડવું જ જોઇએ. ખૂબ પ્રયત્ન પછી એ આવડી ગયું.

એ જ અરસામાં સંસ્કૃતમાં મારો રસ જામ્યો હતો. સંસ્કૃત છંદોની વ્યાખ્યાઓ મોઢે કરી માત્રામેળ ને અક્ષરમેળ (અક્ષરોના હ્રસ્વ-દીર્ઘ પ્રમાણે ગોઠવેલા) છંદ બંને હું શીખી ગયો. ત્રીસ-ચાળીસ છંદ તો હું એમના બંધારણ પ્રમાણે નાનપણથી ગાતો હતો. હવે સિસોટી દ્વારા સંસ્કૃત છંદ હું ગણગણવા લાગ્યો. જરાકે તક મળે કે લાગલા જ હોઠ ગોઠવાય અને સિસોટી દ્વારા જાતજાતના છંદો બોલું.

એમાં એક વાર બન્યું એવું કે કૉલેજના પહેલા વર્ષના મોટા વર્ગમાં એક બાજુએ હું મોજમાં બેઠો હતો એવામાં અચાનક મોંમાંથી જોરથી સીટી ફૂટી નીકળી! અધ્યાપક ને વિદ્યાર્થીઓ સૌ ચકિત થઈ ગયા. બધા આમતેમ જોવા લાગ્યા, પણ કોઈએ મને ઓળખી નહિ પાડ્યો. મેં પણ ઠાવકું મોં રાખીને આસપાસ જોવાનો ડોળ કર્યો કે સિસોટી કોણે વગાડી હશે! એક બે અંગત મિત્રો મારી સિસોટી-સાધના વિષે જાણતા હતા. એ મને પૂછે તે પહેલાં જ મેં કહ્યું: 'કેટલું બેહૂદું કહેવાય આ! કોકે ચાલતે વર્ગે એકદમ સિસોટી વગાડી. પ્રોફેસરનું ભાષણ ચાલે છે એનો પણ ખયાલ કર્યા વગર કોણે સિસોટી વગાડી હશે?' મેં જ વાત શરૂ કરી એટલે મારા પર શક લાવવાનું કોઇને સૂઝ્યું નહિ.

પણ રહેવાય નહિ. છંદ સિસોટવા જ જોઇએ એવી અંદરની ચળ દબાવવી સહેલી ન હતી. એક બે વાર હોઠોની એવી તૈયારી પણ થઈ ગઇ. હમણાં સીટી નીકળી પડશે એમ લાગે તે પહેલાં હું જાગૃત થઈ જતો અને સંકલ્પબળે એ તરત દબાવી દેતો. સીટી વગાડવાની કળા શીખવા માટે જેટલી મહેનત પડી એનાં કરતાં આ ચળ દબાવવાની મહેનત ઓછી ન હતી.

નાનપણથી જ મારા દાંત સહેજસાજ આગળપાછળ. મોંમાં એકધારા હારબંધ ગોઠવાએલા નહિ. પરિણામે દાતણ ગમે તેટલું ઘસું તો યે દાંત વચ્ચેના ખૂણા સુધી પહોંચી ન શકું. અંતે કેટલાક દાંત સાવ બગડી ગયા. એકબે, એકબે, કરતાં લગભગ બધા જ પડાવવા પડ્યા અને દાંતનું ચોકઠું હું પહેરવા લાગ્યો. ઉપરનું અને નીચલું એમ, આખું ચોકઠું પહેર્યા પછી બોલવાની સગવડ ઉત્તમ થઈ. સંસ્કૃત શ્લોકો પણ બોલતાં બરાબર ફાવી ગયા.

પણ નાનપણમાં આટલી બધી તપશ્ચર્યાથી મેળવેલી સિસોટી વગાડવાની કળા હું હવે ખોઈ બેઠો. હવે મોઢામાંથી અવાજના આરોહ અવરોહ નીકળે નહિ. જબરદસ્તી કરું તો મોઢામાંથી થોડો અવાજ નીકળે ખરો, પણ મારું સિસોટી-પુરાણ તો ત્યાં જ અટકી ગયું.

સંતોષ એટલો જ કે આજની એ મારી નિષ્ફળતા પર હસનાર કે ચીડવનાર હવે કોઇ રહ્યું નથી. પણ ઘણીવાર મનમાં કહું છું કે કેશુ અને ગોંદુ ભલે મારી મશ્કરી કરવા માટે પણ આવે તો કેટલું સારું! આવી પ્રાર્થના બર આવે એની સાધના હજી માણસજાતને જડી નથી.

૬ સોપારીનો અનુભવ

છેક નાનપણથી અમને કહેવામાં આવેલું કે નાના બાળકો સોંપારી ખાય એ સારું નહિ. સોપારી મોટેરાં માટે છે.

અમે તરત પૂછીએ કે બાળકો કેમ ન ખાય? જવાબ મળતો કે 'સોપારી ખાવાથી જીભ જાડી થઈને બુઠ્ઠી થઈ જાય છે અને તેથી વિદ્યા આવતી નથી. અને શ્રદ્ધાપૂર્વક અમે એ માની પણ લીધું હતું. અમે જોતા હતા કે કેટલાક લોકો આખો દિવસ બકરાની પેઠે પાન ચાવ્યા જ કરે. બોલે ત્યારે મોઢામાંથી થૂંક નીકળે એની એમને શરમ નહિ. મોઢામાં મુખરસ વધે તો ગમે ત્યાં પચ્ચ દઇને પિચકારી નાખે, અને જાણે કશો ગુનો કર્યો નથી એમ વાત આગળ ચલાવે! એ બધું જોઈ અમને ચીતરી ચડતી અને એ લોકો પ્રત્યે તિરસ્કાર ઊપજતો. અને છતાં જમ્યા પછી એકાદ પાનની જાડી નસો નાજુકાઈથી ઉતારી, થોડો કાથો-ચૂનો લગાડી, એમાં સોપારી, લવિંગ, એલાયચી, દાલચીની વગેરે નાખી બીડું બનાવી ખાઇએ તો કેવી મઝા પડે એમ તો લાગતું જ હતું.

મારા પિતાશ્રીને પાન ખાવાનો જરાયે શોખ નહિ. પાન બનાવીને આપીએ તો કોક વાર ખાય અને કહે કે બીડું સારું બનાવ્યું હતું. કોક વાર ઑફિસે જવાની ઉતાવળ હોય ત્યારે બીડું ગજવામાં નાખી ચાલતા થાય. કહે: ઑફિસે જઇને ખાઈશ. પણ મોટે ભાગે ભૂલી જ જાય.

એકબે વાર અમે (ગોંદુ ને હું) નાનકડું બીડું કરીને ચોરીછૂપીથી ખાધેલું. સારું લાગ્યું. જીભ અને હોઠનો રંગ સુધર્યો એ પણ ગમ્યું. પણ

પકડાઈ જવાની બીકે ફરી ફરી મોઢું ધોઈ ચૂપચાપ બેસી ગએલા પછી સોપારી ખાવાની કે પાન ખાવાની ખાસ ઈચ્છા એ કાળે થએલી નહિ.

આ સ્થિતિમાં અમે કૉલેજમાં ગયા. ત્યાં જમ્યા પછી જેને ઇચ્છા હોય તેમના માટે ક્લબમાં એક થાળીમાં સોપારીના નાના નાના કટકા કરીને રાખ્યા હોય. આવનાર-જનાર સદસ્ય એક બે કટકા મોંમાં નાખી ચાલતો થાય, પણ મને એ લેવાનું મન ન થતું.

'આપણે શું?' કરીને હું ચાલ્યો જતો.

સોપારીમાં એક બીજો પ્રકાર પણ હોય છે. સોપારીના ખૂબ ઝીણા કટકા કરી એને કાથાનું પાણી પાય છે. અને આ જ રીતે એના ઉપર બીજા સંસ્કાર પણ કરે છે. હું માનું છું કે એને 'મસાલાની સોપારી' કહેતા હતા. એના કટકા ચાવીને ખાતાં ખૂબ રસ પડતો. એટલે એવી સોપારી' કોઈ ઠેકાણે મળે તો કટકો મોઢામાં નાખવામાં વાંધો ન હતો.

અહીં જ એક બીજી વાત કહી દઉં. સાતારામાં સોપારીનું માહાત્મ્ય. અમારે ત્યાં નહિ જેવું. શાહપુર-બેળગામમાં પણ એમ જ. પણ જ્યારે અમે નાનપણમાં કારવાર ગયા ત્યારે ત્યાંના લોકોમાં સોપારીના ફળ (જેને ફોફળ કહે છે તે) કાચાં કાઢીને ખાવાનો રિવાજ ઘણો જોયો. જે કચ્છી શેઠના વિશાળ ઘરના એક ભાગમાં અમે ભાડે રહેતાં હતાં એ રામજી શેઠ ફોફળના મોટા ભક્ત. અમે એમની વાતો સાંભળવા અવારનવાર એમની આસપાસ ગોઠવાઇ જતા. ભાઈ સાહેબ કાચી સોપારી ખાય અને પછી બરાબર વાતે ચગે. એક દિવસે એ કાચી સોપારીનો કકડો લઇને મેં ખાઈ જોયો. ખાતાં સહેજ તીખા જેવો લાગ્યો. પણ એની અસર તો તરત માથા સુધી પહોંચી. હમણા ચક્કર આવશે એમ થતાંથતાંમાં તો ચક્કરની અસર તળે પૂરો સપડાઈ ગયો! કોઈ કાળે ખયાલ ન હતો કે સોપારી ખાતાં ચક્કરની મૂંઝવણ વેઠવી પડશે. પાછળથી જોયું કે રામજી શેઠ સાથે વાતો કરવા આવતા લોકો કાચી સોપારીનાં વખાણ કરતાં કહેતા કે એક અમુક ઝાડની સોપારી એટલી સારી કે કટકો મોઢામાં નાંખતાવેંત જ એકદમ ચક્કર ચડે! ત્યારે હું સમજી ગયો કે 'ચક્કર ચડવા' એ હાડમારી નથી પણ સોપારી ખાવામાંથી મળતો એક જાતનો ઉત્કટ આનંદ છે એ જાતના ચક્કરના અનુભવ માટે જ લોકો સોપારી ખાય છે! ખાઈખાઈને રીઢા થાય એટલે પૂરતા ચક્કર ન આવે એટલે પછી વધુ તેજ સોપારીનાં ઝાડ શોધવા નીકળે. એવું છે આ વ્યસનનું માહાત્મ્ય. ત્યારથી એ સોપારીનું નામ ન લીધું.

પણ હવે કૉલેજમાં, જમ્યા પછી સામાન્ય સોપારીનો એકાદ કટકો મોંમાં નાંખવામાં કશો વાંધો ન હતો એટલે વગર વિચારે, કશી યોજના વગર કોક વાર સોપારીના કકડા મોઢામાં નાંખી દઉં ને ચાલતો થાઉં.

પછી તો એની ટેવ પડી ગઈ. પણ ધ્યાનમાં ન આવ્યું કે ટેવ પડી છે. જમ્યા પછી ત્રણ-ચાર કકડા થાળીમાંથી લઈ લઉં અને સોપારી ચાવતાં ચાવતાં ક્લાસમાં પેસી જાઉં. સોપારી ચાવતો જાઉં ને પ્રોફેસર કરે તે વિષયનું વિવેચન ધ્યાનપૂર્વક સાંભળતો જાઉં. જાણે સોપારીની મદદથી ધ્યાન ઉત્કટ અને એકાગ્ર થઈ શકતું. આવી ટેવ પડ્યા પછી વધુ સોપારીની જરૂર જણાવા લાગી. ક્લબમાંથી જમીને નીકળું ત્યારે મોટો ચપટો ભરીને સોપારીના કકડા કૅાટકોટના ગજવામાં ભરી દઉં.

આગળ જતાં એકને બદલે બે હાથની મુઠ્ઠી ભરી લઈ બંને ખિસ્સાં ભરવા લાગ્યો. વ્યાખ્યાન સાંભળતો હોઉં અથવા ચોપડી વાંચતો હોઉં, સોપારીને કારણે જ જાણે ધ્યાન એકાગ્ર થવા લાગ્યું 'ગર વિચારે ચાલતા' અંતરમનનો આ અનુભવ હતો. જો ચર્ચાત્મક મન આ અનુભવ ઉપર વિચાર કરત તો એ અનુભવ ક્યાં સુધી સાચો છે અને ક્યાં સુધી નથી એની તપાસણી કરી શુદ્ધ નિર્ણય ઉપર આવત. પણ બુદ્ધિયુક્ત તાર્કિક મન ગેરહાજર હોય ત્યારે જ અંતરમન ઇંદ્રિયોના અનુભવ પર અભિપ્રાય બાંધે અને તે પ્રમાણે આચરણ ચલાવે. મને પણ એવા સૂક્ષ્મ મન તરફથી પ્રોત્સાહન મળતું ગયું અને સોપારીનું વ્યસન (હવે એને વ્યસન જ કહેવું જોઈએ) વધતું જ ગયું. મહિનાઓ ગયા પણ ધ્યાનમાં ન આવ્યું કે એક વ્યસનમાં હું પૂરો સપડાયો છું.

એક દિવસે સવારે શહેરમાંથી મોડો આવ્યો. ક્લબમાં જમવા ગયો ત્યારે બીજા બધા જમી ગયા હતા. જમી રહ્યા પછી જોયું તો સોપારીની થાળીમાં બે-ત્રણ કટકા જ રહ્યા હતા. મેં રસોઈયાને કહ્યું: 'મારે વધારે સોપારી જોઈએ છે. સ્ટોરમાંથી કાઢી કટકા કરી મને આપો.' એણે ડાહ્યું મોં રાખી કહ્યું: 'મહિનાનો આખર દિવસ છે. સ્ટોરમાં પણ સોપારી નથી નવા મહિનાની સોપારી કાલે આવશે. પછી તમને મુશ્કેલી નહિ નડે.' તુચ્છ સોપારી માટે એથી વધારે વિચાર કરવાનો શો હોય? સોપારીના બે કટકા ઉચકી હું ચાલતો થયો. પણ આખો દિવસ સોપારીનું જ ધ્યાન! સોપારી વગર કશું સૂઝે નહિ. વાંચવામાં પણ રસ ન પડે. પ્રોફેસરો બોલે એમાં ધ્યાન એકાગ્ર ન થાય. આખો દિવસ હેરાન હેરાન થયો. કોઈની આગળ કશી વાત પણ ન કરાય. જેમતેમ દિવસ પસાર કર્યો. રાતના ભોજન પછી ખાસ મિત્રો રોજની પેઠે નવ વાગ્યા સુધી વાતો કરવા ઓરડીમાં આવ્યા. પણ એમના વિનોદમાં પણ રસ ન પડ્યો. ઊંડું ગ્રંથવાચન, તાર્કિક ચર્ચા, હળવું સંભાષણ કે ઉમરલાયકના વિનોદો—કશામાં રસ ન પડે. આજે ગજવામાં સોપારી નથી, મોઢામાં સોપારી નથી, એ અનુભવથી આખું ભેજું સોપારીમય થઈ ગયું. જાણે સોપારીદેવીનો હું અનન્ય ભક્ત ન હોઉં?

રાત્રે પથારી ભેગો થયો. ઊંઘ ન આવે. મનમાં વિનોદ સૂઝ્યો. ઊંઘ અને સોપારી એકબીજાનાં વેરી છે. ભેજામાં જ્યાં સોપારી પેસી ગઇ છે ત્યાં ઊંઘને સ્થાન ક્યાંથી જ હોય?

ખબર નથી અંતે થાકીને ઊંઘ ક્યારે આવી. સવારે રોજ કરતાં વહેલો જાગ્યો. હવે સોપારી-રસિયું અંતરમન થાક્યું હતું ને આખા દિવસ-રાતના, ચોવીસ કલાકના અનુભવથી બુદ્ધિયુક્ત મન (જેને વિવેક કહેવાય) ઠીક જાગ્રત થયું હતું. એણે નિશ્ચય કર્યો કે ગમે તે થાઓ, અગવડ વેઠીશ, સોપારીને અભાવે થતી મૂંઝવણ વેઠીશ, પણ હવે સોપારીનો કટકો મોંમાં નહિ નાખું. સંકલ્પ જાગ્યો. એ પ્રમાણે વ્રત લેવાનું નક્કી કર્યું; પણ ડાહ્યા મને કહ્યું; આખા જન્મારા માટે આકરું વ્રત લઈશ મા. એક લત લાગી છે તે તોડવી છે. તેના પર વિજય મેળવવો છે. ફરી એવી લતના શિકારી થવું નથી. માટે 'આજથી છ વર્ષ સુધી સોપારીનો કટકો મોઢામાં ન નાંખું" એ જાતનું વ્રત લઈશ તો યોગ્ય ગણાશે. લત દૂર થયા પછી વ્રતની જરૂર નહિ રહે. એટલે છ વર્ષ બસ છે. (છ વર્ષ માટે જ કે ત્રણ એ બરાબર યાદ નથી.) એ જ કૉલેજના દિવસોમાં આગળ જતાં છ વર્ષ સુધી ખાંડ ન ખાવાનું પણ મેં વ્રત લીધું હતું. તે ગાંધીજીના આશ્રમમાં દાખલ થયો ત્યારે પણ ચાલુ હતું.

આ બંને વ્રત મેં અત્યંત ચોકસાઈથી પાળ્યાં. માત્ર બંનેનાં વર્ષો વચ્ચે કાંઈક ગોટાળો કદાચ કરતો હોઈશ. ખાંડ ન ખાવાનું વ્રત છ વર્ષ માટે હતું એ તો સ્પષ્ટ યાદ છે; સોપારીની મુદત બરાબર યાદ નથી. પણ સોપારી છૂટી તે કાયમને માટે છૂટી. પાન ખાવાનું મન કોઈ વાર થાય છે. પાન થોડું ને નિયમિત ખાવામાં કશો દોષ નથી માનતો, છતાં હું પાન ખાતો નથી. એનાં કારણો બે: (૧) આશ્રમવાસી તરીકે પાન ન ખાવાનો અમારો રિવાજ પાળવા જેવો છે. અને (૨) પાન ખાવાની હવે છૂટ થઈ છે માટે કોક કોકવાર પાન ખાવું જ જોઇએ એવું કોણે કહ્યું? પાન આરોગ્ય માટે ભલે હિતકર હોય, પણ એ ખોરાક તો નથી જ. એ ખાવાની ઇચ્છા રોગમાં સામિલ કરાય. એટલે હવે પાન મળે તોયે એ મોંમાં નાખવાની ઇચ્છા જ થતી નથી. (ચાલુ)

જીવનપટનાં સ્મૃતિચિત્રો

રવિશંકર રાવળનું આત્મકથાનક-૧૦૩

૫૧૬ પ્રવૃત્તિ

હવે બચુભાઈએ હાજીમહમ્મદ-સ્મારક-ગ્રંથ માટે આવેલા લેખોનું સંપાદન કરી નાખ્યું તેમજ મેં એક મુખ્ય સ્મારક-ચિત્ર તથા લેખો સાથેનાં સુશોભનો તૈયાર કર્યાં અને લખાણનાં ફૉર્મ છપાવા લાગ્યાં. બીજી તરફ મારી પાસે વિદ્યાર્થી-સમૂહ પણ આવતો-જતો ચાલુ હતો. સૅમસનને આ ઘર શોધી આપવાનું માન તથા ગૌરવ હતાં અને તે વખતોવખત આવી જતા. મારી પાસે મહિનાનો ખર્ચ ચાલે એટલું કામ પડ્યું જ રહેતું. એવામાં ડાહ્યાભાઈ લક્ષ્મણભાઈ પટેલને ચરોતર કેળવણી મંડળ તરફથી નવા નીકળનારા 'બાલમિત્ર' માસિકનું સંપાદન સોંપાયું. એનાં ચિત્રો સંબંધી મારી સલાહ લેવાની તેમને સૂચના હતી, એટલે તે પણ નજીકની લાખા પટેલની પોળમાંથી મારે ત્યાં આવતા અને આડકતરી રીતે હું મારા સંપાદન-કાર્યના વિચારો તેમના કામમાં જોડી અનુભવ મેળવતો. 'બાલમિત્ર'નું પૂઠું તેમજ અંદરનાં કેટલાંક ચિત્રો મેં તેમને કરી આપ્યાં, તેના બ્લૉક થવા કલકત્તા મોકલી આપ્યા હતા.

૫૧૭ કલકત્તામાં કદર

એક દિવસ સૅમસને આવીને 'ટાઈમ્સ'માંની કાપેલી એક જાહેરખબરના કાપલી મારી પાસે મૂકી. કલકત્તાના ઔદ્યોગિક પ્રદર્શન માટે એક પોસ્ટર (જાહેરાતનું ભીંતચિત્ર) કરવાની સ્પર્ધા હતી. ઈનામો રૂ. ૧૦૦૦, ૩૦૦ અને ૧૫૦નાં હતાં, પરંતુ તેની મુદત હવે થોડીક જ રહી હતી. ચારેક દિવસમાં ચિત્ર થાય તો જ વખતસર મોકલી શકાય અને પ્રવેશ મળે. મેં તરત ૩૦×૪૦ ઈંચના માપના જાડા કાર્ટ્રિજ પેપર ઉપર ચારકોલનો સ્કેચ ગોઠવ્યો અને બજારમાંથી પડીકામાં મળતા પાઉડર રંગો લાવી તેને સરેશમાં મેળવી તૈયાર કર્યા (એ વખતે પોસ્ટરના રંગો બજારમાં હજી આવ્યા ન હતા.) મેં ચિત્રમાં ભારતીય તત્ત્વોનું જ સંયોજન કર્યું અને વખતસર ટપાલમાં વિદાય કર્યું; ને પછી એ વાત મનમાંથી સરી ગઈ. પણ એકાદ માસ બાદ અચાનક એક દિવસે કલકત્તાનો તાર મળ્યો કે મને બીજા નંબરનું રૂ. ૩૦૦નું ઈનામ મળ્યું છે.

આને મેં એક સારું શુકન માન્યું કે કલકત્તા જેવા દૂરના નગરમાં પણ મારો એકડો પડ્યો છે. થોડા વખતે પ્રદર્શન-પત્રિકા આવી ત્યારે તેમાં હરીફાઈમાં ઈનામ પામેલાં ચિત્રો છપાએલાં જોયાં. તેમાં પહેલું ઈનામ બંગાળી ચિત્રકાર પૂર્ણચંદ્રના જે ચિત્રને અપાયું હતું એ જોઈ મને કંઈક અન્યાય થયો પણ લાગ્યો. તેના ચિત્રમાં સંયોજન કશું નહોતું પણ માત્ર એક બંગાળી સ્ત્રી પરદો ઊંચો કરી રહેલી બતાવી હતી. બીજા મિત્રોનો પણ એવો જ અભિપ્રાય હતો, છતાં મેં મન વાળ્યું કે મારો પ્રયત્ન સાવ એળે ગયો નહોતો. આ તક ભાઈ સૅમસનને લીધે જ હું ઝડપી શક્યો હતો, એટલે તેને પણ તેના સદ્‌ભાવ માટે ધન્યવાદ આપ્યા.

આ જ અરસામાં કલકત્તાથી 'ઇન્ડિયન આર્ટ' નામના કલા-ત્રૈમાસિકનો પહેલો અંક આવ્યો. તે ઉઘાડી જોઉં છું તો મારું 'પ્રણયબંસરી'નું ચિત્ર પૂર્ણરંગી બ્લૉકમાં છપાએલું હતું. મારી કલકત્તાની સફર વખતે 'ઇન્ડિયન આર્ટ'ની કચેરીમાં હું ગયો ત્યારે તેમને એક ચિત્ર મોકલવા મેં વચન આપેલું તે પ્રમાણે મેં આ ચિત્ર રેલવે પારસલથી મોકલાવેલું. મારું પહેલવહેલું પૂર્ણરંગી ચિત્ર પણ કલકત્તા જેવા કલાધામમાંથી પ્રકટ થયું તેનો હર્ષ મને ઘણો થયો.

૫૧૮ 'નવચેતન'

અને આ જ ગાળામાં કલકત્તાની જ ટપાલ ત્રીજા સમાચાર લાવી.. ચાંપશીભાઈ ઉદેશીનો પત્ર હતો કે તે પોતે 'વીસમી સદી'ની ગેરહાજરી પૂરવા 'નવચેતન' નામનું માસિક શરૂ કરવાના છે અને મારો સહકાર



ગુજરાત વર્નાક્યુલર સોસાએટી (હાલની ગુજરાત વિદ્યાસભા)ના મુખ્ય કારભારી આસિ. સેક્રે. હીરાલાલ ત્રિભુવનદાસ પારેખ, સ્વ. રણજિતરામની પેઠે ગુજરાતની સાંસ્કૃતિક અસ્મિતામાં રસ લેનાર, મારા મોટા સહાનુભૂત મિત્ર હતા.

વાંછે છે. મેં તેમને ઘણી લાગણીથી પત્ર લખ્યો કે હાજીમહમ્મદ પત્ર કાઢીને ખુવાર થઈ ગયા અને તમે એ માર્ગે ન જાઓ તો સારું. સાથે જ મેં 'પ્રણયબંસરી' ઇન્ડિયન આર્ટમાં છપાયું હતું તે જોવા અને મારું અસલ ચિત્ર પારસલથી પાછું મોકલવાની તજવીજ કરવા લખ્યું. વળી તે જ વખતે મુંબાઈથી કનૈયાલાલ મુનશી 'ગુજરાત' માસિક કાઢવાની મોટી તૈયારી કરી રહ્યા હતા, તેની હરીફાઈમાં ચાંપશીભાઈનાં સાધનશક્તિ અલ્પ કહેવાય. એમ જણાવીને પણ મેં તેમને ખામોશી રાખવા સમજાવ્યા હતા, પણ આ ઉત્સાહભર્યા ઊર્મિશીલ મિત્રે તો મારી આશંકાઓથી હારી ન જતાં 'નવચેતન'ની તૈયારી કરવા જ માંડી.

૫૧૯ અણધાર્યો પલટો

આ રીતે ખાડિયાની પોળમાં મારો વ્યવસાય અને વ્યવહાર કંઈક સ્થિરતા પામતાં જતાં હતાં. એ જમાનામાં ગુજરાતમાં કાલ્પનિક ચિત્રો કરી આપનારમાં હું જ અગ્રણી હતો એટલે ઘણા લેખકો તરફથી તેમનાં પુસ્તકો સચિત્ર કરવાનું કામ મને મળતું હતું અને ઘરઆંગણે જ સુખપૂર્વક મારો યોગ્ય ખર્ચ નભાવી શકું તેમ હતો. પરંતુ હવે માથે લીધેલા હાજીમહમ્મદ સ્મારક ગ્રંથની જવાબદારીને અંગે બચુભાઈના યોગક્ષેમ તથા મુદ્રણકાર્યના કાગળ છપાઈ આદિનું જે ખર્ચ દર માસે ચડતું હતું તેને પહોંચી વળવા મારે ઘણી બાબતોમાં સંકોચ અને તંગી ભોગવવાં પડતાં હતાં. એવામાં મારી ભાવના અને શ્રદ્ધાને ટકાવી રાખનારો એક પ્રસંગ અણધાર્યો આવી મળ્યો.

હું હમેશાં સવારમાં કામનો વિચાર અને પ્રારંભ કરતો અને બપોરે જમીને કલાક જેટલી વિશ્રાન્તિ બાદ કામ પર બેસી જતો. ત્રણ કે ચાર કલાકનું એ કામ મને મારો રોજનો ખર્ચ આપી રહેતું. બાકી મળતા સમયમાં વાચન અને અભ્યાસ વધારતો. તે પછી ચાર વાગ્યે ઘણી વાર શહેરના મિત્રો કે ગુજરાત વર્નાક્યુલર સોસાએટી (હાલની વિદ્યાસભા - માં જઈ હીરાલાલ પારેખ પાસે ડૉ. હરિપ્રસાદ કે કોઈ વિદ્વાન મિત્રો આવ્યા હોય તેમની સાથે વાતો કરતાં બધાં ચોપાનિયાં જોઈ લેતો. આથી હમેશાં વિશ્વની હકીકતો મારા ધ્યાનમાં રહેતી. મારી સાઈકલ ચાલુ હતી. જોકે હવે ઘણી વાર બચુભાઈને પ્રેસના આંટા માટે પણ તે



'બાલમિત્ર'ના પહેલા તંત્રી
ડાહ્યાભાઈ લ. પટેલ

ઉપયોગી થતી. છતાં મારે માટે પણ તે એક હાથસાધન રહી હતી.

એક વાર રીચીરોડ(હાલ ગાંધી રોડ) પરથી સાઈકલ પર જતાં હું એક મિત્રની દુકાન પર રોકાયો હતો એવામાં વીરમગામના મારા મિત્ર નંદલાલ દલાલ સાઈકલ પર નીકળ્યા ને મને જોઇને રોકાઈ ગયા. એક વખત તેમણે રંગૂનમાં કાપડના કટપીસની દુકાન કરેલી, ત્યાંથી દેશમાં આવ્યા પછી શેઠ અંબાલાલ સારાભાઈને ત્યાં હોમ-સેક્રેટરી (ગૃહકારભારી) થયા હતા. તેમણે મને તરત પૂછ્યું: 'અંબાલાલ શેઠે એક ચિત્રશિક્ષક માટે જાહેર ખબર આપી છે, તે માટે તમે કેમ અરજી કરી નથી? મુંબાઈના ટાઇમ્સ ઑવ ઇન્ડિયા તેમજ દિલ્હી અને કલકત્તાનાં દૈનિકોમાં એ છપાઈ છે અને કાલે તો અરજીની મુદત પૂરી થાય છે.' મેં કહ્યું: 'હું આ પેપરો જોતો નથી, તેમજ નોકરી માટે મેં કદી ઈચ્છા પણ કરી નથી. વળી તમારા શેઠ શિક્ષકની નોકરી માટે ચિત્રકારને યોગ્ય પગાર આપવાના ખરા?'

'તમે ભૂલો છો.' તેણે ઉત્સાહથી કહ્યું: 'આ કંઈ જેવી તેવી નોકરી નથી. શેઠનો હેતુ શ્રેષ્ઠ શિક્ષક મેળવવાનો છે અને કલકત્તા, દિલ્હી તેમજ મુંબાઈથી ઘણા ચિત્રકારોએ અરજીઓ કરી છે. તમારા જેવા માટે આ એક ઉમદા તક છે.'

'જો તમે એમ માનતા હો તો હું મારી આવકનો ખ્યાલ આપી અરજી કરું, પણ હવે તો સમય વીતી ગયો છે.' મેં કહ્યું. તેણે ઇંતેજારીપૂર્વક કહ્યું કે 'હજુ કાલનો દિવસ બાકી છે. તમે અત્યારે જ મને એક કાગળ પર અરજી લખી આપી દો; હું તે સેક્રેટરી પાસે ફાઇલમાં મુકાવીશ.' એટલે મેં દુકાનવાળા મિત્ર પાસેથી કાગળ લઈ અરજી લખી નાખી. તેમાં મારી આવકનો અંદાજ જણાવ્યો અને સાથે ઉમેર્યું કે તરત 'ગુજરાતમાં યોગ્ય ચિત્રશિક્ષક નથી એવું કલંક ન રહે એટલા માટે જ આ અરજી કરી છે.' અને નંદલાલભાઈ અરજી લઈ રવાના થયા.

ચારપાંચ દિવસ પછી શેઠ અંબાલાલ તરફથી પત્ર આવ્યો કે જણાવેલી તારીખે મુલાકાત માટે આવી મળો. હું જરા વિસ્મય પામ્યો. સાવ અશક્ય માનેલી વાત આમ વાસ્તવિક રૂપ લેશે એની મને કલ્પના ન હતી.

૫૨૦ અંબાલાલ સારાભાઈને ત્યાં

પત્રમાં જણાવેલી તારીખે હું મારી સાઈકલ પર શાહીબાગમાંના શેઠ અંબાલાલ સારાભાઈના 'રિટ્રીટ' બંગલા પર સમયસર પહોંચી ગયો અને દરવાન સાથે ચિઠ્ઠી મોકલી. તરત પાછા આવી તેણે મને દીવાનખંડમાં બેસાડ્યો. થોડી વારે શેઠનાં પત્ની શ્રી સરલાદેવી આવ્યાં. મેં ઊભા થઈ નમસ્કાર કર્યા. તેમણે તરત કહ્યું: 'મિ. રાવળ, આપણે બાગમાં જઈએ, ત્યાં ઠીક વાત થશે.' ને ચોકીદાર તરફ જોઈ કહ્યું: 'શેઠસાહેબને ખબર આપો કે મિ. રાવળ આવી ગયા છે.'

મને ખબર હતી કે એ કાળે શ્રીમંતોનાં કુટુંબોમાં સરલાદેવી જેવાં સુશિક્ષિત સંસ્કારી સન્નારી ભાગ્યે જ હશે. એમની પાછળ હું એમના વિશાળ બાગમાં આવેલા ચોમેર વનરાજીથી ઘેરાએલા એક નાનકડા ચોગાનમાં પહોંચ્યો. ત્યાં નેતરની ખુરશીઓ અને ટેબલ ગોઠવેલાં હતાં. અમે પહોંચ્યાં ત્યાં પાછળ ચાર-પાંચ બાળકોનું જૂથ આવી પહોંચ્યું. એમને સરલાદેવીએ કરી કહ્યું: 'આ મિ. રાવળ તમને ચિત્રકામ શીખવવાના છે.' તરત તે બધાંએ વિવેકપૂર્વક મારી તરફ જોઈ વંદન કર્યું. મેં પણ હસીને તેમને વળતો ઉત્તર આપ્યો.

થોડી વારે શેઠ અંબાલાલ અને પાછળ ફાઇલ સાથે તેમના ઑફિસ સેક્રેટરી આવી પહોંચ્યા. મારો પરિચય આપીને પછી સરલાદેવીએ કહ્યું: 'ચા આવી ગઈ છે, આપણે પહેલાં તે પતાવી વાતો કરીએ.' નોકરો બે મોટી ટ્રેમાં ચાનો સામાન લાવ્યા હતા. નાસ્તાની રકાબી ને ચા દરેક માટે સરલાદેવીએ જાતે તૈયાર કર્યાં. ચા પતી ગયા પછી બાળકોને થોડી વાર દૂર જવા તેમણે કહ્યું ને અંબાલાલ શેઠે વાત ઉપાડી. સેક્રેટરી તેમની સામે ટેબલ પર ફાઇલ મૂકીને પાછળ ખુરશી પર નોંધ લેતા બેઠા.

અંબાલાલ શેઠે પોતાની યોજનાઓનો ખ્યાલ આપતાં કહ્યું: 'અમારી ઘરની શાળાને વિકસાવવાનો અમારો ઇરાદો છે. તેમાં શિક્ષણ સાથે મદદરૂપ મ્યૂઝિયમ આદિ કરવાના, પ્રવાસથી પ્રત્યક્ષ જ્ઞાન બાળકોને આપવાના ને શક્ય તે રીતે વિજ્ઞાન તથા કળાઓના પ્રકારોના લાભ કેળવણીમાં ઊતારવાની અમને અભિલાષા છે. ખર્ચ માટે સંકોચ રાખવાનો નથી, પણ તમને નિમણૂક આપ્યા પછી તમારો બધો સમય અને ચિંતા આ શાળા માટે જ આપવાનાં રહેશે. બહારનાં કામકાજ તેમજ જાહેર પ્રવૃત્તિઓ કે લેખન બંધ રાખવાં પડશે. એ માટે અમારો ખાસ આગ્રહ એટલા માટે છે કે તમારી સર્વ શક્તિઓનો લાભ આ શાળાને જ મળે. આ માટે ખાસ શરત એ છે કે તમારે અમારા નિવાસ નજીક તમને આપવામાં આવનાર મકાનમાં આવી વસવું પડશે.'

મેં મારી સરેરાશ આવકનો ખ્યાલ આપ્યો. સ્વતંત્ર કામ કરતો હોવાથી મારી પાસે ઘરાકોનાં ચાલુ કામ પડ્યાં હતાં તે જણાવ્યું. વળી હાજી-સ્મારકગ્રંથ હજી અર્ધે પહોંચ્યો હતો એટલે એ જવાબદારી અદા કરવામાં બાધ ન આવે એ રીતે જ હું રહી શકીશ એની સ્પષ્ટતા કરી.

એમણે મારી બાધાઓનો તરત સ્વીકાર કરી લીધો અને કહ્યું કે તમે અહીં જોડાઈ ગયા પછી બે માસમાં લીધેલાં ચાલુ કામ પૂરાં કરી નાખજો, નવું કામ લેશો નહિ તેમજ હાજી-ગ્રંથનું કામ હાથ પર રાખી તમારે માટેના અહીંના મકાનમાં આવી જશો.'

મને લાગ્યું કે તેમણે ઘણી ઉત્કંઠાથી મને તેમની યોજનામાં જોડી દેવા તૈયારી બતાવી છે, તો મારે પીછેહઠ કરવી ન જોઈએ. મારી બધી વાતોનો ખુલાસો થયો દેખાયો, પણ હું મારાં પોતાનાં બાળકોના અભ્યાસનું અને શાળાનું શું થશે તેનો ખયાલ કરવો ભૂલી જ ગયો.

વાતો પૂરી થઈ એટલે સરલાદેવીએ બાળકોને ફરી બોલાવ્યાં અને જણાવ્યું કે 'રાવળ-માસ્તર થોડા દિવસમાં અહીં આવશે અને તમને ચિત્રકામ શીખવશે. તમે સૌ ચિત્ર જરૂર શીખજો.' બધાં બાળકો હસી રહ્યાં હતાં. મધુર ચહેરાવાળી લીનાબહેન ખુશખુશાલ હતી.

૫૨૧ ઘરની મૂંઝવણો

આ મુલાકાતનો હેવાલ મેં ઘેર આવી મારી પત્નીને કહેતાં તે તો ખળભળી ઊઠી. 'મારાથી આ ઘરની નિરાંત છોડી ક્યાંય નહિ જવાય.' એમ કહીને આખી પરિસ્થિતિ પર તેના મનની ઊલટી છાપ પ્રકટ કરી. મેં ઘણી રીતે સમજ પાડી કે 'આ મકાન આપણે કાઢી નહિ નાખીએ; આપણે ગમે ત્યારે આવી શકીશું; સામાન પણ કામચલાઉ લઇને અંબાલાલ શેઠને ત્યાં જઈશું; અને આ બધી ગોઠવણ હાલ તો એક જ વર્ષ માટે સ્વીકારી છે. વર્ષ પૂરું થયા પછી બંને પક્ષ રાજીખુશી હશે તેમ થશે, પણ હાલ તો મારી નવી જવાબદારી માટે મને આથી ખૂબ જ નિરાંત રહેશે.'

આટલી વાત થવા છતાં ઊંડેઊંડે મને પણ શંકા હતી કે આમ એકાએક વાત નક્કી થઈ શકે ખરી? પણ ત્યાં તો ત્રીજે દિવસે શેઠ અંબાલાલની સહી સાથે ટાઈપ કરેલો પત્ર મળ્યો કે મને ચિત્રકાર્ય માટે તેમની ગૃહશાળામાં રોકી લેવાનો તેમણે નિર્ણય કર્યો છે અને મારે તા. ૧ એપ્રિલથી મારું કામ સંભાળી લેવું. સાથે નીચે અંક પાડીને મેં જે શરતો માગી હતી તે દરેક વિગતવાર મંજૂર રાખી હતી. મારા માટે પાછા ફરાય એવો એક પણ વાંધો તેમણે રહેવા દીધો નહોતો. મારા માટેનું મકાન સાફ





નંદલાલભાઈ



ડાબી બાજુ: કરુણાશંકર માસ્તર; જમણી બાજુ નીચે: મિ. સ્ટૅન્ડિંગ

કરાવવા માટે જે વખત લાગે તેટલો સમય શહેરમાંથી રોજ ત્યાં જતા ઇતર વિષયોના શિક્ષકોની સાથે ગાડીમાં આવજા કરવાની ગોઠવણ પણ થઈ હતી. મેં તરત સ્વીકાર કરતો જવાબ લખી નાખ્યો.

૫૨૨ કરુણાશંકર માસ્તર

આ વાતની પહેલી જાણ મેં ગુજરાત વર્નાક્યુલર સોસાએટીમાં જઈ મારા મિત્ર હીરાલાલ પારેખને કહી. તે તો એટલા બધા ખુશ થયા કે ચિત્રકાર માટે અમદાવાદમાં આવું સન્માનભર્યું સ્થાન મળે છે તે મિત્રોને જણાવવું જોઈએ, અને નજીકના જ રવિવારે મારા સન્માનમાં અંગત પાંચસાત મિત્રોને ચા-નાસ્તા માટે નોતર્યા. વળી સલાહ આપી કે શિક્ષણમાં કલાનો આવો આદર કરવામાં શ્રી સરલાદેવીના ગુરુસમ કરુણાશંકર માસ્તર જ હોવા જોઈએ માટે તેમને મળી સલાહ લેવી.

એ કાળે ભાવનાપૂર્વક શિક્ષણનું કાર્ય કરનાર તરીકે કરુણાશંકર માસ્તરનું નામ અમદાવાદમાં જાણીતું હતું. હું એમને મળ્યો ત્યારે મને હૃદયથી આવકાર આપી જણાવ્યું કે મારી વાત તેમણે સરલાદેવી પાસેથી જાણી હતી અને મારી નિમણૂકથી તે બહુ જ હર્ષિત થયા હતા, કારણ કે તેઓ ભારતીય સંસ્કૃતિના સબળ સમર્થક હતા. અંબાલાલ શેઠનાં બાળકોની વય પ્રમાણે તેમનો અભ્યાસક્રમ ઘડવામાં તેમનો નિર્ણય આખરી હતો અને તેમની જ સૂચના-સલાહ પ્રમાણે ગણિત, અંગ્રેજી, ઇતિહાસ વગેરે વિષયોના શિક્ષકો પણ તેમની જ પસંદગીના હતા. મેં એમને મારી શરતોની વાત કરી ત્યારે બોલી ગયા કે એમાં જરા ભૂલ થઈ છે; પણ ચિંતા કરશો નહિ, બધું સંભાળી લઈશું, તમે રહેવાનું ફેરવો ત્યાં સુધી રોજ અમારી સાથે જ આવવાનું રાખજો. નીકળવાના સમયે સૌ અહીં શહેરમાં મારે ત્યાં જ ભેગા થઈએ છીએ.

૫૨૩ શિક્ષકમંડળમાં

એ વાત પછી પહેલી તારીખથી હું ત્રણ-ચાર શિક્ષક-મિત્રોની સાથે જોડાઈ ગયો. હું તદ્દન જુદા ક્ષેત્રનો જીવ એમની શાળાના અને પુસ્તકોના અભ્યાસક્રમોની વાતમાં ભળી શકતો નહિ એટલે મૂગો જ રહેતો. કરુણાશંકર માસ્તર તેમને અહીં લાવવામાં કારણભૂત હતા એટલે દરેક બાબતમાં તેમની ભાવના અને દોરવણી પ્રમાણે જ તેઓ વર્તતા. એમનું મગજ શાળાઓ અને પાઠ્યપુસ્તકોની હવામાં જ વિકાસ પામેલું હતું એ હું તરત સમજી ગયો. ધીરે ધીરે પરિચય વધતો ગયો તેમ હું તેમને વધારે સમજતો ગયો. એ બધા શ્રી મોતીભાઈ અમીનના અનુયાયી ભાવના-ભક્તો હતા. બીજા બે શિક્ષકો અંબાલાલ શેઠે આપેલા નિવાસમાં જ રહેતા. તેઓ બંને નિરાળી જ હવામાં તાલીમ પામેલા જીવ હતા. એક હતા પંડિત વિષ્ણુ દિગંબરની પાસે નવ વર્ષ રહી સંગીતની સંપૂર્ણ દીક્ષા પામેલા સંગીત-શિક્ષક આપ્ટેમાસ્તર. તે પૂરા મહારાષ્ટ્રીય, સ્વભાવે આનંદી ને સરળ પણ સંગીતની દુનિયા સિવાયનું કશું જ્ઞાન નહિ. અમારી વાતચીત હિંદીમાં ચાલતી. બીજા હતા મિ. એડવિન એમ. સ્ટૅન્ડિંગ. એ મૅડમ મૉન્ટેસૉરીના અંતેવાસી જેવા અને મૅડમની ભલામણથી જ મૉન્ટેસૉરી સિદ્ધાંતો પ્રમાણે અહીંનાં બાળકોને કેળવણી આપવા સરલાદેવી સાથે ભારતમાં પ્રથમ જ આવેલા હતા. તેઓ શેઠ અંબાલાલના કુટુંબ સાથે જ રહ્યા હતા, કારણ કે તે એકલા હતા અને તેમના ખાનપાનનો સર્વ બંદોબસ્ત બંગલામાં શક્ય હતો. તે આયરલૅન્ડના વતની અને શિક્ષણશાસ્ત્રના ગ્રૅજ્યુએટ અને જ્ઞાતા હતા. કળા, સંગીત, રમત, પ્રવાસ વગેરેમાં સંપૂર્ણ રસ ધરાવતા હતા. તેઓ અંગ્રેજીમાં સૌની સાથે વાત કરતા. યુરોપિયન છતાં પ્રાર્થના સમયે સૌની સાથે તકલીફ વેઠીને પણ પલાંઠી વાળીને બેસતા. સંતો અને વીરોની વાર્તાઓ કહી બાળકો સાથે મન મેળવી લેવાની તેનામાં અજબ ધીરજ અને કળા હતાં. અમારું સ્થાનિક શિક્ષક-મંડળ તે મળતા થવા આવે તો પણ અતડું અને મૌન રહેતું,—કદાચ અંગ્રેજીમાં વાતચીત કરવાનો એમને સંકોચ થતો હશે. પણ મારી સાથે તો મિ. સ્ટૅન્ડિંગે એકદમ સુંદર મૈત્રીભાવ સ્થાપી દીધો.

(ચાલુ)

શ્રી રસિકલાલ પરીખને માન-પુરસ્કાર

સુકીર્તિત ગુજરાતી કલાકારોને દર વર્ષે માન-પુરસ્કાર આપવાના ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમીના પ્રશંસનીય નિયમ અનુસાર સર્વશ્રી રવિશંકર રાવળ, જગન્નાથ અહિવાસી, શ્રીધર નારાયણ બેન્દ્રે, કનુ દેસાઈ, છગનલાલ જાદવ અને સોમાલાલ શાહ પછી આ વર્ષે એ માન જાણીતા કલાકાર શ્રી રસિકલાલ પરીખને આપવાનો નિર્ણય જાહેર થયો છે. આવતા માસમાં યોજનાર ૧૧મા રાજ્ય-કલા-પ્રદર્શનના ઉદ્ઘાટનમાં રૂ. ૧૦૦૧, શાલ અને એક તામ્રપત્ર વડે શ્રી પરીખનું બહુમાન કરવામાં આવશે. એ નિમિત્તે 'કુમાર'ના આગામી અંકમાં એમનો પરિચય આપતાં અમે આનંદ અનુભવીશું.

હરિ: ૐ આશ્રમનું
ઑક્ટોબર અંક માટેનું રૂ. પચાસનું
જીવનચરિત્ર પારિતોષિક
ઈશ્વરચન્દ્ર વિદ્યાસાગર
ના લેખક શ્રી ધીરુભાઈ પરીખને મળે છે.

આપણાં કિશોર-કિશોરીઓના પ્રશ્નોની નિખાલસ અને તલસ્પર્શી વિચારણા કરતી લેખમાળા

તારુણ્યની તકલીફો

લેખક

ડૅા. શિવપ્રસાદ ત્રિવેદી

૨ • યૌવનારંભ : વયસંધિકાળ : પ્યૂબર્ટી

જ્યારે કિશોરોનો બાંટો ઘેરો થાય છે, તેમને હૈડિયો ફૂટે છે અને કન્યાઓ પ્રત્યે નવા ને ઉત્કટ ભાવો ઊગવા માંડે છે...

જ્યારે પહેલી પુખ્તતા ધારણ કરતી કિશોરીઓ શરમાળ બને છે, ખીલતા યૌવનને સંતાડવા ખૂંધી ચાલે ચાલે છે અને મનમાં અનેક મૂંઝવણો અનુભવે છે...

બધાં સસ્તન પ્રાણીઓમાં માનવી લાંબામાં લાંબું જીવે છે—વિશાળકાય હાથી કરતાં પણ વધારે. પણ વિશિષ્ટતા કહો કે વિચિત્રતા, તેનો ગર્ભવાસ લાંબા કાળનો હોવા છતાં બીજાં પ્રાણીઓની સરખામણીમાં જન્મ સમયે તેને મોટું કદ કે પકવતા પ્રાપ્ત થતાં નથી. જન્મ બાદ પણ તે લાંબા સમય સુધી અ-પ્રૌઢ રહે છે.

માતાના ઉદરમાં હૂંફ અને સુખચેનમાં રહેલું બાળક જન્મ્યા બાદ પણ થોડા મહિના માતાના ખોળામાં હૂંફ, વાત્સલ્ય અને સુખચેન ધાવણમાંથી પામતું રહી મોટું થાય છે. પણ પછી તે મોટું થતું જાય છે તેમ તે બીજાઓ કરતાં જુદા હોવાનું અને પછી તેમાંના એક હોવાનું શીખે છે.

અમુક ઉમરે તે ઘૂંટણિયે પડે છે. થોડા મહિના પછી બોલતું થાય છે અને ચાલતાં શીખીને સ્વતંત્ર વ્યક્તિ તરીકે પોતાનું સ્થાન મેળવવા પ્રયત્ન કરે છે. એ રમતગમત દ્વારા લાગણીઓની પકવતા મેળવે છે. પુખ્ત વયનું પ્રાવીણ્ય મેળવવાનું આ એક સાધન છે. હવે એકાકી રમવાને બદલે તે સમૂહમાં રમી સામાજિક મેળ સાધવાનું પગલું ભરે છે.

ઉમર વધતાં તેનામાં નવી યોગ્યતાઓ ને રસવૃત્તિઓ વિકાસ પામે છે. વિકાસના દરેક તબક્કે પોતે, જાણે કે, નવીન વ્યક્તિ હોય એવું તેને લાગે છે. આ વિકાસ કુદરતી જન્મજાત પ્રક્રિયા છે અને તે કોઈના ય પ્રયત્ન કે તાલીમ વિના ચાલુ રહે છે. આમાં પરિસ્થિતિ મહત્ત્વનો ભાગ ભજવે છે. જેટલી પરિસ્થિતિ સારી તેટલો વિકાસ ચડિયાતો થાય છે.

જિંદગીનાં પહેલાં ત્રણ વરસમાં બાળકે સંગઠિત કરેલા વ્યક્તિત્વનો ચારથી સાત વર્ષની ઉમર દરમિયાન વિકાસ થાય છે અને તેનું વ્યક્તિત્વ બંધાય છે. આત્મકેન્દ્રિત આ અવસ્થામાં બાળક 'સ્વ'માં મગ્ન બને છે, પોતાની શક્તિનું જ્ઞાન વિકસાવે છે, વ્યક્તિત્વનું પ્રતિપાદન કરે છે, લાયકાત સાબિત કરે છે. આ વખતે જરૂર રહે છે તેની શક્તિઓને પાંગરવા માટે ઉત્તેજનાની. એથી તેનો આત્મવિશ્વાસ અને કુશળતા દૃઢ બને છે.

અમેરિકાના ગેસેલ ઇન્સ્ટિટ્યૂટના ડિરેક્ટરે બાળકની ઉમર પ્રમાણે તેના વર્તનને અનુરૂપ ઉક્તિઓ યોજી છે. ચાર વર્ષની વય 'કાબૂ બહાર' તરીકે વર્ણવી છે. આ ઉમરે બાળક મારે છે, પથરા ફેંકે છે, ચીજો ભાંગે છે, નાસી જાય છે, હસ્યા બાદ તરત જ ક્રોધે ભરાય છે. પાંચ વર્ષની ઉમરે ઘણાં બાળકો મનની સમતાવાળાં બને છે. છઠ્ઠા વરસે એ સમતા તૂટે છે અને તે પ્રક્ષુબ્ધ બને છે. વૃદ્ધિનો લય જ એવો છે કે બાળક જેમ મોટું થાય છે તેમ એક વરસે સુખી, ધાંધલ વગરનું, ને નિશ્ચિતતાની સમતુલા ધરાવતું, તો બીજા વરસે અસમતુલ બને છે. આ વખતે તે નવી બાબતો માટે મથે છે. ઘણી માગણીઓ કરે છે અને એ માગણીઓમાં મક્કમ રહે છે. તેની માગણીઓ એટલી પ્રબળ હોય છે કે તે બીજાઓ સાથે અનુકૂળ થઈ શકતું નથી. છ વર્ષનું બાળક શારીરિક તેમજ માનસિક શક્તિભર્યું ઉત્સાહભર્યું, કાર્યશક્તિભર્યું અને નવાં પરાક્રમો માટે તત્પર અને નવા અનુભવ માટે થનગનતું હોય છે : તો સાતમે વરસે તે આનંદે ઊભરાતું નિશ્ચિત ને સુખી હોય છે. હવે તે ઘણી રીતે શાંત બને છે. લોકોથી પાછું હઠી એકાંતી બને છે. હાથમાં આવે તેને તપાસી જ્ઞાન મેળવે છે. તેની બુદ્ધિ ને સમજશક્તિ હવે વધવામાં હોય છે. તે જે જુએ છે ને કરે છે તેમાં તે વધુ વિવેકી અને સંસ્કાર-સંપન્ન હોય છે.

આઠમે વર્ષે તે હવે કોઈ બાબતથી વેગળું રહી શકતું નથી. તે સતત ક્રિયાશીલ અને ધાલમેલિયું રહે છે. નવા અનુભવોનો આનંદ મેળવે છે ને નવી બાબતો હાથ ધરે છે. તેના વિસ્તરતા જગત સાથે તે ક્યા પ્રકારની વ્યક્તિ બનશે તેની એંધાણીઓ જાણવા મળે છે.

પાંચમા અને સાતમાની જેમ નવમું વરસ વળી પાછું નિશ્ચિતતા—સૌમ્યતાનું છે. આઠમાની સાહસિકતા કરતાં હવે તે ઓછું બોલનારું અને સ્વાવલંબી હોય છે. પરાધીન ન રહેવાનું આગ્રહી બને છે. આ ઉમરે તે કુટુંબ કરતાં મિત્રોમાં વધારે રસ ધરાવે છે. કુટુંબથી બને તેટલું અલિપ્ત થવા માંડે છે. તેની પ્રૌઢતા, સ્વતંત્રતા અને વ્યક્તિગતતા સ્વીકારાય તેમ તે ઇચ્છે છે, અને તેમ થવું પણ જોઇએ છે.

નવમા વરસનું બાળક તેની ચિંતા, ફિકરો, માગણીઓ અને અલિપ્તપણાથી માબાપને ચિંતા ઉપજાવતું હોય તો દસમું વર્ષ મઝાનું હોય છે. તે માબાપની આજ્ઞાઓ ઉઠાવે છે ને એમ પોતાની દૃષ્ટિએ પ્રતિષ્ઠા મેળવે છે. તેને જિંદગી મઝાની લાગે છે ને તે સરળતાથી માણે છે. સોળમું વર્ષ બેસતાં સુધીના ગાળામાં આ દસમું વર્ષ મનની સમતાવાળું છે. દસમા વર્ષ પછી માબાપનાં કૃત્યોનો અને હેતુઓનો બાળક તરફથી અંતઃકરણપૂર્વકનો અને નિખાલસ અંગીકાર ભાગ્યે જ થતો હોવાનું અનુભવાય છે.

દસમા વરસે બાલ્યાવસ્થા પૂરી થઈ અગિયારમા વરસથી તરુણાવસ્થાના કાળનો પ્રારંભ થાય છે. આ ઉમરે બાળક જાણે કે પર્વતીય આકરાં ચડાણ ચડી એક સપાટ પ્રદેશ ઉપર આવી પહોંચે છે. અહીં તેની સામે તારુણ્યથી યુવા સુધી જવાનો, દુર્ગમ અને દુર્ધર્ષ સીધાં ચડાણનો માર્ગ ખડો હોય છે. હજી તે અજાગ્રત હોય છે. ભલા-ભોળા ભાવે તે બહારની દુનિયા સ્વીકારે છે. આ ઉમર સુધી બાળક-બાળકીના શરીરધર્મના કોઈ ભેદ હોતા નથી. જોકે બાળપણથી બાળકીઓ ઢીંગલીએ અને ઘર–ઘર રમે, છે જ્યારે બાળકો રમતગમત અને ખેલકૂદમાં રાચે છે. છેક બાળપણથી જુદા પડતાં જાતીય જીવનનાં આ મૂલ્યોમાં તારુણ્ય આવતાં સ્પષ્ટ ફાંટા પડવા શરૂ થાય છે. નવ દસ વર્ષના કિશોરોને કન્યાઓ ઓછી ગમે છે. કન્યાઓ પણ કિશોરો પ્રત્યે સુગાળવાપણું દાખવે છે. તેમને કિશોરો ધાંધલિયા અને ઉદ્ધત લાગે છે. પણ વસ્તુતઃ તો આ દેખીતા અણગમા નીચે પરસ્પરનું આકર્ષણ જ સંતાએલું પડ્યું હોય છે, જે બહુ થોડાં વર્ષ પછી પ્રબળ બને છે.

પૂર્વ-તારુણ્ય-કાળ સુધી બાળ અને બાળાના શારીરિક જાતીય તફાવતો સિવાય રચના, બાંધો અને વ્યાપારોમાં જૈવ રાસાયણિક સજાવટ જોકે સરખી જ હોય છે, પણ ક્રોમોસોમ અને અંતઃસ્રાવોને લીધે જન્મજાત અવ્યક્ત ફેરફારો ઘણા મોટા હોય છે.

બાલ્યાવસ્થાના અંતે, આયુર્મર્યાદાના છઠ્ઠા કે સાતમા ભાગે, માનવીનો વયસંધિકાળ–puberty–આવે છે; યૌવનારંભ થાય છે. જાતીય વિકાસનો હવે આરંભ થાય છે. આ સમયે બન્ને જાતિનાં બાળકોમાં મુખ્ય જૈવ-રાસાયણિક ફેરફારો થાય છે. જાતીય ગ્રંથિઓના સ્રાવોના રાસાયણિક

પદાર્થો લોહીમાં ફરતા રહી જ્ઞાનતંત્ર દ્વારા શરીરની બધી પેશીઓને ઉત્તેજના પૂરી પાડે છે. આના પ્રભાવ નીચે વ્યક્તિના કેવળ શારીરિક દેખાવમાં જ નહિ પણ માનસિક બંધારણથી માંડી સમગ્ર વ્યક્તિત્વમાં ફેર પડે છે. જોકે શારીરિક ફેરફારો ઝટ નજરે પડે છે.

જાતીય પુખ્તતાના બે તબક્કા છે. કન્યાઓમાં આના સૌપ્રથમ બાહ્ય દેખાવ રૂપે ભગસ્થાન ઉપર આછા વાળ દેખાય છે અને દીંટડી નીચેનો સ્તનપ્રદેશ ગાંઠ જેટલો વિકાસ પામવા માંડે છે. આ રીતે થએલી શરૂઆત દોઢ બે વર્ષના ગાળામાં રજોદર્શન શરૂ થયે એ પૂર્ણ થાય છે. એક વાર શરૂ થએલું રજોદર્શન નિયમિત થતાં અગાઉ અનિયમિતપણે થયા કરે છે. વયસંધિકાળથી તારુણ્યવયમાં થતું આ સંક્રમણ ઉતાવળિયું નથી હોતું તેની આ સાબિતી છે.

કિશોરમાં પણ જાતીય પુખ્તતાના પ્રારંભની પ્રથમ નિશાની રૂપે ભગસ્થાન ઉપર આછા વાળનો દેખાવ અને ઈંદ્રિય તથા શુક્રકોષોના કદમાં વૃદ્ધિ થાય છે. પેટ અને નિતંબ ઉપર ચરબી જમા થાય છે; જોકે કન્યાઓ કરતાં કિશોરમાં આ વિકાસ બે વર્ષ મોડો થાય છે. પણ કિશોરોમાં થતા આ સંક્રમણમાં કન્યાઓના રજોદર્શનના જેવો કોઈ ખાસ બનાવ બનતો નથી. હા, અવાજ ફાટવો, ને ઘેરો થવો, બગલમાં ને ચહેરા ઉપર વાળ ઊગવા, ગળામાં હૈડિયો ફૂટવો અને ગાલ ઉપર ખીલ થવા વગેરે થાય છે. એ પણ તારુણ્યનાં લક્ષણો.

હવે કન્યાઓ પ્રત્યે નવા ભાવો, આવેશો અને ઉત્કટ ઇચ્છાઓ પ્રકટ થવા સાથે ઈંદ્રિયનું ઉત્થાન અને સ્વપ્નમાં વીર્યપાત કિશોરમાં ભાવોદ્રેક પ્રકટાવે છે. આ ઉમરે બન્ને જાતિને શરીરના વ્યાપારો પરત્વે કુતૂહલવૃત્તિ જાગે છે. લગ્ન, કામવાસના અને બાળજન્મની બાબતોમાં રસ પ્રકટે છે. વળી આ જિજ્ઞાસા એટલી તીવ્ર હોય છે કે આ સંબંધી વિચાર કે ખુલ્લી વાતો ન કરવી જોઈએ એવું તે સ્વીકારતાં થાય છે.

તારુણ્યની શરૂઆતનાં આ ચિહ્નો બાળકમાં અગિયાર કે બાર વર્ષે ફૂટવા માંડે છે અને પછી એ ક્રિયા ઝડપી બની પંદર વર્ષની ઉમરે તો ટોચે પહોંચે છે. ફરી પાછી એ જરા ધીમી પડી અઢારમે વર્ષે સંપૂર્ણ બને છે. આમ, બારથી અઢાર વર્ષની વય એ તારુણ્ય છે. બાલ્યાવસ્થામાંથી યુવાવસ્થામાં જવાનો આ સંક્રમણકાળ છે. એકબીજાથી જુદા પડતા વિવિધ તબક્કાના આ કાળને જે. એ. હેડફીલ્ડ ત્રણ વિભાગમાં વર્ણવે છે: '(૧) બારથી ચૌદ વર્ષનો, જાતીય વ્યાપારોના ઝડપી વિકાસનો પ્રારંભિક તબક્કો; (૨) પંદર વર્ષની ઉમરનો સંક્રમણ કે પરિવર્તનકાળ, જેમાં તરુણ સજાતિકામુક મટી વિજાતિકામુક બને છે; (૩) સોળથી અઢાર વર્ષનો છેલ્લો તારુણ્યકાળ વિજાતિકામુક્તા અને આદર્શવાદનો છે.'

હેડફીલ્ડ બારથી ચૌદ વર્ષની ઉમરના ગાળાને યૌવન (પ્યૂબર્ટી) લેખાવી તેને બાલ્યાવસ્થા અને યુવાવય વચ્ચેનો 'કટોકટીવાળો' સમય ગણાવે છે. આ સમયે ઊંચાઈ ઝડપથી વધે છે. હાથ અને પગનાં લાંબાં હાડકાં વધવાથી ઊંચાઈમાં વધારો થાય છે. જોકે જાતિની દૃષ્ટિએ વૃદ્ધિના સમયમાં ફેર પડે છે. બાલ્યાવસ્થાથી માંડી દસ વર્ષની ઉમર સુધી બાળા કરતાં બાળ ઊંચાઈમાં વધારે રહે છે. પછી બાળાઓ ઊંચાઈમાં વધે છે. અગિયારથી ચૌદ વર્ષની વય સુધી સરખી ઉમરનાં કિશોર અને કન્યાઓમાં કન્યાઓ સરાસરી ઊંચી હોય છે. ચૌદની ઉમર બાદ કન્યાઓ કરતાં કિશોર આગળ રહે છે ને એ પછી આ સરસાઈ ચાલુ રહે છે.

દરેક ઉમરે કિશોર કરતાં કન્યાઓ પ્રમાણમાં વધારે પરિપક્વ —mature—હોય છે. એમને દાંત વહેલા આવવાથી માંડી એમનાં બધાં અવયવોનો વિકાસ ઝડપી થાય છે. એમની અંતઃસ્રાવી ગ્રંથિઓમાં થતા ફેરફારો પણ વહેલા શરૂ થાય છે. સામાન્ય વિકાસની બાબતમાં બાર વર્ષની ઉમરે કન્યાઓ કિશોરો કરતાં લગભગ બે વર્ષ આગળ હોય છે. આમ, બન્નેની યુવાન થવાની ગતિ જુદીજુદી હોય છે.

"આખી દુનિયા મુગ્ધતા ઉપર મુગ્ધ હોય છે. મુગ્ધતા પોતાનું સૌંદર્ય અને વીર્ય પોતે જાણે નહિ; અને તેથી જ એમાં મોહકતાની પરિસીમા હોય છે. કિશોર વય એ મુગ્ધતાની મૂર્તિ છે. ખીલવા માગતી કળી છે. સર્વોચ્ચ આકાંક્ષાઓ અને આદર્શોનું બીજારોપણ એ જ વયમાં થાય છે. માણસ કિશોર વયમાં હોય છે ત્યાં સુધી મોટા ભાગે એનો સત્ત્વ ગુણ જ પ્રકટ થએલો હોય છે. તેથી કોઈ પણ ઉચ્ચ, ઉદાત્ત અને આર્ય આદર્શ અને સ્વાભાવિક જણાય છે. એ આદર્શ પાછળ એ વયમાં વ્યક્તિગત સ્વાર્થ કે મહત્ત્વાકાંક્ષા હોતાં નથી. એ વયમાં આદર્શો વ્યવહારની કઠણ કસોટી ઉપર કસવાના ન હોવાથી શ્રદ્ધા સામે અશ્રદ્ધાનું મિશ્રણ થતું નથી. કેવળ કાવ્યમય શ્રદ્ધા જ માણસના હૃદયનો કબજો લઈ શકે છે. ધાર્મિકતાનો ઉદય પણ આ જ ઉમરમાં થાય છે.

આજકાલ યુવાનોને સ્વપ્નાં સેવવાની ભલામણ કરવામાં આવે છે. ખરું જોતાં સ્વપ્નાં તો કિશોર વયમાં સેવવાનાં હોય છે. કિશોરે કુમારવયમાં પ્રવેશ કર્યો, એટલે સ્વપ્નાં સાચાં કેમ પાડવાં એની યોજના પાછળ એને મથવાનું રહે છે. કુમાર વય પુરુષાર્થ ખીલવવાને હોય છે. કિશોરવયમાં શરીર ખીલે, ભાષા ખીલે, ઉત્સાહ ખીલે, જ્ઞાનની ભૂખ ખીલે, આદર્શનું આકલન થાય, ધર્મ પ્રત્યે-ધાર્મિક મહાન પુરુષો પ્રત્યે અને વીરકર્મ પ્રત્યે ભક્તિ જાગે એ જરૂરનું હોય છે. કિશોરને ભાન હોય છે કે પોતે બાળક છે. એથી એને આજ્ઞાધારકપણામાં ગૌરવ જણાય છે. એ વિભૂતિપૂજા અને આજ્ઞાપાલનમાંથી એનામાં સેવાભાવ પ્રકટે છે અને સેવાભાવ એ જ ધાર્મિકતા અને વીરતાનું મંગલાચરણ હોઈ એમાંથી જ સર્વ આર્ય સદ્ગુણો ફૂટવા માંડે છે. કિશોરવય એ ખરું જોતાં દૈવી જીવનની નાની શી આવૃત્તિ હોય છે. કિશોરોને દોરવા, એમની જ્ઞાનની ભૂખ વધારવી અને તૃપ્ત કરવી એ મોટેરાંઓનો પવિત્ર ધર્મ છે, કિશોર જીવનની પવિત્રતા સાચવવાની વિશેષ ફરજ છે."

અગિયારથી ચૌદ વર્ષની કન્યાઓ કિશોર કરતાં વહેલી પુખ્તતા ધારણ કરે છે. તેની કેડ નીચેનો ભાગ પહોળો થાય છે, સ્તનપ્રદેશ ખીલવાથી તે શરમાળ બને છે અને તેને સંતાડવા તે ખૂંધી ચાલે ચાલવા માંડે છે. તેમને તેમના શારીરિક વિકાસનો વધુ પડતો ખયાલ રહે છે. દીકરીઓ વધુ પડતી શરમાળ અને લઘુતાગ્રંથિ ભરી ન બને તે માટે તેમને શરીરની વૃદ્ધિની અને વિકાસની, શારીરિક અને માનસિક પરિવર્તનોની, ખાસ કરીને રજોદર્શનની માહિતી આપવી જરૂર છે. આવી માહિતીના અભાવે તેઓ ઘણી મૂંઝવણમાં મુકાય છે.

વળી, કન્યાઓની શારીરિક પુખ્તતા વિષે કિશોરોને પણ જ્ઞાન મળવું જોઈએ છે, અને કિશોરોમાં યુવાવસ્થા દરમિયાન થતા ફેરફારોની કન્યાઓને માહિતી મળવી જોઈએ છે. કિશોરાવસ્થા દરમિયાન જ બન્નેમાં જાતીય વૃત્તિ સજાગ બને છે. એમ બનતાં પહેલાં એમને એ વિષે માહિતગાર કરવાં જોઈએ છે, જેથી જાતીય વૃત્તિના પ્રશ્નો અંગત બનતાં અને તેમાં લાગણીનો સંબંધ જોડાતાં કોઈ ગેરસમજ કે મૂંઝવણ ઊભી ન થાય. એટલું સ્પષ્ટ થવું જરૂરી છે કે વયઃસંધિકાળ (યૌવનારંભ) અને જાતીય પુખ્તતા બંને એક બાબત નથી. પ્રજનનગ્રંથિઓનો વિકાસ તો ધીમે ધીમે થાય છે. જાતીય અંગોના વિકાસ અને પ્રજનનગ્રંથિઓના એકધારા વિકાસની વચ્ચેની અવસ્થા એ તારુણ્ય (adolesence) છે. માનવીને યૌવનારંભ-પ્યૂબર્ટી-અગાઉ જેમ બાળપણનો લાંબો કાળ છે તેમ યૌવન અને જાતીય પુખ્તતાની વચ્ચે આ તારુણ્ય -ઍડૉલસેન્સ-નો લાંબો કાળ છે.

બાલ્યાવસ્થામાંથી તારુણ્યમાં પ્રવેશનો એ કાળ જિંદગીનો મહાન ક્રાંતિકારી બનાવ છે. બાળપણની પરાધીનતા અને જિંદગી જીવવાની

રીત બદલવાનો એ સંક્રમણ કાળ છે. જીવનયાત્રાના આખા પ્રદેશને સજળ અને પલ્લવિત બનાવનારી ભરતીનો એ કાળ છે. એ નવોન્મેષનો કાળ છે, જીવન્ત પ્રાણરસથી છલબલતો જીવનકાળ છે. આથી જ શું પુરાણમાં પ્રત્યેક દેવ દેવીનું કિશોર રૂપનું જ ધ્યાન હશે? ભારતના ઘણા દેવો કિશોર સ્વરૂપમાં છે. શ્રી ક્ષિતિમોહન સેન ભારતના ભક્તો સદા કિશોરના ઉપાસક રહ્યા હોવાના સમર્થનમાં લખે છે: 'મહાપ્રભુ ચૈતન્યની પાસે જ્યારે દેશ વિખ્યાત પંડિત રઘુપતિ ઉપાધ્યાય આવ્યા ત્યારે મહાપ્રભુએ પ્રશ્ન કર્યો: 'ધ્યાન કરવું હોય તો કઈ વયનું કરવું?' ઉપાધ્યાયે નમ્ર બનીને ઉત્તર દીધો **'वयः कैशोरकं ध्येयम्॥'**

આ કાળમાં શારીરિક ફેરફારો સાથે લાગણીઓનો ઉછાળો પણ આવે છે, જે કિશોર અને કિશોરીને પ્રચંડતાથી હળવી પીડા આપે છે. જાતીય અંગોના વિકાસ અને શારીરિક ફેરફારોથી પ્રાપ્ત થતો થનગનાટ અને સપાટો તરુણના હૃદયમાં નવી અને વિચિત્ર સ્વપ્નસૃષ્ટિ ઊપજાવે છે. તે પુષ્કળ સંવેદનશીલ અને કલ્પનાભર્યો બને છે. બાળપણમાંથી યુવાની ભણી જતા તરુણના માર્ગમાં માતાપિતા એક સેતુ સમાન છે. વડીલોએ વિચારોના મતભેદો માટે માન અને સમાધાનવૃત્તિ રાખી તરુણો સાથે કામ લેવાનું છે. તારુણ્ય કાળ એ માતાપિતા અને તરુણ બન્ને માટે અગાધ જ્ઞાન મેળવવાનો અનુભવકાળ છે. તારુણ્યમાં 'કિશોર' (૧૧ થી ૧૫ વર્ષની ઉમર) અને 'કુમાર' (યુવાવસ્થા અથવા એની પહેલાંની) અવસ્થાઓનો સમાવેશ થતો હોઈ કાકાસાહેબનું આ અવસ્થાને ઉદ્દેશીને લખેલું ઉદ્બોધન રોચક થઈ પડશે (જુઓ પાછળ ચોકઠામાં).

બાલ્ય વય પસાર કરી પુખ્ત વયમાં આવવું કંઈ સહેલું નથી. આ એક કપરી મુશ્કેલ પ્રક્રિયા છે. એમાંથી સંતોષકારક રીતે પસાર થવામાં કદીક વરસો વીતે છે. પણ આ સમયે માણસના શરીરમાં શી શી ઘટનાઓ બને છે તે જો સમજાય તો તે ઘણું સરળ બને છે. (ચાલુ)

ઇંગ્લૅન્ડ અને આયર્લૅન્ડ (અનુ૦ પૃષ્ઠ ૪૪૮થી) ઠેર ઠેર કિલ્લાઓ, રહેવાનાં મકાનો વગેરે બાંધેલાં હતાં તેનાં ખંડિયેરો પણ જોવા મળે છે.

અમે ૧૧-૩૦ વાગ્યે નીકળી ન્યૂ કૅસલથી ૩૦ માઈલ દૂર આ રોમન દીવાલ જોવા ગયાં. રોમન લોકો સીધા રસ્તા બાંધતા. એ જ રસ્તા ઉપર અત્યારે ડામરનો હાઈ વે થયો છે. ૧૨-૩૦ વાગ્યે હાઉસસ્ટેડ ગામ પહોંચ્યાં. મિસિસ ગિલ્બર્ટ સૅન્ડવિચ અને ચા લઈ આવ્યાં હતાં તેનો નાસ્તો કર્યો અને ડુંગર ખૂંદતાં રોમન-વૉલ જોવા ઊપડ્યાં. સર્વત્ર લીલું ઘાસ ઊગેલું અને ડુંગરા ઉપર પણ ખડકને બદલે પોચી, ઘાસ ઉગેલી માટી, એટલે જાણે ગાલીચા ઉપર ચાલતા હો તેવું લાગે. ઘાસમાં કેડી પડી ગએલી તે પર ચડતાં ચડતાં રોમન દીવાલ પર પહોંચ્યાં. ત્રણ માણસ સાથે ચાલી શકે તેવડી પહોળી આ દીવાલ ડુંગરાની ધાર ઉપર બાંધેલી છે. ડુંગરાની ઇંગ્લૅન્ડ તરફની બાજુ ઢાળવાળી અને ચડી શકાય તેવી છે, જ્યારે સ્કૉટલૅન્ડ તરફની બાજુ સીધી કરાડ જેવી છે. ન્યૂ કૅસલ પાસે ગ્રેઇટ બ્રિટનનો આ ટાપુ બહુ સાંકડો છે; તેના પૂર્વ પશ્ચિમ કિનારા વચ્ચેનું અંતર ૮૦-૮૫ માઈલ (સવાસો કિલોમીટર) જેટલું થાય. એટલે કે અમદાવાદથી મિયાંગામ જઓ એટલામાં તો ન્યૂ કૅસલ પાસેના પૂર્વ કિનારાથી પશ્ચિમ કિનારે પહોંચી જવાય! આથી ઉત્તરનાં ધાડાં રોકવા માટે રોમન લોકોને અહીં ૬૦ થી ૬૫ માઈલ લાંબી દીવાલ ચણવી પડેલી.

રોમન વૉલ જોઈ સાંજે ડૉ. ગિલ્બર્ટને ઘેર જમીને રાત્રે નાટક જોવા ગયાં. અહીં ઇંગ્લૅન્ડમાં નાટક બહુ લોકપ્રિય છે. દરેક નાનામોટા શહેરમાં એક નાટક કંપની હોય, ને એકાદ થીએટર પણ હોય. અમે જે નાટક જોયું તેનું નામ હતું: A flea in her ears (તેના કાનમાં ચાંચડ). એક પરણેલી સ્ત્રીને તેના પતિના ચારિત્ર્ય બાબત શંકા જાય છે એટલે ખાત્રી કરવા પોતાની બહેનપણી સાથે મળીને એક કાવતરું કરે છે. બહેનપણી પેલા પતિને એક હોટેલમાં મળવા માટે આમંત્રણ

વારતા ૪

વૈતાળ પચ્ચાસી

ચમત્કાર

વિનોદ ભટ્ટ

—અને સિદ્ધવડ પરથી મડાને ઉતારી, ખાંધે નાખી ઉજ્જેણી તરફ જતા રાજા વિક્રમને મડાએ આ વારતા કહી:

"કોઈ એક નગરમાં લક્ષ્મીનંદન નામે કોઈ એક શેઠ રહેતા હતા. ભૂતકાળમાં કેટલીક ધાર્મિક સંસ્થાઓમાં પોતાના નામની પટ્ટીવાળા બાંકડાઓનું દાન કરવાને કારણે ધાર્મિક પુરુષ તરીકે શેઠની સારા ય નગરમાં ખ્યાતિ હતી. એક દિવસ શેઠના ઘરમાં એક કૌતુક થયું, ને નગરભરમાં વાયુ વેગે વાત પ્રસરી ગઈ કે લક્ષ્મીનંદન શેઠને ત્યાં માતાજીની છબિમાંથી કંકુ ઝરે છે, નાડાછડીઓ ફેંકાય છે, ત્રિશૂળ દેખાય છે.

અને સમગ્ર નગર માતાજીના દર્શનાર્થે શેઠને ઘેર ઊમટ્યું. આ ચમત્કારની વાતો છાપાંમાં છપાવાને કારણે આસપાસનાં ગામગામડાંવાળા પણ શેઠને ત્યાં કતારબંધ આવવા લાગ્યા. ભાવિક ભક્તોએ માતાજીનાં ચરણે ફૂલ નહિ ને ફૂલની પાંખડીની ભેંટો મૂકવા માંડી. કેટલાકે પારણું બંધાવા માટે બાધાઓ લીધી, કોઇકે 'પ્રમોશન' માટે, કોઇકે ગાંડો ભાઈ ડાહ્યો થાય (કે ડાહ્યો ભાઈ ગાંડો થાય) એ માટે, ને કોઇકે રિસાઇને વર્ષોથી પિયર ચાલી ગએલી પત્ની પાછી ના આવે એ માટે માતાજી આગળ ખોળા પાથર્યા. માતાજીની છબિ પાસે નોટો અને પરચૂરણના ઢગલા થવા લાગ્યા.

કોઈ એક ખબરપત્રી સાથેના ઇન્ટરવ્યૂમાં શેઠે જાહેર કર્યું કે ભાવિક ભક્તો તરફથી માતાજીના ચરણે લગભગ પાંચેક લાખ રૂપિયા જેટલી રોકડ રકમ ભેટ રૂપે મળી છે.

શેઠના આવા ભોળપણ માટે ઠપકો આપતાં શેઠના એક મિત્રે કહ્યું: 'અલ્યા, તું તો સાવ મૂરખ લાગે છે. પાંચ લાખ રૂપિયા માતાજીના નામે આવ્યા છે એવું જાહેર કરવાનું પરિણામ શું આવશે એ તું જાણે છે?'

'હા, બહુબહુ તો મારે એનો ઈન્કમટૅક્સ ભરવો પડશે, એ જ ને! ...ભરી દઈશ.' શેઠ બેફિકરાઈથી બોલ્યા.

પરંતુ ઘણા વિજ્ઞાનવાદીઓ અને નાસ્તિકોના ગળે માતાજીનો આ ચમત્કાર ઊતરતો નહોતો. એ લોકોને આમાં કોઈ બીજો જ ભેદ હોવાની શંકા હતી...' વારતાને અહીં જ અટકાવતાં વૈતાળે રાજા વિક્રમને પૂછ્યું: 'હે વિક્રમ, આ ચમત્કાર પાછળનો ભેદ તું જાણતો હોય અને ના કહે તો તને સિદ્ધેશ્વરી માતાની આણ છે.'

'પોતાના પાંચ લાખ રૂપિયા 'વ્હાઈટ' કરવા માટે જ શેઠે હાથચાલાકીથી આ ચમત્કાર સર્જ્યો હતો.' વિક્રમે જવાબ આપ્યો.

—અને મડું પાછું ઝાડ પર લટકી ગયું. □

મોકલે છે. પછી તો તે હોટેલમાં પત્ની, તેનો પતિ, બહેનપણી, બહેનપણીનો પતિ બધાં જ ભેગાં થઈ જાય છે અને એકબીજાથી છાનાં એકબીજાના રૂમમાં અટવાઇને એવો તો ગોટમોટાળો ઊભો કરે છે કે આખું ઑડિયન્સ પેટ પકડીને હસે. બે અઢી કલાકનું એ ફારસ જોઈને ખૂબ આનંદ આવ્યો. નાટક પૂરું થયું એટલે બધાં પાત્રો સ્ટેઈજ ઉપર આવ્યાં અને પ્રેક્ષકોએ તાળીઓ પાડી એમને વધાવ્યાં. પણ અહીંની નવી વાત સતત તાળીની—standing ovation—ની. પ્રેક્ષકગણ સતત તાળી પાડ્યા જ કરે. પરદો પડી ગયો હોય તે ફરી પાછો ઊંચકાય. વળી બધાં પાત્રો એક પછી એક સ્ટેઈજ ઉપર પોતાનો વિશિષ્ટ અભિનય કરતાં કરતાં આવે. દરમિયાન તાળી ચાલુ જ હોય. નાટક બહુ ગમ્યું હોય તો પ્રેક્ષકગણની આ તાળીઓ પાંચસાત મિનિટ ચાલુ જ રહે...

રાત્રે ૧૦-૩૦ વાગ્યે રૂમ પર આવી દિવસનાં સંભારણાં વાગોળતો વાગોળતો સૂઈ ગયો.

-લિ. કાકાના આશિષ

શ્રી મુકુંદરાય મહેતાની લેખમાળા: 'અભ્યાસ કેમ કરવો?' —— ૪]

પાઠ્યપુસ્તક વર્ગનોંધ અને ઇતર વાચન

બેઠક અને વાતાવરણ

હવે તમારા અભ્યાસખંડ ઉપર એક નજર નાખી લઈએ. ઉંમર નાની હોવા છતાં તમારા થોડાક અનુભવ પરથી પણ તમે જોઈ શક્યા હશો કે જેમ વાતાવરણ સારું તેમ અભ્યાસ સારો. કોઇએ કહ્યું છે કે Atmosphere is the goddess of the place: વાતાવરણ એ તે સ્થળની દેવતા છે. કોઈ પણ શાળા, કૉલેજ કે યુનિવર્સિટી જો મહાન હોય તો તે તેના અંતેવાસીઓએ તેના વિસ્તારમાં ઉપજાવેલા વાતાવરણને પ્રતાપે. તમારા નાનાસરખા ખંડનું વાતાવરણ પણ બને તેટલું સ્વચ્છ, સુંદર અને આનંદી રાખવાનો પ્રયત્ન કરો. હોસ્ટેલ કે છાત્રાલયનો લાભ લઈ શકાય તેમ હોય તો તે વધારે ઇચ્છનીય છે. ત્યાં જવાથી તમારો ઘણો સમય બચી જશે ને અભ્યાસના વધારે કલાકો મેળવી શકાશે. કૉલેજની લાયબ્રેરી, રમતગમતનાં મેદાનો ને સરખી વયનાં સાથીઓનો સહચાર એ બધું તમને ત્યાં મળી રહેશે, ઘર આગળ મધ્યમસરની સગવડો મળી રહેતી હોય તો એ પણ કાંઈ ખોટું નથી.

જેમને ગાંધીજીએ પણ ગુરુજન માન્યા છે એવા સદ્‌ગત ગોપાળ કૃષ્ણ ગોખલે મ્યુનિસિપાલિટીના દીવે વાંચતા હતા. પરીકથાઓ લખીને જગવિખ્યાત થનાર ડેન્માર્કનો મહાન લેખક હૅન્સ ઍન્ડરસન એક ગરીબ મોચીનો છોકરો હતો. રસોડું, દીવાનખાનું, વર્કશૉપ બધું ય એક જ ખંડમાં માની લેવાનું હતું. અમેરિકાના મહાન પ્રમુખ અબ્રાહમ લિંકનનું બચપણ Log cabin (લૉગ કૅબિન)માં એટલે કે અછોલાં લાકડાંની બનાવેલી કુટિરમાં જ વીત્યું હતું. ભણવા માટે એમની પાસે એક પૈસો પણ ન હતો ને વાંચવા માટે એકે પુસ્તક ન હતું. પણ એમની વાચનની ભૂખ એટલી બધી હતી કે આજુબાજુના વિસ્તારમાંથી જેટલાં મળી શક્યાં એટલાં પુસ્તકો માગીતાગીને લાવી એમણે વાંચી કાઢ્યાં હતાં. એક વાર એવું માગી આણેલું પુસ્તક બગડવા પામ્યું. લિંકને એ માણસને ત્યાં એક દિવસ નોકર તરીકે કામ કરીને તેની કીમત ભરપાઈ કરી આપી. એવા એ લિંકનનું સ્થાન, દુનિયાના ઇતિહાસમાં જે મુઠ્ઠીભર માણસો પોતાની મહાનુભાવતા માટે પ્રસિદ્ધ થઈ ગયા છે તેમાં પ્રકાશે છે. પ્રતિકૂળ વાતાવરણવાળાઓ માટે અહીં આટલા દાખલા બસ થશે. મુશ્કેલીઓથી કંટાળીએ ત્યારે આવા માણસોનું વિદ્યાર્થીજીવન યાદ કરીને આગળ વધવું જોઈએ.

અભ્યાસ માટેની બેઠક તમને અનુકૂળ લાગે તે રીતે ગોઠવો, ગમે તે રીતે બેસો, પણ એવી રીતે બેસો કે જેથી તમારા શરીરને વધારેમાં વધારે આરામ લાગે ને મનને વધારેમાં વધારે શાંતિ. દીવાનો પ્રકાશ ડાબે પડખેથી પુસ્તક ઉપર પડે એવી ગોઠવણ કરો. પ્રકાશ અને પવન સામેથી ન આવે એટલી ખાસ સંભાળ રાખો. પ્રકાશ પણ વધારે નહિ તેમ ઓછો ય નહિ એવો, આરામથી વાંચી શકો એટલો રાખો. પુસ્તક અને આંખોની વચ્ચે એકાદ ફૂટનું અંતર જરૂરી છે.

તમારા અભ્યાસની અભરાઈ તદ્દન અલગ હોવી જોઈએ. આજે દરેક ઘરમાં પુસ્તકો રાખવાનું કબાટ અથવા છાજલી હોય છે જ. બધાં જ વધારાનાં પુસ્તકો અને નોટો ત્યાં રાખો. જ્યાં બેસીને તમે અભ્યાસ કરતા હો ત્યાં આગળ પાઠ્યપુસ્તકો અને વર્ગ-નોંધ સિવાય બીજું કંઈ જ નહિ રાખો. કંપાસ, ઍટલાસ કે ડિક્શનરી જેવાં સાધનોમાંથી જેની જરૂર હોય એટલાં જ પાસે રાખો; બાકીનાં પેલી છાજલી પર મૂકી દો. વાંચતી વખતે ધીરેથી બોલો—ધીરેથી વાંચો.

વર્ગ-નોંધ

વર્ગમાં જે પાઠ ચાલતા હોય એથી થોડાક આગળ રહેવાનો પ્રયત્ન કરો. તમને ખબર છે કે અમુક પીરિયડમાં અમુક સાહેબ આજે શું શીખવવાના છે. એ વિષય અગાઉથી જ થોડોક વાંચીને જશો તો વર્ગમાં તરત સમજ પડી જશે. શિક્ષક કે પ્રોફેસર જે કંઈ કહે તે ધ્યાનથી સાંભળો. બધું જ લખી લેવાની જરૂર નથી. મહત્ત્વના મુદ્દા નોંધતા જાઓ. પાઠ્યપુસ્તકમાં જ્યાં નિશાની કરવાની કહે ત્યાં કરી લ્યો. લખી લેવા કરતાં સાંભળવા ઉપર અને સમજવા ઉપર વધારે ધ્યાન આપો. શંકા પડે કે ન સમજાય ત્યાં પ્રશ્ન પૂછીને એનું તરત નિરસન કરી લો.

ક્લાસમાં લખવામાં બહુ ઝડપે લખવું પડે છે. એથી અક્ષર સારા નહિ આવે; કેટલાંક વાક્યો અધૂરાં રહી જશે; ઘણાં તો સમૂળગાં જ રહી જશે. પણ આમ બને તો મૂંઝાવાની જરૂર નથી. મહત્ત્વની વાત ઝડપી લો, અને બને ત્યાં સુધી અધ્યાપકની સાથે જ રહેવાનો પ્રયત્ન કરો. ઘેર આવીને એ જ નોટના આધારે બીજી નોટ સુંદર અક્ષરે વિગતવાર લખો. ક્લાસમાં બધી ચર્ચા સાંભળી છે, નોટમાં મુદ્દા લખી લીધેલા છે, ને જરૂર પડે તો પાઠ્યપુસ્તક તો પાસે છે જ. હવે એ બધાંને આધારે તમે તમારી નોંધ તૈયાર કરો. આટલું થાય ત્યારે માનો કે તમારો એ વિષય અથવા તો એ પ્રકરણ પૂરું થયું. આ સાફ નોટ લખવાનું કામ બને ત્યાં સુધી તરત થઈ જવું જોઈએ, નહિ તો પાછું જે સાંભળ્યું હશે તે ભૂલી જવાશે. દરેક વિષય માટે આ પદ્ધતિ રાખવી જરૂરી છે. આ પ્રમાણે બનાવેલી તમારી પાકી નોટ એ જ તમારો ખરો આધાર. પરીક્ષામાં એ જ લખવાનું, એટલે પરીક્ષકને પણ ભરોસો પડે કે એ તમારું પોતાનું છે ને ગાઇડમાંથી ગોખેલું નથી.

ઇતર વાચન

હવે ઇતર વાચન વિષે થોડુંક કહું. દરેક વિષય ઉપર માર્ગદર્શિકાઓ કે પુસ્તકો તો આજે જોઈએ તેટલાં મળે છે; પણ તમારી પાસે વખત ઘણો ઓછો છે ને વિષયો ઘણા છે, એટલે વધારે મોહ ન રાખતા. દરેક વિષય ઉપર એક કે બે જાણીતા લેખકોનાં પુસ્તકો વંચાય તો તમને બીજા લેખકોના જ્ઞાનનો અને અભિપ્રાયનો જરૂર પૂરતો લાભ મળી શકશે, અને તે વિષય ઉપરનું તમારું જ્ઞાન પાકું અને પરિપૂર્ણ થશે. આમાં શિક્ષક કે પ્રોફેસરને પૂછીને પસંદગી કરવી જોઈએ. જાણીતાં માસિકો અને વર્તમાનપત્રો ઉપર પણ નજર નાખતા રહેવું જોઈએ. એનાથી તમે અપ-ટુ-ડેઇટ રહી શકશો; કારણ કે જ્ઞાન એ વહેતો પ્રવાહ છે. અભ્યાસ પાઠ્યપુસ્તકનો કરવાનો છે, પણ આપણી નજર ચાલુ પ્રવાહો તરફ પણ રહેવી જોઈએ. સામયિકમાંનું કોઈ લખાણ પરીક્ષાની દૃષ્ટિએ ઉપયોગી લાગે તો તેની કાપલી કાપી લેવી કે ઉતારો કરી લેવો. એમ ન બને ત્યાં નજર નાખી લો તો યે બસ. એકલા પાઠ્યપુસ્તક પર આધાર રાખવાથી આપણી અભ્યાસવૃત્તિ બંધિયાર બને છે ને દૃષ્ટિબિંદુ સંકુચિત થઈ જાય છે. હું પાસ થવાની કે ક્લાસ લાવવાની વાત નથી કરતો, એ તો તે વગર પણ લાવી શકાય છે. પણ ઇતર વાચનના અભાવે આપણી કલ્પનાશક્તિ કુંઠિત બની જાય છે, સર્જકશક્તિ મંદ પડે છે ને કંઈક નવું કરવાનો ઉત્સાહ ઓછો થઈ જાય છે. નાની ઉંમરમાં આવું બને તે બિલકુલ ઇષ્ટ નથી. પણ બીજી બાજુએ પાઠ્યપુસ્તકોની ઉપેક્ષા કરવી પણ પાલવે તેમ નથી, કારણ કે પરીક્ષામાં બેસવાનું છે એ હકીકત છે. માટે બંને બાજુની સમતુલા સાચવીને કામ કરવાનું છે.

પાઠ્યપુસ્તકનો અભ્યાસ

આપણે અહીં બધા વિષયોની સાથે ચર્ચા કરી રહ્યા છીએ, એટલે પાઠ્યપુસ્તકોમાં નિશાની ક્યાં કરવી તે વિષે અહીં કશું નક્કી ન કહી

શકાય, પણ સૌથી સારો રસ્તો એ છે કે અધ્યાપકે કહ્યું હોય ત્યાં નિશાની કરવી. પૂર્વાપર સંબંધો પૂછવાના હોય તો જે વાક્ય એ દૃષ્ટિએ અગત્યનું લાગે ત્યાં નિશાની કરવી. કેટલાંક વાક્યો એવાં હોય છે કે જેમાં લેખકની માન્યતા અથવા એનો સિદ્ધાંત સચોટપણે વ્યક્ત થતો હોય છે; કેટલાક ફકરા એવા હોય છે કે એમાં આખા પ્રકરણનો સાર આવી જતો હોય છે. આવાં સ્થળો ધ્યાનમાં રાખીને નિશાની કરો.

લેખકના કેટલાક અભિપ્રાયો જાહેરમાં ખૂબ ચર્ચાસ્પદ બન્યા હોય છે. એની તરફેણમાં અને વિરુદ્ધમાં ઘણું કહેવાયું હોય છે. આવાં સ્થાનો ખાસ ધ્યાનમાં રાખો. પરીક્ષામાં એવું એક જ વાક્ય મૂકીને તમારો અભિપ્રાય માગવામાં આવે છે અને એના પંદરથી વીસ માર્ક હોય છે.

કોઈ વાર એક પાના પરના વાક્યને બીજા પાના ઉપરના વાક્ય સાથે સંબંધ હોય છે. ત્રીસ નંબરના પાના ઉપરના વાક્યને પચાસ નંબરના પાના ઉપરના વાક્ય સાથે સંબંધ હોય તો ત્રીસ નંબર ઉપર લખો કે 'જુઓ પાનું પચાસ' અને પચાસ નંબર ઉપર લખો કે 'જુઓ પાનું ત્રીસ.'

પરિણામલક્ષી જ્ઞાન

મેળવેલા જ્ઞાનને તાજું રાખવા તેમજ પાકું કરવા માટે એક જ ઉપાય છે, કે તેનો ઉપયોગ ચાલુ રાખવો. કોઈ પણ વિષય ઉપર આપણે માહિતી મેળવી, એને શીખ્યા અને એને સમજ્યા, એટલું જ બસ નથી. જ્ઞાન પાસેથી કામ લેતાં ન આવડે ત્યાં સુધી એ સાચું જ્ઞાન નથી. જ્ઞાન કાર્યમાં ન પરિણમે ત્યાં સુધી એ કૃતાર્થ બનતું નથી.

તમારી પાસે જે કાંઈ શક્તિ છે, આવડત છે અને તમે જે કાંઈ નવું નવું રોજ શીખતા જાઓ છો એ બધાંનો ઉપયોગ કરવાની તક મળે તો તે તરત ઝડપી લેવી જોઈએ. મેળવેલા જ્ઞાનનો ઉપયોગ કરવાના અનેક રસ્તા છે. દરેક પાઠ્યપુસ્તક ઉપર પ્રકરણ વાર અથવા વિષય વાર પ્રશ્નો તૈયાર કરો. એવા પ્રશ્નો તમને અધ્યાપકો આપી શકે. બીજી શાળાઓ કે કૉલેજોનાં પેપરો જોવાથી પણ મળી શકે. પાછલાં બે-ત્રણ વર્ષનાં પેપરોમાંથી પણ એ જ વિષય પરના પ્રશ્નો મળી શકે. એ બધાંમાંથી પ્રશ્નો તારવી તમે પોતે જ એના મુદ્દાસરના જવાબો લખો. તમારી પાસે વર્ગનોંધ છે. ઇતર વાચનમાંથી ઉતારેલી નોંધો પણ છે. છાપાનાં કટિંગ પણ હશે. એકાદ સારી ગાઇડ પણ હશે. એ બધાંનો ઉપયોગ કરીને તમે તમારો મુદ્દાસર જવાબ તૈયાર કરો. બસ, પછી રીવિઝન વખતે એ જ નોટ વાંચવાની રહી. આ રીતે દરેક વિષય ઉપર મુદ્દા વાર સવાલ-જવાબ તૈયાર કરવાની ટેવ પાડવાથી જ્ઞાન પાકું થશે ને બધું યાદ રહી જશે.

ઇતર પ્રવૃત્તિઓ

તમે તમારાં નાનાં ભાઈબહેનોને પણ તેમના અભ્યાસમાં મદદ કરી શકો છો. જરૂર પડે તો એકાદ ટ્યૂશન પર જઈ શકો છો. શાળાનાં કે કૉલેજનાં બધાં વર્ષો કંઈ અઘરાં નથી હોતાં. તમારી પોતાની દુકાન કે પેઢી હોય તો રોજના બે કલાક ત્યાં પણ કામ આપી શકો. કોઈ મિલમાં, ફૅક્ટરીમાં, કારખાનામાં કે રીપેરિંગ વર્કશૉપમાં રોજના બે-ત્રણ કલાક કામ પર પણ જઈ શકો. આમ ગમે તે રીતે પણ બહારનું કામ કરો, થોડુંક કમાઓ અને સાથે સાથે અભ્યાસ કરો. ગાંધીજી આ પદ્ધતિમાં માનતા હતા. જિંદગીભર તેમણે આ પ્રયોગ ચાલુ રાખ્યો હતો. તેમના લખેલા 'દક્ષિણ આફ્રિકાનો સત્યાગ્રહ' પુસ્તકમાંના 'ટૉલ્સ્ટૉય ફાર્મ' ઉપરના પ્રકરણનો અભ્યાસ કરો. આજની પદ્ધતિ પ્રમાણે જોતાં એસ. એસ. સી.નું વર્ષ અને કૉલેજનું બીજું તથા ચોથું વર્ષ મુશ્કેલ ગણાય. તે વખતે બહારનું કામ ન કરવું હોય તો ન કરીએ. દરેક વિદ્યાર્થી ગૃહકાર્યમાં અને કુટુંબની કમાણીમાં થોડોક ફાળો આપે તે ઇચ્છનીય છે. કોણે શું કરવું તે તેના સંજોગો ને શક્તિનો સવાલ છે. અમેરિકાના કેળવણીકારોએ હમણાં નવા પ્રયોગો કરવા માંડ્યા છે. ત્યાં આજે એવી પબ્લિક સ્કૂલો ચાલે છે જ્યાં સાતથી અગિયાર વર્ષનાં બાળકો અભ્યાસની સાથેસાથે વિજ્ઞાન અને ટેકનિકલ એડ્યુકેશનના વિવિધ પ્રકારના પ્રયોગો પોતાની મેળે એકબીજાના સહકારથી કરે છે અને શિક્ષકો તો ફક્ત માર્ગદર્શન આપીને વેગળા રહે છે.

દરેક શાળા કે કૉલેજમાં થોડીઘણી ઇતર પ્રવૃત્તિ પણ ચાલતી હોય છે. વિવિધ પ્રકારની રમતો, પ્રવાસો, નાટકો, સભાઓ, ચર્ચાઓ, નિમંત્રિત વક્તાઓનાં ભાષણો, મૅગેઝીન વગેરે ચાલતું જ હોય છે. દરેક વિદ્યાર્થીએ પોતાનાથી બને તેટલો ફાળો એમાં પણ આપવો જોઈએ અને તે બહુ ઉત્સાહપૂર્વક આપવો જોઈએ. આ ઇતર પ્રવૃત્તિને 'ઇતર' એટલે કે બીજી 'વધારા'ની નહિ પણ 'પૂરક' પ્રવૃત્તિ માનો. એ પણ તમારા અભ્યાસનું એક અંગ છે—કદાચ વધારે ઉપયોગી અંગ છે, કારણ કે તમારી શક્તિને તમે અહીં પલોટી શકો છો, એને પ્રદર્શિત કરી શકો છો, તમારામાં રહેલી વિશેષ શક્તિનું તમને એમાંથી ભાન થાય છે, તમારો ઉત્સાહ વધે છે, ને કૉલેજ છોડ્યા પછી જો તમારા પ્રિય ક્ષેત્રમાં તમે મંડ્યા રહો તો તેમાં નામ કાઢી શકો છો. તમને કીર્તિ અને કમાણી બંને મળી શકે છે. કોઈ કામ પોતે હલકું નથી. કોઈ અનુભવ નકામો નથી જતો. કૉલેજજીવન એ રીતે પસાર થવું જોઈએ કે પાંચ-પચીસ વર્ષ પછી એનું રીવિઝન (સ્મરણ) કરવાનું મન થાય. કવિ પ્રેમાનંદે કૃષ્ણ અને સુદામા પાસે એવું રીવિઝન કરાવ્યું પણ છે: 'તને સાંભરે રે - મને કેમ વિસરે રે' એ કડવાની મીઠાશ તમો ભૂલ્યા તો નહિ જ હો. તમને પણ શાળા કે કૉલેજ છોડ્યા પછી કોઈ દહાડો તમારા વિદ્યાર્થીજીવનનું એવું રીવિઝન કરવાનું મન થાય એવી આશા સાથે, આપણે હવે પરીક્ષાના રીવિઝનની વાત કરીશું. (ચાલુ)

લઘુકથા

તૃષા

રમેશ ત્રિવેદી

સુનંદાબહેન ભગવાનની મૂર્તિ સમક્ષ શ્રદ્ધા-ભક્તિથી નમી પડ્યાં. એમની સહેજ ભીની થએલી ઝીણી આંખોમાં ઠાકુરજીની ઝળાંહળાં થતી પ્રતિમા સમાઈ ગઈ.

'લો, બેન!' –પૂજારીએ ભગવાનને ધરાવેલા પ્રસાદનું પૅકેટ પરત કરતાં કહ્યું. એમણે પૅકેટ લઈ પૂજારીને દક્ષિણા આપી. પૂજારીએ એમના વિશાળ કપાળમાં ચંદનની આડચા કરીને આશીર્વચન કહ્યાં: 'ધનની પ્રાપ્તિ થાઓ, પુત્ર-પુત્રાદિ સુખી રહો! ...'

એક ઊંડો શ્વાસ ખેંચી સુનંદાબહેને પગ ઉપાડ્યા. ધીમેધીમે પગથિયાં ઊતરીને એ નીચે આવ્યાં. પગથિયાં આગળ બે ડોસીઓ વાતો કરતી ઊભી હતી. ચંપલ પહેરતાં પહેરતાં ડોસીઓની વાતના શબ્દો એમને કાને પડ્યા: 'હા બેન, અંતે પ્રભુએ મારી અરજ સાંભળીને મારી ચંદનને બીજો ય બાબો આપ્યો. એકને એ રાખશે ને એક મારી પાસે...'

સુનંદાબહેનના પગ મંદિરના દરવાજા તરફ ઘસડાયા. દરવાજામાંથી નીકળી એ થોડુંક ચાલ્યાં ત્યાં જ એક ભિખારણ એમની સામે આવીને ઊભી રહી... 'એ: શેઠાણી-બા, આ છોરો બે દનનો ભૂખ્યો હે!'

એમણે ભિખારણની કેડમાં બેઠેલા ગંદા-માંદલા બાળક સામે જોયું.

'બા, ભગવાન તમારાં છોરાંને સાજાતાજાં રાખહે!' ભિખારણ કરગરી રહી. સુનંદાબહેન મૌન રહ્યાં. એમની આંખો બાળક પર ચોંટી ગઈ.

'શેઠાણી-બા!'—કહી અટકી ગએલી ભિખારણ એના બાળક પર ત્રાટકથી મંડાએલી સુનંદાબહેનની તૃષિત આંખો સામે બે પળ તાકી રહી. એણે ત્વરાથી પોતે ઓઢેલા જીર્ણ સાડલાના છેડાને બાળકના મોં પર ઢાંકી દઈ પીઠ ફેરવી લીધી.

સુનંદાબહેનનો પર્સમાં નંખાએલો હાથ જડ થઈ પડી રહ્યો. અને એમનું હૈયું જાણે એક ધબકાર ચૂકી ગયું. એમણે ઝડપથી ચાલીને પાસે ઊભેલી પોતાની કારનું બારણું પકડી લીધું. □

ફૂલદાન





નિખાર



સુપ્રભાતમ્

માધવરાવ સાતવળેકરનાં ચાર ચિત્રો. ઝીણી ઝીણી વિગતો છાંડી માત્ર રંગના પલટા લપેટાઓથી જ ચિત્રમાં યોગ્ય ઊંડાણ અને ઉઠાવ એ જેમ એમની એક લાક્ષણિકતા છે તેમ સંયોજનોનું વૈવિધ્ય પણ એમની કલાદૃષ્ટિનું દ્યોતક બની રહે છે.

અહીં મથાળે 'ફૂલદાન'ના અચેતન સૌંદર્યથી માંડી 'નિખાર'માંની એકાગ્રતા, 'સુપ્રભાતમ્'ના પાત્રના જેટલી જ પ્રમાણભારવાળી મંજુલ સંયોજના અને 'વાચન'માંની અલસ અંગછટા મનહર અને મુગ્ધકર છે.



વાચન



કલાકાર માધવરાવ સાતવળેકરે આલેખેલી
પોતાના પિતા **તપસ્વી વેદમૂર્તિ પંડિત શ્રીપાદ દામોદર સાતવળેકર**ની તસ્વીર

સાહિત્યસંપર્ક

ધ્વન્યાલોક

(પ્રો. ડૉ. ધીરુભાઈ પરીખ)

શું પૂર્વમાં કે શું પશ્ચિમમાં, કાવ્યને સમજવા-સમજાવવાની કંઈ ઓછી પ્રવૃત્તિ નથી થઈ! પ્રાચીનો ને અર્વાચીનોએ એની વ્યાખ્યાઓ આપવાના પ્રયાસો કર્યા છે અને કરે છે છતાંય એ યથાપ્રમાણ હજુ સતામણી કર્યા જ કરે છે. અને તો ય પેલી સાચી કવિતા તો આ સૌને હાથતાળી દઇને છટકી જ ગઈ છે ને ઊભીઊભી આ સહુ તરફ મરકમરક હસ્યા જ કરે છે. મુક્ત રહેલી અને કવિને પણ મુક્ત કરતી આ કવિતા આમ બંધનમાં જકડાય ખરી? પણ આ દલીલથી કંઈ જિજ્ઞાસુનો અને એને પામવાના પ્રયાસનો છેદ ઉડાડી દઈ શકાય તેમ તો નથી જ.

આપણે ત્યાં પૂર્વાચાર્યોએ આ દિશામાં અનેક સન્નિષ્ઠ અને સચોટ પ્રયાસો કર્યા છે. ભરતે નાટ્યશાસ્ત્રમાં કરેલી રસસિદ્ધાંતની ચર્ચા કાવ્યશાસ્ત્ર માટે પણ એટલી જ ઉપયોગી ગણાઈ છે. પરિણામે, 'રસ'ને કાવ્યના આત્મા તરીકે ઓળખવાની પ્રવૃત્તિ શરૂ થએલી. ત્યાર પછી ઇ. સ.ના સાતમા સૈકામાં ભામહ આવે છે. એ 'અલંકાર'ને કાવ્યનો આત્મા ગણે છે. ઉદ્‌ભટ પણ ભામહના સૂરમાં સૂર પુરાવે છે. આ આલંકારિકો રસને પણ અલંકાર જ ગણતા. પરંતુ એ જ અરસામાં દણ્ડી અને ત્યાર બાદ ઇસુની આઠમી સદીમાં વામન 'રીતિ' સંપ્રદાયના અગ્રેસર બનીને આવે છે. તેઓ રીતિને કાવ્યનો આત્મા સ્થાપિત કરવા પ્રવૃત્ત રહે છે.

ત્યાં જ ઇ. સ.ના નવમા શતકમાં કાશ્મીરી પંડિત આનંદવર્ધન પોતાનો નવો સિદ્ધાંત લઇને આગળ આવ્યા. એમણે 'ધ્વનિ'ને કાવ્યના આત્મા તરીકે ઓળખાવ્યો. પોતાના આ ધ્વનિ-સિદ્ધાંતની વિશદ ચર્ચા એમણે પોતાના 'ધ્વન્યાલોક' નામે ગ્રંથમાં વિગતે કરી છે. તેમાં 'વૃત્તિ' ને 'કારિકા'ઓ દ્વારા આ નવા સંપ્રદાયને એમણે દઢમૂલ કર્યો. એ પહેલાં ખરા કાવ્યશાસ્ત્રીઓએ કાવ્યમાં ધ્વનિનું મહત્ત્વ સ્વીકાર્યું જ નહોતું, બલકે એનો વિરોધ કરતા હતા. આ વિરુદ્ધ મતની સામે 'ધ્વનિ જ કાવ્યનું મુખ્ય તત્ત્વ છે ને ધ્વનિશૂન્ય કાવ્ય નિમ્ન કોટિનું ગણાય' એ પુરવાર કરવાનું આ ગ્રંથનું પ્રયોજન હતું.

આનંદવર્ધને 'ધ્વન્યાલોક'ને ચાર ઉદ્દ્યોતમાં વહેંચી નાખ્યો છે. પ્રથમ ઉદ્દ્યોતમાં ધ્વનિ વિરુદ્ધ ત્રણ મત [૧) ધ્વનિ છે જ નહિ; ૨) ધ્વનિ અને લક્ષણા એકરૂપ છે; ૩) ધ્વનિ જો હોય તો તે એટલો બધો ગૂઢ છે કે તેનું સ્વરૂપ સમજાવી ન શકાય]નો રદિયો આપી ધ્વનિનું અસ્તિત્વ સિદ્ધ કર્યું છે. આ ઉપરાંત ધ્વનિના બે મુખ્ય પ્રકારો 'અવિવક્ષિતવાચ્ય'ને 'વિવક્ષિતાન્યપરવાચ્ય ગણાવવામાં આવ્યા છે અને તેમની સમજૂતી આપવામાં આવી છે.

બીજા ઉદ્દ્યોતમાં ધ્વનિના વધુ પ્રકારો ગણાવવાનો ઉપક્રમ છે. અહીં અવિવક્ષિતવાચ્યના બે પેટાપ્રકારો (૧) અર્થાન્તરસંક્રમિત અને (૨) અત્યંતતિરસ્કૃત, તેમજ વિવક્ષિતાન્યપરવાચ્યના બે પેટાપ્રકારો (૧) અસંલક્ષ્યક્રમ વ્યંગ્ય અને (૨) સંલક્ષ્યક્રમવ્યંગ્ય એવા કુલ ચાર પેટા પ્રકારોની સમજૂતી આપી છે. જે કાવ્યમાં રસનિષ્પત્તિનો આશય મુખ્ય હોય ત્યાં રસ પણ ધ્વનિમાં પરિણમે છે, એમ કહી પ્રથમ વાર જ એમણે 'રસધ્વનિ'નો મત પ્રસ્થાપિત કર્યો છે. આ ઉપરાંત કાવ્યના ગુણદોષની પણ ચર્ચા જોવા મળે છે.વળી, અલંકાર ક્યારે ધ્વનિરૂપ બને છે તે પણ વિશદતાથી સમજાવ્યું છે.

ત્રીજો ઉદ્દ્યોત સૌથી લાંબો છે. આ ઉદ્દ્યોતમાં વ્યંગ્યાર્થને ઉપજાવનાર અથવા સહાય કરનાર વ્યંજકની દૃષ્ટિએ બીજા ઉદ્દ્યોતમાં ગણાવેલ ધ્વનિ-પ્રભેદોને ચકાસવામાં આવ્યા છે. આ પ્રભેદોમાં વ્યંગ્યાર્થ, પદ અને વાક્ય પર કઇ રીતે આધાર રાખે છે તે બતાવવાનો સમ્યક્ પ્રયાસ અહીં થએલો છે. મુક્તક=એક શ્લોકમાં પૂરું થતું કાવ્ય, સંદાનિતક=બે શ્લોકમાં પૂરું થતું કાવ્ય, વિશેષક=ત્રણ શ્લોકમાં પૂરું થતું કાવ્ય, કલાપક=ચાર શ્લોકમાં, કુલક=પાંચ કે વધુ શ્લોકમાં પૂરું થતું કાવ્ય, પર્યાયબંધ, પરિકથા, સકલકથા, ખંડકથા, સર્ગબંધ, અભિનેયાર્થ, આખ્યાયિકા અને કથા એવા કાવ્યપ્રકારોની પણ થોડી ચર્ચા આમાં કરી છે.'ઔચિત્ય' વિષે પણ અહીં અછડતી ચર્ચા જોવા મળે છે, જેના પરથી ક્ષેમેન્દ્રે પોતાના ગ્રંથ 'ઔચિત્યવિચારચર્ચા'માં ઔચિત્યની કાવ્યના આત્મા તરીકે ગણના કરી છે. 'અભિધા', 'લક્ષણા' ને 'વ્યંજનાશક્તિ' વિષે પણ કંઇક સમજ અહીં આપવામાં આવી છે.

ચોથા અને અંતિમ ઉદ્દ્યોતમાં આનંદવર્ધન કહે છે કે જૂના કવિનો કાવ્યવિષય નવા કવિમાં ફરી આવે છે ત્યારે, જેને લઇને એ નાવીન્ય અને ચારુતા ધારણ કરે છે તે તો છે એમાં (નવા કાવ્યમાં) રહેલો કોઇ ને કોઇ પ્રકારનો ધ્વનિ. આ ધ્વનિનું સર્જન કવિપ્રતિભા સિવાય શક્ય નથી. કવિપ્રતિભાનાં યોગ્ય આદર સાથે આ ગ્રન્થ સમાપ્ત થાય છે.

કાવ્યના આત્મા તરીકે ધ્વનિનું બહુમાન કરી સિદ્ધાંત રૂપે એને સ્પષ્ટપણે પ્રસ્થાપિત કરનાર 'ધ્વન્યાલોક' પ્રથમ ગ્રન્થ છે. પરવર્તી કાવ્યશાસ્ત્રીઓએ આ સિદ્ધાંતને ઊલટભેર વધાવી લીધો છે. આપણા કાવ્યશાસ્ત્રના સાહિત્યમાં 'ધ્વન્યાલોક' અમૂલ્ય ગ્રન્થરત્ન છે. પોતાના વિષયની સ્થાપનામાં ગ્રન્થકર્તાની અદ્‌ભુત દલીલશક્તિનો પરિચય થાય છે, અને વિવેચનામાં મૌલિક સર્જનશક્તિનાં દર્શન થાય છે. પૂર્વોક્ત રસ, રીતિ અને અલંકારનો આનંદવર્ધને પોતાના આ ધ્વનિસિદ્ધાંતમાં સુભગ સમન્વય કર્યો છે. આથી જ કાવ્યની ઉત્તમત્તાની કસોટી રૂપ આ સિદ્ધાંત અદ્યપિ પર્યંતના સર્વ સિદ્ધાંતોમાં શિરમોર જેવો છે.

પાશ્ચાત્ય કેળવણીના માળખાએ આપણી કેટલીક જ્ઞાનક્ષિતિજો વિકસાવી છે બેશક, પણ સાથેસાથે આપણા પ્રાચીન વારસા પ્રત્યે આપણે ઉદાસીન થતા ગયા છીએ એ કંઈ ઓછો ગેરલાભ નથી! હજારેક વર્ષ પૂર્વે રચાએલા આ ગ્રંથનો અભ્યાસ કરવાથી એ વાતની અવશ્ય પ્રતીતિ થશે કે કાવ્યસિદ્ધાંતની પાશ્ચાત્ય તત્ત્વચર્ચાને મુકાબલે આપણે ત્યાં પણ ગૌરવ અપાવે તેવી તલસ્પર્શી અને તાજગીભરી તત્ત્વચર્ચા થએલી જ છે.

આ તબક્કે આવા અપૂર્વ ભારતીય કાવ્યશાસ્ત્રના ગ્રંથનું સંપાદન, તેના ગુજરાતી અનુવાદ અને ટિપ્પણ સાથે, તદ્‌વિષયના અધિકારી એવા ડોલરરાય માંકડને હાથે થયું છે તે અત્યુચિત છે. 'રા. વિ. પાઠક સ્મારક માનવવિદ્યા ગ્રંથપ્રકાશન'ના પ્રથમ મણકા તરીકે ગુજરાત યુનિવર્સિટી દ્વારા આ ગ્રંથ પ્રસિદ્ધ થાય છે તેમાં એ કાવ્યજ્ઞ કવિનું સાચું તર્પણ છે. કાવ્યના ચાહકોને માટે આ ગ્રંથ ખૂબ જ ઉપયોગી છે. વિશેષ તો એ વિષયના વિદ્યાર્થીઓ ને શિક્ષકોને આ ગ્રંથ એના સમુચિત ભાષાંતર અને વિસ્તૃત ટિપ્પણને લઇને મહત્ત્વનો માર્ગદર્શક થઈ પડશે. ફક્ત ઉદાસીનતા ખંખેરવા માટે આ અને આવા અન્ય ગ્રંથોનાં પ્રકાશન અને પ્રચાર ખૂબ જ ઉપયોગી હોઈ આવકાર્ય છે.

(ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯; રૂ. ૧૦)

વોરા ઍન્ડ કંપની
ગાંધી ચેમ્બર્સ ગાંધી માર્ગ અમદાવાદ ૧
૩ રાઉન્ડ બિલ્ડિંગ મુંબાઈ ૨

મનપસંદ નિબંધો: કોઈ પણ ભાષામાં સાહિત્યનાં પુસ્તકોની જેટલી જરૂરિયાત છે એટલી જ, બલકે એનાથી પણ વધુ, જુદા જુદા સાહિત્યપ્રકારોનું તવારીખબદ્ધ પ્રતિનિધિત્વ કરે તેવા સંગ્રહોની જરૂર રહે છે. ટૂંકી વાર્તા, કવિતા કે નાટકનાં ક્ષેત્રે જેમનું પ્રદાન નોંધપાત્ર હોય એવા લેખકોની નમૂનારૂપ કૃતિઓના સંદોહ કરી આપવાની જવાબદારી આપણા પીઢ વિવેચકોની છે. આવા ગ્રંથોના પરિશીલન દ્વારા સાહિત્યના ભિન્નભિન્ન સ્વરૂપોમાં આપણી ભાષાએ કેવું કાઠું કાઢયું છે તેની સમજ વાચક આપમેળે મેળવી શકે એટલું જ નહિ, કૃતિઓની જાતમાહિતી દ્વારા તેના લેખકની શક્તિ ને મર્યાદા પણ જાણી શકે. આપણા સુપ્રસિદ્ધ વિવેચક વિજયરાય ક. વૈદ્યનું આ સંપાદન આ દિશાનો એક નિષ્ઠાવાન પ્રયાસ છે.

નિબંધના આ સંગ્રહમાં નિબંધિકાનાં લક્ષણોવાળી રચનાઓનું સંખ્યાપ્રમાણ જાણી જોઈને વિશેષ રાખ્યું છે, કેમ કે દરેક પ્રકારના વાચકને રુચિ અનુસાર પથ્ય ને રસિક વાચન પૂરું પાડવાની સંપાદકે નેમ રાખી છે. છેક નર્મદાશંકર દવે (કવિ નર્મદ)થી એટલે કે ઈ. ૧૮૫૦થી ઉમાશંકર જોશી સુધીના વિચારક સાહિત્યકારોના આમાંના નિબંધો તે તે લેખકના વ્યક્તિત્વના આગવા રંગ રજૂ કરે છે.

આ પ્રકાશન જરૂરી હતું ને આવાં બીજાં હજી પણ જરૂરી છે. સાહિત્ય અકાદમી, (દિલ્હી) વતી કરેલું પ્રકાશન, પૃ. ૨૯૯, પાકું પૂઠું રૂ. ૭.

શ્રેષ્ઠ જર્મન વાર્તા: આધુનિક જર્મન સાહિત્યમાંથી નવોદિત લેખકોની બાર ટૂંકી વાર્તાઓનું શેખાદમ આબુવાલાએ મૂળ જર્મન ભાષામાંથી બારોબાર ગુજરાતીમાં અવતરણ કરીને વિશ્વસાહિત્ય પ્રત્યેની આપણી અભિમુખતા ઉત્તેજિત કરવામાં મહત્ત્વનું કામ કર્યું છે. ઇતિહાસ અને ભૂગોળનાં પાઠ્યપુસ્તકો દ્વારા જ ન પામી શકાય તેવા આજના જર્મન જનજીવન વચ્ચે આ વાર્તાઓ આપણને લઈ જાય છે એટલું જ નહિ, જર્મનીના તાજા લેખકોના ચેતનાપ્રદેશમાં ડોકિયું કરવાની સુવિધા કરી આપે છે. જાણીતા ગઝલકાર શેખાદમ જર્મનીની આકાશવાણીમાં કામ કરતા હોઈ જર્મન વિચાર ગુજરાતીભાષામાં ઝીલીને જર્મન-ગુજરાતી વચ્ચેનો સંનિષ્ટ સેતુ બનવાની તેમની હેસિયત છે. આ અનુવાદથી તે હેસિયત બર આવી છે. પ્ર૦ શ્રી હૉર્સ્ટ ઍર્ડમનના સહકારથી કરેલું પ્રકાશન. પૃ. ૨૯૮, પાકું પૂઠું, રૂ. ૫.

ઊર્મિની ઓળખ

નામી ગુજરાતી ગઝલકારોનાં જીવન તેમ જ કવનનો પરિચય

[૧૪]

કરાવનાર · જલન માતરી



'ઓજસ' પાલનપુરી

મોતની મંઝિલ સુધી એમની કલ્પના પહોંચી ન શકતાં આખરે પોતે જ એ તરફ ભરજવાનીમાં પ્રયાણ કરી જતાં ગુજરાતી ગઝલ-ગગનનો એક તેજસ્વી તારો તા. ૪-૧૦-૬૮ના રોજ ખરી પડચો. એ મોટામિયાં અલીમિયાં સૈયદ ગઝલસાહિત્યમાં 'ઓજસ' પાલનપુરી તરીકે જાણીતા છે. પાલનપુરમાં તા. ૨૫ જુલાઈ ૧૯૨૭ના રોજ જન્મ. માત્ર છ ચોપડી સુધીનો અભ્યાસ. વ્યવસાય ખેતી અને બાગબાનીનો. સર્પદંશથી થએલા મૃત્યુ પછી એમનો ગઝલ સંગ્રહ 'ઓજસ' બહાર પડચો.

એમના દાદા લાલમિયાં ઉર્દૂ ભાષાના સિદ્ધહસ્ત શાયર હતા. 'લાલ' એમનું ઉપનામ હતું. એ રીતે મોટામિયાંમાં દાદાનો વારસો આવતાં મોટામિયાં 'ઓજસ'નું પ્રાકટ્ય થયું.

સદ્ભાગીના નસીબમાં અંધકાર કેમ હોય છે એ જાણવા માટે 'ઓજસ'ના શેરની ગૂંથણીને સમજવાની જરૂરત છે. આંગળી જળમાંથી નીકળતાં જગ્યા પુરાઈ જતાં પોતાની હસ્તીનું ભાન કરાવતા, મરણની લાજ લૂટીને અમર ન બનવા માગતા આ સ્વર્ગસ્થ શાયરના શે'રો વાંચીને એમની યાદને તાજી કરીએ :

મારી હસ્તી મારી પાછળ એ રીતે વિસરાઈ ગઈ;
આંગળી જળમાંથી નીકળીને જગા પુરાઈ ગઈ.

પ્રભુના સર્વ સર્જનની પ્રતિષ્ઠા જાળવું છું હું,
મરણની લાજ લૂટીને નથી થાવું અમર મારે.

દિલના કિલ્લા સર કરે છે એનું કારણ એ જ છે,
આંખનું પાણી છે 'ઓજસ્' પ્રેમની તલવારમાં.

જીવનભર જિંદગી વિષે અમોને કૈં ખબર ન્હોતી,
મરણ ટાણે પડી સમજણ કે એ હેતુ વગર ન્હોતી.
દિલાસા આપનારાઓએ મારું ધ્યાન દોર્યું છે,
નહિતર હું દુઃખી છું એની મુજને તો ખબર ન્હોતી.

જેમને શ્રદ્ધાની ઉપર સાચી શ્રદ્ધા હોય છે;
જો ખરું પૂછો તો એ ડૂબી ગએલા હોય છે.
આસ્તિક વા નાસ્તિક હો કોઈ, સૌની જીભ પર
એક યા બીજા સ્વરૂપે તારી ચર્ચા હોય છે.

આપનારા એટલું આપ્યે ગયા;
મારે ખુદ કહેવું પડ્યું, પાલવ છે તંગ!
કેમ 'ઓજસ્' મોતથી ગભરાય છે?
મોત પણ છે જિંદગીનું એક અંગ.

ઉતાવળ એ જ કારણથી નથી કરતો હું દર્શનની,
હકીકતથી વધુ સુંદર હકીકતના વિચારો છે.

ખાલી રહી શક્યું ન કોઈ પણ દશામાં દિલ,
આશા ગઈ તો એમાં નિરાશા વસી ગઈ.
આખું જીવન પરીક્ષા બનીને વહી ગયું,
પરિણામ માટે એ જ કયામત રહી ગઈ.

ચમક્યું છે એનું નામ અમારાથી વિશ્વમાં,
ઈશ્વરના ભાગ્યની અમો રેખા બની ગયા.
'ઓજસ્' આ રીતે સાચવી લીધો અમે સંબંધ,
એ તેજ થઈ ગયા, અમો છાયા બની ગયા.

માનવ પ્રતિનિધિ ના છે તારો તો હે ખુદા,
'ઓજસ્'ને તારી સર્વ ખબર હોવી જોઈએ.

જો અશ્રુ સારવાં છે તો કોઈના જખ્મ પર સારો,
છે શોભા એ જ ઝાકળની કે એ ફૂલો ઉપર વરસે.

ચારે તરફથી જ્યારે નિરાધાર હોય છે,
માણસ એ વખતે સાચો કલાકાર હોય છે.
એનો સિતારો એ વિના ચમકી શકે નહિ,
સદ્ભાગીના નસીબમાં અંધકાર હોય છે.

ભાવિની વેતરણમાં ગુમાવ્યો મેં વર્તમાન,
જન્નતના લોભે હાથથી સંસાર પણ ગયો.

સાગરને જઈ કહો કે હરીફાઈ તો કરે,
હૈયું ય કોઈ વાર વલોવાઈ જાય છે.

ઘર મહીં 'ઓજસ્' વધારે રોશની સારી નહિ,
હોય જ્યાં દીવા ઘણા, ત્યાં હોય પડછાયા ઘણા.

પીને શરાબ ઊંઘો તો સ્વપ્નાં ય ના જુઓ,
તરસ્યા રહીને જાગો તો પીવાય ચાંદની.

જોવો પડે છે અસ્ત હમેશાં ઉદય પછી,
સ્હેવો પડે છે વિરહ મિલનમાં સમય પછી.
તુજથી જુદા પડચા પછી આવ્યો મને વિચાર
કેવી દશા થશે આ પ્રભુની પ્રલય પછી.

બધી રીતે એ પોતે સર્વશક્તિમાન છે, માન્યું,
ઘણા એ નાસ્તિકોના દિલને પલટાવી નથી શકતો.
આ નિર્બળતા પ્રભુની કોઈના સમજી શક્યું 'ઓજસ્'
કે એ નિજની હકીકત સૌને સમજાવી નથી શકતો.

જીવનથી એક વાર મુલાકાત થઈ શકે
મૃત્યુ વિષેની તો જ કોઈ વાત થઈ શકે
છે હાજરી જરૂર કોઈ એક પક્ષની
સંભવ નથી કે એ વિના પંચાત થઈ શકે.

મોતની મંઝિલ સુધી મુજ કલ્પના પહોંચી નહિ,
મારે પોતાને જ છેવટ એ તરફ જાવું પડચું.

આંતર વિશ્વવિદ્યાલય શતરંજ ટૂર્નામેન્ટ

ગયા સપ્ટેમ્બર માસમાં હૈદરાબાદ ખાતે રમાએલી આંતર વિશ્વવિદ્યાલય શતરંજ ટૂર્નામેન્ટમાં 'કુમાર'ના પણ ઘણા વાચકોએ સૌરાષ્ટ્ર, ગુજરાત અને મુંબાઈ વિશ્વવિદ્યાલય તરફથી ભાગ લીધો હતો એટલે એના પરિણામ વિષે જાણવું રસમય બની રહેશે.

આ ટૂર્નામેન્ટમાં ૨૧ વિશ્વવિદ્યાલયોએ ભાગ લીધો હતો. દરેક ટીમમાં ચાર ખેલાડી હતા અને ટૂર્નામેન્ટ સ્વિસ પદ્ધતિથી તથા આઠ રાઉન્ડમાં રમાઈ હતી. વધુમાં વધુ ૩૨ પૉઈન્ટથી ૨૨ પોઈન્ટ મેળવીને મુંબાઇએ પ્રથમ સ્થાન મેળવ્યું. ગયા વખતના પ્રથમ વિજેતા મદ્રાસને બીજું અને બીજા આવેલા સૌરાષ્ટ્રને આ વખતે ત્રીજું સ્થાન મળ્યું. જેમાં મદ્રાસને ૨૦½ને સૌરાષ્ટ્રને ૨૦ પૉઈન્ટ મળ્યા.


મુંબાઈ તરફથી સારો દેખાવ કરનારામાં એક, કોયડા હરીફાઈમાં સુંદર ઉકેલ મોકલનારા મહેન્દ્ર મહેતા હતા. પહેલા બોર્ડ ઉપર સૌથી વધુ ૮માંથી ૬½ પૉઈન્ટ ગુજરાતના ગૌરાંગ મહેતાએ લીધા હતા. તેમની પાછળ તુરત હતા સૌરાષ્ટ્રના દિલીપ આહલપારા (૬ પૉઈન્ટ). સ્વિસ પદ્ધતિમાં જે ટીમના વધુ પૉઈન્ટ હોય તેને વધુ અઘરા રાઉન્ડ મળે તે જોતાં તેમનો દેખાવ ગૌરાંગ મહેતા કરતાં પણ સારો ગણાય. મુંબાઇથી આવેલા ખેલાડીઓએ પણ એમની રમત વખાણી હતી.

સૌરાષ્ટ્ર તરફથી બીજા અને ચોથા બોર્ડ ઉપર આર. સી. ગાંધી અને આર. બી. દવેએ પણ સારું રમીને ૮માંથી ૫½ પૉ. મેળવ્યા હતા.

આંતર વિશ્વવિદ્યાલયમાં આમ બીજી વખત સારો દેખાવ કરવા બદલ સૌરાષ્ટ્ર વિશ્વવિદ્યાલયના ખેલાડીઓ અને ટીમના મૅનેજર ડૉ. ઇન્દ્રવદન મોદીને અભિનંદન.

શતરંજનો કોયડો-૧૧ .... સુરેશ મોદી

C. J. R. SAMMELIU



white to play and make in three

સ્થિતિ: 3/1Q2NK1p/2rpp3/p3k p1B/1BPb1p2/2p1N3/8/3R4.

કોયડો: સફેદે ચાલવાનું અને ત્રણ ચાલમાં મ્હાત કરવાનું. ઉકેલમાં ચાવીની ચાલ, ધમકી અને મુખ્ય વિકલ્પો આપવા.

ઉકેલ મોકલવાની છેલ્લી તા. ૩૧-૧૨-૧૯૭૦ પરદેશમાં વસતા વાચકો માટે ૩૧-૧-૧૯૭૧. ઉકેલ મોકલવાનું સરનામું:

Suresh M. Mody, 6/9 Kandhari Colony, Chembur, Bombay 71 AS.

કોયડા નં. ૮ (ઑગસ્ટ ૧૯૭૦)નો ઉકેલ:
સ્થિતિ: 7N/Ppp2p2/Rrk4P/K1 P5/1P2P2P/2P4Q/5p1R/5NB1.

કોયડો: સફેદે ચાલવાનું અને ત્રણ ચાલમાં કાળાને સફેદ રાજાને મ્હાતકરવાફરજ પાડવાની.

ચાવીની ચાલ: 1 P–R8(=B)! ૨ ગુણ

વિકલ્પો: (૧) 1...P × B(=Q);
2 P–B8(=Q)!

નીચેના બે વિકલ્પ વિના કાળો વજીર ગમે ત્યાં જાય તો યે સફેદ તેને મારી શકે ને પરિણામે તેને 3...,R × R mate કરવાની ફરજ પડે. હવે 2...,Q × N; 3P–N5ch, Q × P mate (અહીં 3Q/8 × Q? પછી R × Rથી શેહ છે મ્હાત નથી) અને 2...,Q × Pch; 3 P–N5ch, Q × P mate ૨ ગુણ

અહીં 2 P–B8(=R)? ચાલે તેમ નથી; કારણ 2...Q × Pch પછી ત્રણ ચાલમાં મ્હાત કરવાની ફરજ પડતી નથી.

ઘણા વાચકોએ 1...,P × B(=Q);નાજવાબમાં 2R–Q2ની ચાલ બતાવી છે તે ખોટી છે. આનાજવાબમાં કાળો 2...,Q × N!રમીશકે. હવે 3P–N5, K × BP! અને 3Q × Q, R × Rch! અને સફેદ રાજા મ્હાત નથી થતો કારણ વજીરનો R6 ખાના ઉપર કાબૂ છે.

(૨) 1...,P × B(=R); 2P–B8(=R)? અહીં હવે કાળો હાથી ગમે ત્યાં ચાલે,સફેદ તેને યોગ્ય મ્હોરા વડે શકે અને પછી 3...,R × R થી મ્હાત કર્યા વિના છૂટકો ન રહે. ૨ ગુણ

અહીં પણ ઘણા વાચકોએ 2R–Q2? ચાલ બતાવી છે. પણ 2...,R × N! થી તે નિષ્ફળ જાય છે. અમુક વાચકોએ અહીં પણ 2P–B8(=Q)? ચાલ બતાવી છે. આ ચાલ પણ2 ...;R × N !થી નિષ્ફળ થાય છે.

(૩) 1...,P × B(=B); 2P–B8(=B)!

હવે ઊંટ ગમે ત્યાં ચાલે તે હાથી, ઘોડા કે ઊંટથી મરે અને પરિણામે 3...,R × Rથી મ્હાત ફરજિયાત છે. ૨ ગુણ

અહીં પણ 2P–B8(=Q)? ન રમી શકાય, કારણ 2...,P × B પછી 3Q × Bથી તો ઊલટું કાળો મ્હાત થઈ જાય છે અને 3P × B પછી R × Rથી શેહ છે, મ્હાત નથી(સફેદનું QN4 ખાનું રાજા માટે હવે ખાલી થઈ ગયું છે.)

(૪) 1...,P × B(=N); 2P–B8(=N)!

હવે ઘોડો ગમે ત્યાં ચાલે પણ હાથી કે વજીરથી મરે છે અને પરિણામે 3...,R × R મ્હાત ફરજિયાત છે. ૨ ગુણ

અહીં 2,...N × Q; 3R × N પછી કાળો રાજા 3...,KQ2 ન રમી શકે તે માટે પ્યાદાને ઘોડોબનાવવો ને Q7પરકાબૂમેળવવો જરૂરીછે.

આપણે ઉપર જોયું તેમ કાળો પહેલી ચાલે પ્યાદાના બદલામાં જે મ્હોરું બનાવે તેના જવાબમાં સફેદ બીજી ચાલે તે જ મ્હોરું લેવું પડે છે. આ ચારેય Promotion બહુ જ આકર્ષક રીતે બતાવાયા છે અને એકેયમાં તે સિવાયનું કોઈ પણ મ્હોરું બનાવીને ઉકેલ આપવો શક્ય નથી. આ એક Task problem છે અને તે Babsontask theme તરીકે ઓળખાય છે. ચાવીના ચાલમાં underpromotion (પ્યાદાને વજીરથી ઓછી કિંમતનું મ્હોરું બનાવવું તે) છે તેથી કોયડો રસમય બને છે.

ઉકેલ મોકલનારનાં નામ અને તેમણે મેળવેલ ગુણ: (૧) કલ્યાણભાઈ મૂલિયા, વિરમગામ (૨) મહેન્દ્ર મહેતા, ભૂજ અને (૩) ડૉ. ઇન્દ્રવદન મોદી, ભાવનગર-ત્રણેના ૧૦ ગુણ (૪) નટવરલાલ સૌદેશિયા, અમદાવાદ-૯ (૫) લક્ષ્મણ હરિરામ, અમદાવાદ-૮ (૬) સુમન દોશી, કાલાવડ (૭) ભૂદરભાઈ ચાવડા, વિરમગામ (૮) ગોપાલ તેરૈયા, અમરેલી (૯) કિશોરચંદ્ર ગાંધી, કાલાવડ (૧૦) મુકેશ સરૈયા, અમરેલી અને (૧૧) બિપિન પટેલ, અમદાવાદ દરેકના ૬ ગુણ (૧૨) દિલીપ આહલપારા, ભાવનગર ૫½ ગુણ (૧૩) અવિનાશ પટવર્ધન, અમરેલી અને (૧૪) એસ. ટી. સોલંકી, અમદાવાદ બન્નેના ૫ ગુણ (૧૫) મહેન્દ્ર ત્રિવેદી, કલોલ ૩½ ગુણ અને (૧૬) અશોક ભણશાળી ૨ ગુણ.

ઇંગ્લૅન્ડ અને આયર્લૅન્ડ

ડૉ. પ્રહ્‌લાદભાઈ શુ. વૈદ્ય

૬

ન્યૂ કૅસલ અપૉન ટાઈન,
તા. ૨૧–૩–૧૯૭૦

વહાલાં બાળકો,

યૉર્ક યુનિવર્સિટી તો સાત વર્ષ પહેલાં જ સ્થપાએલી. તેના પ્રમાણમાં ન્યૂ કૅસલની યુનિવર્સિટી તો ઘણી જૂની છે. અહીંની કિંગ્સ કૉલેજ તો લગભગ ૧૦૦ વર્ષ જૂની હશે.

યુનિવર્સિટી શહેરની બરાબર મધ્યમાં આવેલી છે એટલે સમય જતાં વિકાસ કરવા માટે તેની પાસે જમીન ક્યાંથી મળે? એ સમસ્યાનો ઉકેલ બે રીતે કાઢ્યો છે: એક તો આજુબાજુનાં મોટાં મકાનો ખરીદી લેવાનો. શહેરનો મધ્ય ભાગ, એટલે મુંબાઇના કોટ વિસ્તાર જેવી ગીચતા. એમાં યુનિવર્સિટીની નજીક આવેલી એક હોટેલનું ત્રણ માળનું આલીશાન મકાન યુનિવર્સિટીએ ખરીદી લીધું છે, જેમાં શિક્ષકો માટેનો કૉમનરૂમ, બુફે કાફેટેરિયા તથા લંચ અને ડાઇનિંગ હૉલ છે. અહીં બપોરનું ભોજન (લંચ) બધા કૉલેજમાં જ લે, અને આખી યુનિવર્સિટીમાં ૮૦૦ જેટલા શિક્ષકો હશે; એટલે તેમને માટે બપોરના ભોજન અને ચા માટે એક વિશાળ હોટેલ જેટલી જ વ્યવસ્થા કરવી પડે ને?

વિકાસનો બીજો રસ્તો, અલબત્ત, ઊંચાં મકાન બાંધવાનો છે; પણ યુનિવર્સિટીની સામે જ અહીંની મ્યુનિસિપાલિટીનું મકાન છે. આ સિવિક સેન્ટરનું મકાન બહુ જ સુંદર ને ઘાટીલું છે. તેની શોભા મારી ન જાય તેટલા માટે મ્યુનિસિપાલિટી તેની આસપાસ તેનાથી વધુ ઊંચાં મકાન બાંધવા દેતી નથી. ઉપરની દિશામાં વિકાસ કરી વધુ જગ્યા મેળવવાનો ઉપાય રહ્યો નથી. તેથી હવે આજુબાજુના પહોળા રસ્તાની પહોળાઈ ઉપર પુલ બાંધી તે પુલ ઉપર મકાનો બાંધવાની હિકમત શોધી કાઢી છે! આ રીતે બાજુના એક હાઈ વે પર ૨૦ ફૂટ ઊંચો પૂલ બાંધી તેના ઉપર ત્રણ માળનું વિશાળ મકાન ઊભું કર્યું છે. મકાન બધાં જ ઍરકન્ડિશન્ડ (પેટી જેવાં બંધ અને વાયુ-અનુકૂલિત) એટલે તમારી નીચેથી ૬૦ માઈલની ઝડપે મોટરો ધસ્યે જતી હોય તો પણ તમે નિરાંતે લાયબ્રેરીમાં બેસીને અધ્યયન કરી શકો! અને હવે યુનિવર્સિટીના બીજી બાજુના ગ્રેઈટ નૉર્ધર્ન મોટર વે ઉપર પુલ બાંધીને તે પર નવું વિશાળ મકાન બાંધવાની યોજના છે! છે બુદ્ધિ કોઈના બાપની?

યૉર્કની નવી યુનિવર્સિટી, ઇંગ્લૅંડની જૂની યુનિવર્સિટીઓ ઑક્સફર્ડ અને કૅમ્બ્રિજને ધોરણે, કૉલેજોમાં વહેંચાએલી છે: જ્યારે ન્યૂ કૅસલની આ જૂની યુનિવર્સિટી અમેરિકાની યુનિવર્સિટીઓની જેમ એક જ એકમ છે. બધા જ વિદ્યાર્થીઓ યુનિ૰ના વિદ્યાર્થીઓ, અને બધા જ શિક્ષકો યુનિ૰ના શિક્ષકો. આપણે ત્યાંના યુનિવર્સિટી વિજ્ઞાન-ભવનના અધ્યક્ષ પ્રો. ચીનૉયના જમાઈ ડૉ. ફ્નીબન્દા અહીં ડેન્ટલ સ્કૂલમાં લેક્ચરર છે. એ ડૉ. ફ્નીબન્દા અને અમારા ગણિતના ડૉ. ગિલ્બર્ટ બંને યુનિવર્સિટીના એક જ કૉમન રૂમના સભ્ય ગણાય!

ન્યૂ કૅસલ તો ઘણું જૂનું શહેર છે અને તેની આસપાસના વિસ્તારમાં કોલસાની મોટી ખાણોને લીધે તેની મોટી ખ્યાતિ છે. વળી અહીંના સમુદ્ર-કિનારાથી ૧૦ માઈલ અંતરાળમાં ટાઈન નદી ઉપર તેનું મોટું બંદર છે અને તે દસ માઇલના વિસ્તારમાં સ્ટીમર બનાવવાના મોટા જહાજવાડા આવેલા છે. તેના ઇતિહાસને કારણે, કે પછી જૂનું ઔદ્યોગિક કેન્દ્ર હોવાને કારણે, બીજાં શહેરોનાં પ્રમાણમાં અહીં રૂઢિચુસ્તતા વધારે જણાય છે. યૉર્કની યુનિવર્સિટીમાં છોકરા-છોકરીનું પ્રમાણ લગભગ સરખું જણાય, પણ અહીં તે પ્રમાણ લગભગ બે જેમ એક જેટલું હશે; અને



વૉલસેન ઑન ટાઈન અને બૉનેસ ઑન સૉલવેકર્થ વચ્ચે રોમન સમ્રાટ હેડ્રિયને ઈ. ૧૨૨માં બંધાવેલી લગભગ ૭૩½ માઈલ લાંબી, ૧૮ ફૂટ ઊંચી ને છથી વધુ ફૂટ પહોળી આ દીવાલ એના નામ પરથી હેડ્રિયન્સ વૉલ તરીકે પણ ઓળખાય છે. એમાં વચ્ચેવચ્ચે નાની ગઢીઓ પણ બાંધેલી હતી.

આપણી પેઠે અહીં પણ આર્ટ્‌સમાં છોકરીઓ વધુ જાય છે.

આપણે ત્યાં સૌથી હોશિયાર વિદ્યાર્થી એન્જિનીઅરિંગ કે મેડિસીનમાં જાય ત્યારે અહીં! ગઈ કાલે જ પ્રો. ગિલ્બર્ટ જોડેની વાતમાં જાણવા મળ્યું કે તેમનો એક દીકરો પ્રમાણમાં ઍવરેજ શક્તિવાળો (૫૦ ટકા જેટલા માર્ક લાવી શકે તેવી શક્તિવાળો) છે, એટલે તે સાયન્સમાં ચાલી શકે તેમ નહોતો, તેથી તેને કેમિકલ એન્જિનીઅરિંગમાં દાખલ કર્યો છે! આપણને તેથી કેટલું બધું આશ્ચર્ય થાય! પણ આ તો નૈસર્ગિક પરિસ્થિતિ છે અને જ્યારે પૂરેપૂરું ઉદ્યોગીકરણ દેશમાં થાય ત્યારે જ આવી નૈસર્ગિક સ્થિતિનું નિર્માણ થાય: મધ્યમ કક્ષાના વિદ્યાર્થીઓ એન્જિનીઅરિંગમાં અને ઉચ્ચ કક્ષાના વિદ્યાર્થીઓ બી. એસસી. અને તેથી આગળના કોર્સમાં. આપણી હજી અર્ધદગ્ધ સ્થિતિ છે એટલે આપણે ત્યાં બિનકુદરતી પરિસ્થિતિ દેખાય છે.

લિ. કાકાના આશિષ

૭

ન્યૂ કૅસલથી કૅમ્બ્રિજ જતાં તા. ૨૩–૩–૧૯૭૦

વહાલાં બાળકો,

આ શનિ-રવિ ડૉ. અને મિસિસ ગિલ્બર્ટ સાથે ફરવામાં ગાળ્યા. શનિવારે સવારે લગભગ ૧૧–૩૦ વાગ્યે અમે તેમની કારમાં નીકળ્યાં. ન્યુ કૅસલ નજીકથી પસાર થતી રોમન દીવાલ જોવા જવાનો કાર્યક્રમ હતો.

ન્યુ કૅસલ ઇંગ્લૅન્ડની ઉત્તરે ને ઇંગ્લૅન્ડ તથા સ્કૉટલૅન્ડ વચ્ચેની સરહદ પાસે આવેલું શહેર છે. નકશામાં ગ્રેઈટ ટાપુ દેખાતા બ્રિટનમાં ત્રણ જુદાજુદા દેશ આવેલા છે. એક તો ઇંગ્લૅન્ડ ટાપુનો ઉત્તર ભાગ સ્કૉટલૅન્ડ, અને બીજો ટાપુની દક્ષિણ-પશ્ચિમે સાવ નાનો (કદાચ જૂના ભાવનગર રાજ્ય જેવડો) પ્રદેશ તે વેલ્સ. ઇંગ્લૅન્ડ, સ્કૉટલૅન્ડ ને વેલ્સનું ગ્રેઈટ બ્રિટન બને. આ ત્રણ પ્રદેશો એક જ રાજાના અમલ નીચે તો છેલ્લાં લગભગ ૬૦૦ વર્ષથી જ દે[illegible] પહેલાં ત્રણે જુદાંજુદાં રાજ્યો હતાં.

આજથી ૧૮૦૦ વર્ષ પ[illegible]ં ભૂમધ્ય સમુદ્રના કિનારા પર રોમન સામ્રાજ્ય વિકસ્યું હતું. એ લોકોએ ઇંગ્લૅન્ડ ઉપર પણ ચડાઈ કરી ત્યાં વસાહત સ્થાપી. અને પછી ઇંગ્લૅન્ડના મૂળ નિવાસીઓને હરાવી ત્યાં પોતાનું રાજ્ય સ્થાપ્યું. ત્યાર બાદ તેઓએ ઉત્તરમાં સ્કૉટલૅન્ડ ઉપર ચડાઈ કરી, પણ ત્યાં ફાવ્યાં નહિ. સ્કૉટલૅન્ડની મૂળ પ્રજાએ તેમને હરાવ્યા એટલું જ નહિ પણ એ રોમનોના ઇંગ્લૅન્ડના રાજ્ય ઉપર સ્કૉટિશ ધાડાંઓએ વળતા હુમલા કરવા માંડ્યા. આ હુમલાઓથી બચવા માટે રોમન લોકોએ ઇંગ્લૅન્ડ અને સ્કૉટલૅન્ડ વચ્ચે એક મોટી દીવાલ બાંધી. આ દીવાલનો કેટલોક ભાગ હજુ સાબૂત છે. દીવાલ સાથે (અનુ. પૃ. ૪૪૧)

પચ્ચીસ વર્ષ પહેલાં

આવેલી એક હૃદયસ્પર્શી વાર્તા



અનાથાશ્રમમાં ઊછરીને મોટો થએલો રઘુવીર, પ્રારબ્ધનો ફંગોળેલો જીવનમાં કંઈકંઈ સાહસો ખેડતો આજ ગંગાકિનારાના એક નાનકડા ગામડાની પોલીસ ચોકીમાં બેઠો હતો. પાસે બેઠી હતી પચીસેક વર્ષની દુલારી. ક્રાંતિના નાસતા ફરતા એ બંને ભાગેડુઓ સામે, ધોળા વાળવાળો એક કરડો સિપાહી ચોકી પહેરો દેતો બેઠો હતો. એ વફાદાર ને કર્તવ્યચુસ્ત ચોકીદારના પંજામાંથી છટકવાના પેંતરા રઘુવીર અજમાવ્યે જતો હતો.

'તમને આ અવસ્થાએ આવાં ગામડાંમાં આથડવું આકરું તો પડતું હશે!' રઘુવીરે થોડી વાર રહીને પૂછ્યું: 'અને તે ય અહીં પારકા પરદેશમાં,—સગાંવહાલાંથી દૂર, એકલાં...' પોતાના ચોકીદારના ઉચ્ચારો પરથી તેણે જોઈ લીધું હતું કે એ પંજાબ તરફનો હતો, એટલે પંજાબી લહેકાથી એણે હમદર્દીથી પૂછ્યું.

'હા; તારા જેવા કોક જ મળે છે!'

થોડી વારની શાંતિ પછી એના અવાજમાં, કોણ જાણે કેમ, એકાએક કોઈ ઊંડા શોકના દબાએલા દૂમાની ગળગળી છાંટ આવી, અને એ આગળ બોલ્યો: 'અને આમે ય જીવન આખું એકલવાયું જ ગયું છે ને?—બે છોકરા એકસાથે ગુમાવી બેઠો ત્યારથી. એનાં કાકાકાકી પ્રયાગના કુંભમેળામાં એ બંનેને લઈ ગયાં હતાં. ત્યાં કૉલેરામાં કાકાકાકી બંને અચાનક મરણ પામ્યાં. હું તો દૂર નોકરીએ હતો. દોડી આવીને બહુ યે તપાસ કરી, પણ પત્તો ન લાગ્યો. કહે છે કે નાનો તો કોઇને હાથ પડ્યો હતો. પણ હું એનું મોં જોવા ય ન પામ્યો. આજે ય એમે જોઉં તો ઓળખી કાઢું. એના જમણા બાવડા પર ત્રણ પાંખડીના લવીંગિયો મસો છે.'

રઘુવીર બોલી ઊઠ્યો: 'મસો? ત્રણ પાંખડીનો? લવીંગિયો? જ—જમણા બાવડા પર?' અને એમ તત પપ થતો તે પોતાનું જમણું બાવડું દબાવી રહ્યો. 'પ્રયાગના... કુંભમેળામાં?'

'કેમ કેમ? તને શું...તું? શું તું જ મારો દીકરો?' આશ્ચર્ય, આશંકા ને શ્રદ્ધાના સંમિશ્રણવાળા અવાજે સિપાહી બોલી ઊઠ્યો.

પણ રઘુવીરે જમણી બાંહ્યમાંથી તરત તેનો હાથ ખેંચી લીધો.

'જરૂર; તું જ છો.' એટલું બોલતાં બોલતાંમાં તો એ બુઢ્ઢાની આંખમાં આતુરતાનું તેજ ચમક્યું. એવામાં બહાર ગેંજીપો ટીચતા જુવાન સિપાહીઓનો ઠોકિયારો સંભળાયો. થોડીવાર શાંતિ છાઈ રહી. અને પછી: 'ના—ના, નહિ—; હું તમારો દીકરો નહિ' એમ લોચા વાળતો રઘુવીર પોતાની વિકળ આંખો જમીન પર ઠેરવવા મથતો ભોંય ખોતરી રહ્યો.

'તું જ છો—નક્કી! હવે તો હું સમજી ગયો. જોઉં તારો જમણો હાથ? એ જોયા વિના હું હવે રહેવાનો નહિ.'

'ના; નહિ જોવા દઉં. એ જોવામાં માલ નથી... જુઓ, સાંભળો;' તેને વચ્ચે બોલતો અટકાવી રઘુવીરે કહ્યું: 'સાંભળો; ધારો કે હું તમારો દીકરો છું. પણ તેથી તમારી સ્થિતિ કેવી કફોડી થાય છે તેનો ખ્યાલ છે? કાં તો તમારે તમારા છોકરાને દેશનિકાલી કે એવી આકરી સજા માટે સરકારને હવાલે જવા દેવો પડે; ને કાં તો એને છટકવા દઇને તમારી આટલાં વરસની નોકરી પર પાણી ફેરવવું પડે!'

'ખરી વાત-ખરી વાત.' કહેતો બુઢ્ઢો પોતાનું માથું ધુણાવી રહ્યો.

'પણ...' થોડી વારની શાંતિ પછી એ અચાનક બોલી ઊઠ્યો: 'મારા પેટના જ છોકરાનો દુશ્મન તો હું નહિ બનું. સબૂર, હું તપાસ કરી જોઉં, કિનારા પર શાંતિ હોય તો. સવાર પડતાં સુધીમાં તો તમે ક્યાં ય નીકળી જઈ શકશો.'

'ના ના, એમ ન થાય. એ વાજબી ન ગણાય.'

'મારા—મારા જ દીકરા માટે હું આટલું નહિ કરું?' કહેતાં તો ડોસાની આંખમાંનાં ઝળઝળિયાં વચ્ચેથી તેનો ચહેરો મલકી રહ્યો અને ધીમે રહીને તે ત્યાંથી સરકી ગયો.

'જોઉં તારો હાથ.' તેના ગયા પછી ઉભરાઈ જતા કુતૂહલથી દુલારીએ પૂછ્યું. છાસિયું કરીને રઘુવીર પહેરણની બાંહ્ય ચડાવીને પોતાનું કોરું ધાકોર બાવડું બતાવતો બોલ્યો: 'લવીંગ કેવું ને મસો કેવો! મારા આખા શરીરમાં ફક્ત એક જ જગ્યાએ નિશાન છે—મારી ડાબી છાતી પર બદામ ઘાટનું લાલ લાખું'.

'ત્યારે આમ એક પિતાની પવિત્ર લાગણી વટાવી ખાવાની હરામી કરી ને?' અણગમો બતાવતી દુલારી બોલી. જોકે એ પણ નાસી છૂટવાને તો આતુર હતી જ.

'પણ તને ખબર છે?...'

એટલામાં તો ડોસો આવી પહોંચ્યો.

'રસ્તો સાફ છે. નીચલાણમાં મસાણને આ છેડે આંબલી નીચે એક હોડી બાંધેલી રહે છે. ભગવાન તારું રક્ષણ કરો, બેટા; અને... કોક દહાડો પાછો બાપની સંભાળ લેજે.'

આટલું કહી, કંઈક યાદ આવ્યું હોય તેમ તે બોલ્યો: 'તારો મોટો ભાઈ તો તને ક્યાંથી યાદ હોય?—અરે, તેં તેને જોયો હોય તો ય તું શેનો ઓળખી શકે? એની ડાબી છાતી પર બદામ ઘાટનું લાલ લાખું હતું...' (સૂચિત)

મન્વંતર દુકાળ


પ્લાસીના યુદ્ધ પછી બાર-તેર વર્ષે બંગાળમાં મોટો દુકાળ પડ્યો હતો તેનું સ્મરણ લોકોને હજી આ બે સદી સુધી રહ્યું છે. લોકભાષામાં તેને 'છિયત્તારેર મન્વંતર' અથવા સિત્તેરનો દુકાળ કહેવામાં આવતો હતો. પરંતુ 'મન્વંતર' શબ્દમાં દુકાળ ઉપરાંત ઘણું આવી જાય છે. તેમાં રાજ્યપલટો, સામાજિક તથા રાજકીય ફેરફાર તેમજ મોટા પ્રમાણમાં મૃત્યુ-ધ્વંસ ને નૂતન સર્જનનો સમાવેશ થાય છે. ૧૭૭૦ પછી સો વર્ષ વીત્યા બાદ તે દુકાળનું વર્ણન બંકિમચંદ્ર ચૅટરજીના 'આનંદમઠ'માં મૂર્ત સ્વરૂપ પામ્યું છે.

વહાણકથા-૩૫


વિકસેલી જહાજાત સાથે, દરિયાકંઠારવાળા કોઈ પણ દેશ માટે અનિવાર્ય એવાં યુદ્ધ-જહાજો-ના આજના કેટલાક મુખ્ય પ્રકારો જોઈએ.



ક્રુઝર: એક જ વાર બળતણ ભરી લાંબી સફર ખેડી શકે એવાં આ પ્રકારનાં જહાજો શક્તિ-શાળી, ઝડપી અને નૌકાયુદ્ધની જરૂરિયાતોમાં સ્વાવલંબી હોય છે. જંગાવર લડાયક જહાજ-બૅટલ શિપ સિવાય બાકી બધા પ્રકારના યુદ્ધ-જહાજો કરતાં ક્રુઝરની શસ્ત્રસજ્જતા અને યુદ્ધશક્તિ ચડિયાતાં હોય છે. મહત્ત્વના જળ-માર્ગો પર ચોકી રાખી એ શત્રુ સામે દેશનું રક્ષણ કરે છે. ઓછાવત્તા તફાવતવાળી કામગીરી સાથે એના અનેક પ્રકારો હોઈ એનાં કદ અને શક્તિ-માં પણ તફાવત જોવા મળે છે.



ડિસ્ટ્રૉયર: મૂળ તો આ જહાજો ટૉર્પિડોબોટ-નો નાશ કરનારાં, પણ આજે એના અનેક ઉપયોગ થાય છે. તોપો અને ટૉર્પિડો સાથે અન્ય શસ્ત્રોથી પૂર્ણતઃ સજ્જ અને ઝડપી આ જહાજો શત્રુદળ પર હુમલો લઈ જવાથી માંડી યુદ્ધકાળમાં વ્યાપારી પ્રકારનાં કે યુદ્ધસામગ્રી લઈ જતાં જહાજોના રક્ષક તરીકે સાથે રહેવા-ની કામગીરી બજાવે છે.



ફ્રિગેઇટ સરળ સંચાલનવાળું અને અનેક પ્ર-કારની યુદ્ધ-કામગીરીમાં પ્રયોજી શકાય તેવું સહાયક યુદ્ધજહાજ.

કોસ્ટલ ક્રાફ્ટ્સ: પોતાની કે શત્રુની દરિયા-કંઠાર નજીકની વિવિધ યુદ્ધકામગીરી માટે વધુ ઉપયોગી એવાં નાનાંનાનાં-મોટરબોટ જેવાં આ યુદ્ધજહાજોનાં કાર્ય અનુસાર અનેક પ્રકારો છે.





વર્ષાન્તરે પ્રતિપદા નવ વર્ષની આ
આવે પુનઃ ઉરમહીં નવભાવનાના
પૂર્ણેન્દુ દર્શનની આશ જગાવી જાયે.
જાણું: નવું કંઈ નથી નવ વર્ષ માંહે
કિંતુ જૂનાં ઉભય આપણ, પૃથ્વી જૂની
માગે નવાં નયન નૂતન સૃષ્ટિ માટે. —હરિશ્ચન્દ્ર ભટ્ટ

કવિ બોટાદકર

'મીઠાં મધુ ને મીઠા મેહુલા રે લોલ,
એથી મીઠી તે મોરી માત રે, જનનીની જોડ સખી નહિ જડે રે લોલ.'

આજથી ચારેક દાયકા પહેલાં આ રાસપંક્તિઓ અનેક ગુજરાતણોનાં ગળાંમાં ગુંજતી હતી. માતૃહૃદયના મહિમ્નસ્તોત્ર જેવા આ રાસના ગરવા ગાયક કવિ બોટાદકરની આ માસની સત્તાવીસમી તારીખે જન્મશતાબ્દી છે. દુર્બલ દમિયલ દેહ, સૂકો બેસી ગએલો કરચલિયાળો ચહેરો, સતત ઝમ્યા કરતી, ઘસાઈ ગએલી પાંપણોવાળી ઝીણી આંખો, કાઠિયાવાડી પાઘડી, સાદું અંગરખું, ગામડિયા જેવું ધોતિયું—નાના ગામડાના કોઈ વેપારી વાણિયા જેવા જણાતા આ દામોદર ખુશાલદાસ બોટાદકરને પ્રથમ નજરે ભાગ્યે જ કોઈ કવિ કહેવા તૈયાર થાય.

પંડિતયુગના આ કવિનો જન્મ એ વખતના ભાવનગર રાજ્યના બોટાદ ગામમાં, ઇ. ૧૮૭૦ના નવેમ્બરની ૨૮મીએ, તમાકુનો વેપાર કરતા દશા મોઢ વણિક જ્ઞાતિના દાણી કુટુંબમાં થએલો. પિતા ખુશાલદાસે ધન કમાવા કોઈની ભાગીદારીમાં રૂનો વેપાર ખેડયો, પણ દુર્ભાગ્યે ખોટ ગઈ અને ગરીબાઈ આવી પડી. કોઈની પણ ઓથ વગરનાં પાંચ બાળકોને મૂકીને ખુશાલદાસ મૃત્યુ પામ્યા ત્યારે દામોદરની ઉમર પાંચ વર્ષની. હિમ્મતવાન માતા લાડકીબાઈએ પેટે પાટા બાંધીને સંતાનોને ઉછેરવા માંડયાં. માતાની અમી નજર તળે દામોદરે અભ્યાસ શરૂ કર્યો. ભણવામાં હોશિયાર હોવા છતાં ય ગરીબાઈએ વધુ અભ્યાસની અનુકૂળતા ન કરી આપી. ગુજરાતી છ પૂરી કરીને અભ્યાસ પડતો મૂકયો. પણ એ વખતના એક ઉત્તમ શિક્ષક દેવશંકર વૈકુંઠજીના એ પ્રિય શિષ્ય થઈ પડયા. ગુરુએ કૃપા કરી માસિક રૂપિયા અઢીના પગારથી એ જ શાળામાં નોકરી પર રાખી લીધા. ગુરુ પાસેથી એ પિંગળપાઠ શીખ્યા અને કાવ્યો જોડતા પણ થયા. આ એમની પ્રથમ કાવ્યદીક્ષા. ઉમર હશે ચૌદની. ભાવિની સલામતી ને ઉજ્જ્વલતા માટે રાજકોટની હંટર મેઈલ ટ્રેઈનિંગ કૉલેજમાં શિક્ષણની તાલીમ માટેની પ્રાવેશિક પરીક્ષા તો આપી, પણ નાપાસ થયા; અને આમ 'અનટ્રેઈન્ડ' શિક્ષક તરીકે આજીવન પેટિયું રળી ખાધું. મૃત્યુ સમયે એમનો પગાર વધીવધીને રૂ. ૧૮નો થયો હતો!



શિક્ષકનો જીવ હોવા છતાં ય એમનામાં વહેતું વણિકનું લોહી વારેવારે વિત્તૈષણા જગાડી જતું. દારિદ્રય ફેડવા એમણે વચમાં અનેક ઉધામા કરેલા. બે વર્ષ વૈદકશાસ્ત્રનો અભ્યાસ કરી વૈદું શરૂ કરેલું; પણ દરદીઓ મફત દવા કરાવી જતા એટલે એમાં ફાવ્યા નહિ. ત્યાં તો વેરાવળવાળા વૈષ્ણવ મહારાજ બોટાદ આવ્યા. દામોદરની સરસ્વતીસેવાથી પ્રભાવિત થઈ પોતાના કારભારી તરીકે રાખ્યા. રાણપુર અને મુંબાઈમાં એમણે આ કારભારું કર્યું; પણ મું-બાઈમાં દમનો વ્યાધિ લાગુ પડતાં વતન પાછા ફર્યા. વળી પાછા શિક્ષક! પણ મુંબાઈવાસ દર-મિયાન એમને એક લાભ થયો તે સંસ્કૃતના

અભ્યાસનો. કોઈ શાસ્ત્રી પાસે એઓ સંસ્કૃત શીખ્યા અને સંસ્કૃતનો આખો શબ્દકોશ કંઠસ્થ કરી નાખ્યો! આની અસર એમની શૈલીમાં દૃષ્ટિગોચર થયા વગર રહેતી નથી.

ભાવનગરની જૈન પાઠશાળામાં પ્રૌઢ શિક્ષણ આપતાં એકાદ વર્ષમાં કંટાળી ગયા અને નોકરી છોડી નાની હાટડી કરી. ઉધરાણી ઘલાતી ગઈ અને બે વર્ષમાં તો દેવું થઈ ગયું. દુકાનદાર મટી ફરી શિક્ષણકાર બન્યા; છતાં ય હજુ જીવ માનતો નહોતો. બોટાદ પાસે કેરિયા ગામમાં જમીન રાખી ખેતી શરૂ કરી. લક્ષ્મી માટે ઝઝૂમતા આ કવિને કંગાળ હાલતમાં જ દેહ છોડવો પડ્યો એ મોટી કરુણતા કોઈની પણ આંખ ભીની કરી જશે. મૃત્યુ સમયે ઓશિકા નીચે અંત્યેષ્ટિ માટે રૂપિયા પચીસની જીવન-ભરની કમાણી (!) મૂકીને કવિએ ૧૯૨૪ના સપ્ટેમ્બરની સાતમી તારીખે પંચાવન વર્ષની વયે નિર્ધનતાના અસંતોષ સાથે દેહ છોડ્યો.

ઈ. ૧૯૦૩માં તેત્રીસ વર્ષે પંદર વર્ષનાં જેકોરબેન સાથેના લગ્ન બાદ સુખી પણ ગરીબ દાંપત્યજીવન ગાળ્યું એનો એમને ભારે અસં[illegible] અંતે [illegible]ના ખાનગી ખજાનામાંથી માસિક રૂ. પંદર મળ[illegible] હતા એ કદરની અને સાહિત્યોપાસનાનો એક પ્રકારનો સંતોષ પણ હતો. પુત્ર કાંતિલાલ, પુત્રીઓ લલિતાબેન અને અજવાળીબેન તથા પત્નીને, પિતા અને પતિ તરીકે સંપત્તિસાધ્ય સુખ જીવનભર નહોતા આપી શક્યા એ ખટકો એમને છેક સુધી રહી ગયો હતો.

આવી અસહ્ય ગરીબાઈમાં પણ એમણે મનની અમીરાત તો એટલી જ ખીલવી હતી. દારિદ્ર્યે એમના આતિથ્યસત્કારને કદી આંચ આવવા દીધી નહોતી. એ સ્વમાની સરસ્વતી-ઉપાસકે ક્યારે ય કોઈને કાકલૂદી નહોતી કરી. એમની સંકોચશીલ શરમાળ પ્રકૃતિએ એમને મોટા મિત્ર-વર્તુળથી પણ વંચિત રાખ્યા હતા. આમ છતાં ય અમૃતલાલ દાણીનો સંબંધ એમને જીવનમાં અનેકધા ઉપકારક થઈ પડ્યો હતો. સરળ નિરભિમાની આ કવિ હમેશાં કીર્તિલાલસાથી પર રહ્યા હતા. વિદ્વાનો-માં ખપવાની એમણે ખેવના કરી નહોતી કે નેતૃપદની ઝંખનાનું સ્વપ્નુ ય સેવ્યું નહોતું. કવિતાશોખને તે ભારે ગૌરવવંતો ગણતા, ને આથી જ કવિતાને ભોગે સભારંજની થવાના પ્રયાસોને એમણે ધુત્કારી કાઢ્યા હતા.

જીવનની આવી વિષમ પરિસ્થિતિમાં પણ એમની કાવ્યસરિતા એકધારા પ્રવાહથી વહેતી હતી. 'ચંદ્ર' અને 'બુદ્ધિપ્રકાશ'માં પ્રગટ થતા એમનાં કાવ્યોએ એમને વિશાળ ચાહકવર્ગ મેળવી આપ્યો હતો. 'કલ્લોલિની' (ઈ. ૧૯૧૨), 'સ્રોતસ્વિની' (૧૯૧૮) 'નિર્ઝરિણી' (૧૯૨૧), 'રાસતરંગિણી' (૧૯૨૪) અને મરણોત્તર 'શૈવલિની' આ પાંચ કાવ્ય-સંગ્રહો એમની અવિરત કાવ્યસાધનાનાં દ્યોતક છે. આમાં ય 'રાસ-તરંગિણી'ના રાસે તો એમને રાસ-કવિ તરીકેનું અદકેરું સ્થાન પ્રાપ્ત કરાવી આપ્યું છે. આ રાસોએ એ જમાનામાં ગુજરાતણોને ગાંડી કરેલી. એ એમની પરિણત પ્રજ્ઞાનો પરિપક્વ સંગ્રહ છે. એમાંના સરળ ભાવ-સભર રાસોએ જનતાને લોકઢાળો તરફ અભિમુખ કરેલા.

આવા સફળ રાસકવિની સર્જનપ્રવૃત્તિનો આરંભ અભ્યાસ દરમિયાન સામાન્ય રચનાઓથી જ થએલો. સત્તર વર્ષની ઉંમરે પિતરાઈ ભાઈની સાથે 'શાહપ્રણિત'ની રચના કરેલી. આ જ વર્ષે 'લાલસિંહ-સાવિત્રી' પણ રચાયું. ઓગણીસમા વર્ષે 'રામવર્ણન' તથા 'સુબોધ કાવ્યસંગ્રહ' પ્રગટ કર્યા. આથી, નવલરામ ત્રિવેદી કહે છે તે પ્રમાણે, લોકો એમને મશ્કરીમાં જ 'કવિ' કહેવા માંડ્યા. પણ આગળ જતાં જોઈએ છીએ કે એમણે આ કવિપદ સાર્થ કરી બતાવ્યું.

સંસ્કૃતના અભ્યાસથી, કાલિદાસને ગુરુપદ આપ્યાથી તથા પંડિત યુગના પ્રભાવથી આરંભમાં, એમની શૈલી સંસ્કૃતપ્રચુર બની હતી. પણ એમાંથી તરત જ મુક્ત થઈ એમણે સરળતાને આત્મસાત્ કરી લીધી. નાનાલાલના ભવ્ય, ગગનવિહારી, ભાવનાશીલ રાસ તરફથી એમના રાસ સરળ સૌંદર્યલક્ષી વાસ્તવિક વર્તમાન તરફ વળ્યા. એમના કવનવિષયમાં મુખ્યત્વે ગ્રામજીવન અને ગૃહજીવન છે. ગ્રામજીવનની રમ્યતાનાં એમણે ડેરડેર દર્શન કરાવ્યાં છે. ગ્રામપ્રકૃતિને એમણે પ્રત્યક્ષ પીધી છે અને એથી જ એમનું સચોટ, ચારુ નિરૂપણ એઓ કરી શક્યા છે. કોસ, કાપણી, મેળો, પનઘટ વગેરે ગ્રામવિષયો એમની કલમે કવિત્વ પામ્યા છે. પ્રકૃતિ-ના આ સૌંદર્યાલેખન સાથે સાથે એમાંથી બોધ તારવી લેવાની એમની ખાસિયત છે. મુખ્યત્વે એમનાં પ્રકૃતિચિત્રો વાચ્ય જ બની રહ્યાં છે.

ગૃહજીવન તો એમનાં કાવ્યોમાં અતિ માનીતો વિષય છે. એમાં ય ગૃહિણીના વિવિધ મનોભાવોનું એમનું નિરૂપણ ગુજરાતી કાવ્યસાહિત્ય-માં ચિરસ્મરણીય છે. નારીજીવનનાં વયવિશેષનાં—કુમારિકા, કન્યા, લગ્નોદ્યતા, પ્રૌઢા-તેમજ પદવિશેષનાં—બહેન, ભાભી, નણંદ, પત્ની, માતા, ગૃહિણી—કાવ્યો એમનાં અજોડ છે. નારીહૃદયના એ નરવા અને ગરવા ગાયક છે. ક્લેશમય સંસારમાંથી પણ એમની સૌંદર્યદૃષ્ટિએ ચારુતા સારવી લીધી છે અને મધુર ગૃહચિત્રો આપ્યાં છે. પ્રકૃતિમાં પણ એ ઘણીવાર ગૃહભાવારોપણ કરી બેસે છે એ ગૃહજીવન પ્રત્યેનું એમનું અનેરું આકર્ષણ દર્શાવે છે. ગૃહજીવનના શુભ પ્રસંગો એમની કલમે કાવ્યાવતરણ પામ્યા છે. 'સત્પ્રણય' એમનાં ગૃહકાવ્યોના કેન્દ્રવર્તી ભાવ છે.

સંસ્કૃતપ્રચુર છતાંય એમની બાની પ્રાસાદિક ને મધુર છે. છંદો-બદ્ધ કાવ્યો તેમજ ખંડકાવ્યો રચ્યાં હોવા છતાંય રાસ એમનું પ્રિય કવનસ્વરૂપ છે. છંદો પર પૂરતો કાબૂ દર્શાવ્યા છતાં તળપદા લોકઢાળોમાં એમની કવિતા ઓર ખીલી છે. અગમ્ય બુદ્ધિવ્યાપાર કે ગગનગામી કલ્પનાવિહારથી પર રહીને ય એમની કવિતાની સરળતા અને ભાવ-સચ્ચાઈએ અનેકોનાં દિલ જીતી લીધાં છે. આવા કવિને ભલે પ્રથમ પંક્તિમાં ન મૂકીએ, તો ય એમનું કવિત્વ અને કાવ્યસાધના દાદ માગી લે તેવાં અને દીર્ઘ કાળ સુધી અવિસ્મરણીય રહે તેવાં છે. એમની આ જન્મ-શતાબ્દીએ એ કવિ-આત્માને અનેક વંદન હો! —ધીરુ પરીખ

સ્વ. સ્વપ્નસ્થ

સાગના સોટા જેવી પાતળી ઊંચી દેહયષ્ટિ; કંડારેલી હોય એવી મુખરેખાઓ; આછું, જરીક પાછું વાળી લીધેલું સ્મિત; બોલુંબોલું થતું લાગતું પણ સામાન્ય રીતે શરમાળ મૌન ધારણ કરતું મોં; આખો જીવ આંખોમાં: એ કિશોર અમદાવાદમાં 'કુમાર' કાર્યાલયમાં આવ્યો ત્યારે સૌ કોઈ જાણે એક જીવંત રોમન શિલ્પ જોઈ રહ્યા હોય એમ લાગ્યું.

એમનું મૂળ નામ લક્ષ્મીનારાયણ ર. વ્યાસ. પણ મોસાળના નામ ભનુ-ભાઈથી સૌ વધુ ઓળખે. એમને પહેલવહેલા જોયા હતા ૧૯૩૩માં પૂના-માં. અંગ્રેજી પાંચમા ધોરણમાં એ વખતે એ ભણતા હતા. એટલી નાની ઉંમરે પણ એમણે પોતાનું શબ્દના બંદા તરીકેનું સ્વરૂપ નક્કી કરી દીધું હતું. 'સ્વપ્નસ્થ' ઉપનામ પણ ધારણ કર્યું હતું. એમનો અભ્યાસ કદાચ વ્યવસ્થિત ચાલ્યો નહિ. કવિવર કાન્તનાં સુપુત્રી ડોલરબહેન સાથે લગ્ન થયા પછી તે મુંબઈવાસી બન્યા. ૧૯૪૦ના અરસામાં એમણે 'વાર્તા' કે એવા નામનું પત્ર શરૂ કર્યું હતું, ને ૧૯૪૭માં 'સંસ્કાર' માસિક શરૂ કરેલું.


પહેલા કાવ્યસંગ્રહ 'અજંપાની માધુરી' (૧૯૪૧) પછી 'રાવણહથ્થો' (૧૯૪૨) પ્રકટ થયું. એ પૂર્વે 'અચલા' (પ્રણયકથા) અને 'વિનાશના અંશો' ને 'માયા' (બે જીવનકાવ્યો) પ્રગટ થયાં હતાં. એમની કાવ્યશક્તિ તરત આકર્ષણ જમાવી શકી હતી. એક જાતની નાજુક સંવેદનશીલતા એમનામાં જણાઈ આવતી. વળોટ ક્યારેક પાંખો રહી જવા પામે; પણ ગીતો ભાવસઘન હોય ત્યારે ઉત્તમ વાણીમાં, 'ઝંખે છે ભોમ પાણી પાણી, ઓ મેહુલા, તુંને શું આગ આ અજાણી?'-જેવાં નીવડી આવતાં. મૌ-લિકતાનો વેગ રચનામાં દેખાતો. એમની તમામ કૃતિઓમાંથી પ્રતિ-નિધિસંગ્રહ 'ચિરવિરહ' અવસાન પૂર્વે તૈયાર કરીને છપાવવા આપેલો છે. (સંસ્કૃતિ)

—ઉમાશંકર જોશી

ઍરોપ્લેન કેમ ઊડે છે

આપણે જાણીએ છીએ કે પતંગ હવા કરતાં વજનદાર હોવા છતાં હવાના દબાણને લીધે ઊંચે ઊડે છે. જો પવનનો સપાટો વાતો હોય તો તે આપમેળે ઊંચે ચડે છે; નહિતર હવાનું દબાણ ઊભું કરવા ખાતર પતંગ ચગાવનારને દોડીને ગતિ આપવી પડે છે.

ઍરોપ્લેનના ઊડવાની રચના પણ આ જ સિદ્ધાંત પર યોજાએલી છે. તેની પાંખો સામે અથડાતો પવન જ તેને અધ્ધર ઊંચકે છે. તમે જોયું હશે કે ઍરોપ્લેનની પાંખોનું નીચેનું પડખું જરા આંતરગોળ હોય છે, જ્યારે ઉપરની સપાટી સહેજ બાહ્યગોળ બનાવેલી હોય છે. આથી જ્યારે હવા એ પાંખની ધાર પર અથડાય છે ત્યારે તે બે ભાગમાં વહેંચાઈ જાય છે. થોડી હવા પાંખની નીચે ને થોડી પાંખની ઉપર જાય છે.



હવે આ ઉપરની હવા પાંખના ઉપરના ભાગના સંપર્કમાં આવતાં, તે બાહ્યગોળ હોઈ હવા તેના પરથી સરકીને ઊંચે ચડે છે ને પાંખને ફરી સ્પર્શી શકતી નથી. આથી પાંખની ઉપરના ભાગે થોડી જગ્યામાં હવાના 'ઓછા દબાણનો એક પટ' રચાય છે; જ્યારે પાંખનીનીચે જતી હવાને આંતરગોળ સપાટી સામે અથડાવું પડતું હોવાથી ત્યાંની હવાને દબાણ વધુ પડે છે અને ત્યાં 'ભારે હવાના દબાણનો પટ' રચાય છે. આ રીતે બે પટના દબાણ વચ્ચે તફાવત પડતાં ઍરોપ્લેન આખું અધ્ધર ઊંચકાય છે.

પરંતુ હવાનું આ દબાણ ચાલુ રાખવા માટે એને અમુક ગતિ તો આપવા જ કરવી જોઈએ. એ ગતિ આપનાર તેનો પંખો (propeller) હોય છે. ઍરોપ્લેનનું ઍન્જિન એ પંખાને ખૂબ જોરથી ફેરવે છે અને તેનાં પાંખિયાં હવાને પોતાની પાછળ ધકેલતાં જ રહે છે. આથી આખું ઍરોપ્લેન ગતિમાં રહી શકે છે.

ઘણાખરા એમ માને છે કે પાંખની નીચે ભરાતી હવા જ ઍરોપ્લેનને અધ્ધર ઊંચકે છે; પણ ઊંચકવાનું કામ તો પાંખની ઉપર ખાલી પડતા હવાના ઓછા દબાણના પટથી જ થાય છે. ને એ અસમાન દબાણના હવાના બે પટ ઊભા થવાનું કારણ વિમાનની પાંખની વિશિષ્ટ રચના હોય છે.



પાણીની તોપ: પશ્ચિમયુરોપમાં રૂહર(જ મની)ની કોલસાની ખાણોમાં હવે પાણીની 'તોપ'નો ઉપયોગ થવા માંડયો છે. હાથની આંગળી જેટલી જાડી પાણીની શેડને ૧૦૦ વાતાવરણ જેટલા દબાણથી છોડીને તેના વડે ખાણની દીવાલોમાંથી કોલસાનાં કે પથ્થરનાં ગચિયાં તોડવામાં આવે છે. આ પાણી અને કોલસા-પથ્થરનું મિશ્રણ પછી બહાર આણીને છૂટું પાડે છે. ભારે યંત્રો ન લઈ જઈ શકાય તેવા સાંકડા કે ઢાળવાળા ભાગમાં પાણીના જોરદાર મારાની આ યુક્તિ ઘણી કામયાબ નીવડી છે. વળી, કામદારોને ભારે મજૂરી કરવી પડતી નથી અને સલામત અંતરેથી તેનું સંચાલન થઈ શકતું હોઈ, અકસ્માતોનું પ્રમાણ પણ ઘટાડી શકાયું છે. (સ્કાલા)

ઑરો ફિલ્મ્સ

પોંડિચેરીના શ્રી અરવિન્દ આશ્રમ તરફથી એક સુનંદા સ્થળ ઉપર ઑરોવિલે નામે એક આંતરરાષ્ટ્રીય નગરનું નિર્માણ થનાર છે. તેના અનુસંધાનમાં હવે યુનેસ્કો અને ભારત સરકારના સહકારથી ઑરો ફિલ્મ્સ નામની એક સંસ્થા ઊભી કરી તે દ્વારા અધિકૃત દસ્તાવેજી ચિત્રો, મનોરંજનાર્થે સહેતુક ફિલ્મો તેમ જ શૈક્ષણિક તથા વૈજ્ઞાનિક ફિલ્મોનું નિર્માણ તથા નિદર્શન કરાશે. ભારત અને અન્ય વિકસિત, અવિકસિત અને અલ્પવિકસિત દેશોને ભારત અંગે સંપૂર્ણ માહિતી મળી રહે તે માટે ભારતના ભૂત, વર્તમાન તથા ભાવિનું દર્શન આપે તેવા પ્રથમ ચિત્ર 'ભારત-દર્શન'નું તો નિર્માણકાર્ય પણ શરૂ થઈ ગયું છે. એ પછી મહર્ષિ અરવિન્દના જીવન પરના સંપૂર્ણ ચિત્રની જાહેરાત થઈ છે.

સુલેખન-સંસ્કાર

અમદાવાદની 'ગુજરાત યુવક નિકેતન' સંસ્થા તરફથી 'પ્રસાદ' નામનું જીવનકલા માસિક, યુવક કલ્યાણ બ્યૂરો, વિદ્યાર્થી માર્ગદર્શન કેન્દ્ર, પ્રફુલ્લ જીવન પ્રકાશન અને નિસર્ગોપચાર કેન્દ્ર ઉપરાંત ગુજરાતની ઊગતી પેઢીમાં સારા અક્ષરો લખવાનું વલણ પ્રકટાવવા તથા પોષવા માટે એક 'સુલેખન-સંસ્કાર'ની પ્રવૃત્તિ પણ ચાલે છે. તેના તરફથી હમણાં સમગ્ર ગુજરાતનાં વિદ્યાલયોમાં સુંદર અક્ષર-સ્પર્ધા યોજાઈ હતી, જેમાં ૧૫૦૦૦ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. તેમાં નીચેના નંબરોનાં કિશોર-કિશોરીઓએ કક્ષા પ્રમાણે સર્વ પ્રથમ આવીને વિજયપત્ર (શિલ્ડ) મેળવ્યું છે:

રામચંદ્ર ગં. પ્રજાપતિ	(શિક્ષક-કક્ષા)	જોટાણા (જિ. મહેસાણા)
કનૈયાલાલ રા. પંચાલ	(ધોરણ ૧૧)	કાકોસી (જિ. મહેસાણા)
કમલાબેન એન. ટંડેલી	(ધો. ૧૦)	મઢી (જિ. સુરત)
ગંગારામ છી. ટંડેલ	(ધો. ૯)	વાઘલધરા (જિ. વલસાડ)
નાગજીભાઈ હ. ફલદુ	(ધો. ૮)	દેવડા (જિ. જૂનાગઢ)
રાધાદેવી દે. ચૌધરી	(ધો. ૭)	સ્યાદલા (જિ. સૂરત)
જિતેન્દ્ર ર. વરિયા	(ધો. ૬)	દેવગઢ-બારિયા (જિ. પંચમહાલ)
પન્નાકુમારી ન. ભૂલા	(ધો. ૫)	મુંબાઈ
વિપુલકુમાર અ. પટેલ	(ધો. ૪)	આણંદ (જિ. ખેડા)
કલ્પનાબહેન જ. શાહ	(ધો. ૩)	આણંદ (જિ. ખેડા)
વિનયકુમાર અં. પટેલ	(ધો. ૨)	આણંદ (જિ. ખેડા)
લીલાબેન મો. રઘવી	(ધો. ૧)	આદરિયાણા (જિ. અમદાવાદ)

રાગસારણી (ગયા અંકના અનુસંધાને ચાલુ) આ સારણીમાં આપેલા આરોહાવરોહ સ્વરૂપ સંગ્રાહકે પ્રાપ્ય સામગ્રી પરથી ઉદ્ધૃત કરેલાં હોઈ તેમાં મતમતાંતરને અવકાશ છે. વર્જ્ય સ્વરોમાં જે સ્વરો [ ]માં મૂક્યા છે તે એ રાગમાં લેવા વિષે બે મત દર્શાવે છે. સંગીતની સ્વરલિપિને તેની કેટલીક વિશિષ્ટ સંજ્ઞાઓને કારણે અહીં છાપકામમાં ઉતારવી અગવડભરી હોઈ આ સારણીમાં કોમળ સ્વરોને 'બ્લૅક' (ઘેરા) ટાઈપમાં લીધા છે. તારષડ્જ તથા તીવ્ર મધ્યમ અને તાર સપ્તકના સ્વરોને તેની પાસે લોપકચિહ્ન મૂકીને (આ રીતે સા' અને મ'), કોમળ સ્વરો આમ, **રે ગ ધ નિ**; મંદ સ્વરો સ્વરની ઉપર મીંડું મૂકીને આમ, **નિં** (કોમળ મંદ નિ) દર્શાવેલ છે. **પ્રેષક: કનૈયાલાલ રામાનુજ-'પર્ણ'**

ક્રમ	રાગનું નામ	થાટ	જાતિ	વાદી	સંવાદી	કોમળ-તીવ્ર	વર્જિત સ્વરો આરોહ	વર્જિત સ્વરો અવરોહ	આરોહ	અવરોહ	ગાવાનો સમય
૫૮	ટંકી	પૂર્વી	સંપૂર્ણ	પ	રે	રે ધ મ'	(મ)	૦	સારેગપ ધપનિસા'	સા'નિધપ મ'ગ પગરેસા	સાયંકાળ
૫૯	તિલક કામોદ	ખમાજ	ષાડવ સંપૂર્ણ	રે	પ	૦	ધ	૦	સારેગસા રેમપધ મપસા'	સા'પધમગ સારેગ સાનિં	રાત્રીનો બીજો પ્રહર
૬૦	તિલંગ	ખમાજ	ઔડવ	ગ	નિ	બન્ને નિ	રે ધ	રે ધ	સાગ મપ નિસા'	સા'નિ પ મગ સા	રાત્રીનો બીજો પ્રહર
૬૧	ત્રિવેણી	પૂર્વી	ષાડવ	રે	પ	રે ધ	મ	મ	સારે ગપ ધ નિ સા'	સા'નિ ધ પ મ ગ રેસા	સાયંકાળ
૬૨	તોડી	તોડી	સંપૂર્ણ	ધ	ગ	મ' રે ગ ધ	૦	૦	સા રે ગ મ'પ ધ નિસા'	સા'નિધપ મ'ગ રેસા	દિવસે બીજો પ્રહર
૬૩	દરબારી કાનડા	આસાવરી	સંપૂર્ણ ષાડવ	રે	પ	ગ ધ નિ	૦	ધ	નિસારેગરેસા મપ ધનિસા'	સા' ધનિપ મપ ગ મરેસા	મધ્ય રાત્રી
૬૪	દીપક (પૂર્વી)	પૂર્વી	ષાડવ	સા	પ	રે ધ મ'	રે	નિ	સાગમ'પ ધનિસા'	સા'ધપ મ'ગરેસા	સાયંકાળ
૬૫	દીપક (બિલાવલ)	બિલાવલ	ષાડવ સંપૂર્ણ	ગ	નિ	બન્ને નિ	રે	૦	સાગમપ ધનિસા'	સા' નિ ધ પ મ ગ રે સા	રાત્રી
૬૬	દુર્ગા (ખમાજ)	ખમાજ	ઔડવ	ગ	નિ	બન્ને નિ	રે પ	રે પ	સાગ ધ નિસા'	સા' નિ ધ મ ગ સા	રાત્રીનો બીજો પ્રહર
૬૭	દુર્ગા (બિલાવલ)	બિલાવલ	ઔડવ	મ	સા	૦	ગ નિ	ગ નિ	સા રે મ પ ધ સા'	સા' ધ પ મ રે સા	રાત્રીનો બીજો પ્રહર
૬૮	દેવ ગંધાર	આસાવરી	ઔડવ સંપૂર્ણ	ધ	ગ	ગ ધ નિ	રે ધ	૦	સા ગ મ પ નિ સા'	સા' નિ ધ પ મ ગ રે સા	દિવસે બીજો પ્રહર
૬૯	દેવગિરિ બિલાવલ	બિલાવલ	ઔડવ સંપૂર્ણ	સા	પ	બન્ને નિ	મ નિ	ધ ગ	સારેગમ ગપધ નિધસા'	સા'નિધ નિપ મગરેસા	દિવસે બીજો પ્રહર
૭૦	દેવ રંજની	ભૈરવ	ઔડવ	સા	મ	ધ નિ	રે ગ	રે ગ	સા મ પ ધ પ ધ સા'	સા' ધ નિ ધ પ મસા	પ્રાતઃકાળ
૭૧	દેશકાર	બિલાવલ	ઔડવ	ધ	ગ		ગ નિ	ગ નિ	સારેગ પ ધ સા'	સા'ધ પ ગપધપ ગરેસા	દિવસે પહેલો પ્રહર
૭૨	દેશાખ્ય	કાફી	ષાડવ	પ	સા	ગ નિ	ધ	ધ	નિંસામરે પમ નિપ સા'	સા' નિપ મપ ગમ રેસા	રાત્રીનો બીજો પ્રહર
૭૩	દેસ	ખમાજ	સંપૂર્ણ	રે	પ	બન્ને નિ	૦	૦	સા રે મ પ નિ સા'	સા'નિધપ મગ રેગસા	રાત્રીનો બીજો પ્રહર
૭૪	દેસી	આસાવરી	ઔડવ સંપૂર્ણ	પ	રે	ગ અને નિધ બન્ને	ગ ધ	૦	સા રે મ પ નિ સા'	સા' નિ ધ પ મ ગ રે સા	દિવસે બીજો પ્રહર
૭૫	ધનાશ્રી	કાફી	ઔડવ સંપૂર્ણ	પ	સા	નિ ગ	રે ધ	૦	સા ગ મ પ નિ સા'	સા' નિ ધ પ મ ગ રે સા	દિવસે બીજો પ્રહર
૭૬	ધાની	કાફી	ઔડવ	ગ	નિ	ગ નિ	રે ધ	રે ધ	સાગ મપ નિસા'	સા' નિપ મગ સા	સર્વકાલિક
૭૭	નટ	બિલાવલ	સંપૂર્ણ ઔડવ	મ	સા	૦	૦	ધ ગ	સા રે ગ મ પ ધ નિ સા'	સા' નિ પ મ રે સા	રાત્રીનો બીજો પ્રહર
૭૮	નટ બિલાવલ	બિલાવલ	ષાડવ સંપૂર્ણ	મ	સા	બન્ને નિ	રે	૦	સાગમ પમગ મપધનિસા'	સા'નિધનિપ મગ મરેસા	દિવસે બીજો પ્રહર
૭૯	નટ બિહાગ	બિલાવલ	ષાડવ સંપૂર્ણ	સા	પ	૦	ધ	૦	સા રે ગ મ પ ધ નિ સા'	સા' નિપધમ પમગરેસા	રાત્રીનો પ્રથમ પ્રહર
૮૦	નટ મલ્હાર	કાફી	સંપૂર્ણ	મ	સા	ગ નિ બન્ને	૦	૦	સા રે ગ મ રે ગ મ પ નિધસા'	સા' નિધ નિપ મગ મરેસા	વર્ષાકાળ
૮૧	નંદ	કલ્યાણ	ષાડવ સંપૂર્ણ	સા	પ	બન્ને મં	રે	૦	સા ગ મ પ ધનિપ ધમપસા'	સા'નિધપ મ'પગમ રેસા	રાત્રીનો બીજો પ્રહર
૮૨	નાયકી કાનડા	કાફી	ષાડવ	મ	સા	ગ અને બન્ને નિ	ધ	ધ	સા રે ગ મ પ નિ સા'	સા'નિપમપ ગમરેસા	મધ્ય રાત્રી
૮૩	નાગ સ્વરાવલી	ખમાજ	ઔડવ	મ	સા	૦	રે નિ	રે નિ	સાગ મપ ધસા'	સા'ધપમ પગ મગસા	રાત્રીનો બીજો પ્રહર
૮૪	નાટ કુરંજિકા	ખમાજ	ષાડવ	સા	મ	નિ	પ	પ	નિંસા ગમ ધનિસા'	રે'નિસાંધમ ગમરેસા	રાત્રીનો બીજો પ્રહર
૮૫	નારાયણી	ખમાજ	ઔડવ ષાડવ	રે	પ	નિ	ગ નિ	ગ	સા રે મ પ ધ સા'	સા' નિ ધ પમ રેસા	રાત્રીનો બીજો પ્રહર
૮૬	નીલાંબરી	કાફી	ઔડવસંપૂર્ણ	રે	પ	ગ નિ બન્ને	ગ નિ	૦	સા રે મ પ ધ સા'	સા' નિ ધપ મગ રેસા	રાત્રીનો બીજો ...

સબળાથી સૌ કો' બીએ, નબળાને જ નડાય;
વાઘ તણો માગે નહિ, ભોગ ભવાની માય.

નાની આવકમાં મોટા કુટુંબની જવાબદારી અને અન્ય સાંસારિક ઉપાધિઓથી વાજ આવી ગએલા એક ભક્તે શ્રી રમણ મહર્ષિ આગળ પોતાનું દુઃખ રડતાં અકળાઈને કહ્યું : 'આના કરતાં તો આ જિંદગીનો અંત લાવવાનું મન થાય છે.' મહર્ષિ તે વેળા પાંદડાંની પત્રાવળીઓ બનાવી રહ્યા હતા. તેમણે કહ્યું : 'પહેલાં આ પત્રાવળીઓ ઊકરડે ફેંકી આવ. પછી આપણે વાત કરીએ.' એ સાંભળી સ્તબ્ધ થએલા ભક્તે કહ્યું : 'આપે આટલા શ્રમથી બનાવેલી પત્રાવળીઓ વાપર્યા વિના જ ઊકરડે ફેંકી દેવાનો શો અર્થ?' મહર્ષિએ હસીને કહ્યું : 'તો પછી આપણને મળેલા અલભ્ય જીવનનો યોગ્ય ઉપયોગ ન કરતાં તેનો અંત આણવાનો વિચાર મૂર્ખાઈ નથી?' અને પેલા નૈરાશ્યવાદી ભક્તનો જીવન પ્રત્યેનો દૃષ્ટિકોણ બદલાઈ ગયો.

ગણિતગમ્મત : ૩$\frac{૧}{૩}$, ૧$\frac{૩}{૭}$, ૧$\frac{૨૧}{૭૯}$ અને ૧$\frac{૧૬૫૯}{૮૩૪૧}$ એ ચાર સંખ્યાઓ એવી છે કે પહેલી બેનો સરવાળો ને ગુણાકાર સરખા થશે. પહેલી ત્રણનો સરવાળો ને ગુણાકાર સરખા થશે, અને એ ચારેયનો સરવાળો ને ગુણાકાર પણ સરખા થશે. એટલું જ નહિ, પણ એ છેલ્લે આવતી ૭$\frac{૩૧૩૫૯૬૭}{૧૩૮૩૭૭૧૯}$ રકમના પરિણામમાં ૧૦^{૮} આવશે. જુઓ. ૧૩૮૩૭૭૧૯×૭+૩૧૩૫૯૬૭=૧૦૦૦૦૦૦૦૦. (મ. ના. ખત્રી)

અનેકાર્થી શબ્દ : **મૃગ** = હરણ; પશુ; પાંચમું નક્ષત્ર મૃગશીર્ષ; પિંગળશાસ્ત્રનો ૩૭ અક્ષરનો એક છંદ; કામશાસ્ત્ર અનુસાર અમુક વિશિષ્ટ લક્ષણો ધરાવતો પુરુષ; યજ્ઞનો એક પ્રકાર; હાથીનો એક લાક્ષણિક પ્રકાર, ઘોડાને થતો એક રોગ; વૈષ્ણવના તિલકનો એક પ્રકાર.



ગાંધી જન્મશતાબ્દી વર્ષની લાંબી ઉજવણી દરમિયાન અનેક માધ્યમો દ્વારા ગાંધીજીના જીવન અને કાર્યનો પરિચય આપ્યા બાદ પશ્ચિમ જર્મનીની રાજધાની બૉનમાં એક માર્ગને 'ગાંધીસ્ટ્રાસે' (ગાંધી-શેરી) નામ આપી એમની એક કાયમી સ્મૃતિ રચવામાં આવી છે.

કહેવતોના અર્થ : 'ભૂખ્યો મહારાષ્ટ્રીય ગાવા બેસે, ને ભૂખ્યો ગુજરાતી ઊંઘે'-આ કહેવત પાછળ તે તે પ્રજાની સ્થૂલ ખાસિયત દ્વારા તેના ગુણદોષનું નિદર્શન છે : બેરોજગારી જેવી આપત્તિ આવી પડતાં પુરુષાર્થમાં માનનારો મહારાષ્ટ્રી કોઈ પણ ઉદ્યમ કે કાર્યમાં પ્રવૃત્ત થાય, જ્યારે સામાન્યતઃ સુખચાહક ગણાતો ગુજરાતી આળસમાં ઊંઘે.



જાડા વાંસની એક કાતળીની પોણા તથા પા ભાગની બે ઊભી ફાડ કરી, ઘસી સાફ કરીને, ચિત્ર પ્રમાણે લાકડાના નાજુક પાયા ને ઉપર બાર લગાડી દેવાથી દેખાવડી ડાબલી તૈયાર થશે. (પુ. પ્રા. સંઘવી)

એરોપ્લેન કેમ ઊડે છે : બહુ જાડો નહિ એવો એક કાગળ લઈ, તેની ઘડી વાળી, નીચેના ચિત્રમાં બતાવ્યા મુજબ તેનો અરધો ભાગ



ચોપડીમાં પૂઠા નીચે દબાવી, બાકીનો અરધો ભાગ પૂઠા પર વાળી દો. હવે ચોપડીની સામે લીટીથી બતાવેલી દિશામાં જોરથી પવન ફૂંકશો તો ઉપરના કાગળ નીચે પવન મુદ્દલ વાતો ન હોવા છતાં પણ તે ઊંચકાશે. (જુઓ : આ અંકની માધુકરીમાં આ વિષયનો લેખ)

અગાઉ હિંદમાં નાણાંનો દુકાળ કદી નથી પડેલો. અંગ્રેજોના આગમન વખતે અહીં ૧૩૯ પ્રકારની 'સોનામહોરો', ૬૧ પ્રકારના સોનાના 'હોન' (જે દક્ષિણ ભારતમાં વપરાતા અને 'પેગોડા' નામથી પણ ઓળખાતા), ૫૮૦ પ્રકારના ચાંદીના 'રૂપિયા'ને ૨૧૪ પ્રકારના પરદેશી સિક્કા પ્રચલિત હતા.

પશ્ચિમમાં યુદ્ધવીરોની સ્મારક-પ્રતિમાઓ રચવામાં એવી પ્રણાલિકા ચાલી આવેલી છે કે જો તે વીરનું મૃત્યુ 'સામાન્ય રીતે' થયું હોય તો સ્મારકમાં તેના વાહન અશ્વના ચારે પગ સરખા રખાય, જો તે યુદ્ધ દરમ્યાન મૃત્યુ પામે તો તેના અશ્વનો એક પગ અધ્ધર રખાય અને જો તે યુદ્ધ દરમ્યાન ઝપાઝપીમાં ખપી ગયો હોય તો અશ્વના બંને પગ અધ્ધર રખાય.


પરંતુ હવે તો યુદ્ધમાં અશ્વનું સ્થાન મોટર કે ટૅન્કે લીધેલું હોઈ હવે પછીના યુદ્ધવીરના સ્મારકોની પ્રતિમાઓમાં શું થશે?



બ્રિટનની નાતાલ નિમિત્તની આ ખાસ ટપાલટિકિટો પાઉન્ડ-શિલિંગ-પેન્સના જૂના ચલણ મુજબની છેલ્લી નાતાલટિકિટો છે. તેના પર 'દ' લિસ્લે સાલ્ટર' નામે ઓળખાતી એક ૧૩મી સદીની હસ્તલિખિત પ્રાર્થનાપોથીમાંનાં 'ઇસ્ટ ઍંગ્લિયા' નામની કલાશૈલીનાં ચિત્રો પરથી સૅલી સ્ટિફે કરેલાં આલેખનો છે. ('કુમાર' માટે ખાસ મોકલનાર રમણિકલાલ સોલંકી-લંડન)



કલાકણિકા : લગભગ ૧૫મી સદી પહેલાંના એક બીબાંની કાપડ પરની છાપ. મદ્રાસ તરફ એ કાળે આ રીતે છાપેલા ભાતીગળ કાપડની કળા સારી વિકાસ પામેલી હતી.



તડકો (ફોટો : આર. આર. ભારદ્વાજ) તડકાની હૂંફ દ્વારા આવકારની ઉષ્મા દાખવતા દ્વારદેશનું આ સાદું પણ સુંદર ચિત્રસંયોજન એ તડકા-છાયાનો કોણ, ભીંતે જડેલા આરસપહાણની રેખ ને ભોંયે જડેલી લાદીની ભાત પ્રકટ કરવા સાથે જોનારની નજરને પોતાના કેન્દ્રસ્થાને દોરી જાય છે. અને બંધ છતાં યે આવકારતા પ્રવેશદ્વારનું ગૌરવ પ્રકટ કરે છે.